॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

वडतालधाम द्विशताब्दी ग्रंथमाला-३

# સદ્.શ્રી નિષ્કુળાનંદ સ્વામી



: લેખક :

સદ્ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી - વડતાલધામ
(સાહિત્ય - વિશારદ)

: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલધામ







શ્રી રણછોડરાયજી, શ્રી લક્ષ્મીનારાયણ દેવ - વડતાલધામ

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડલાધામ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૩

# સદ્‌ગુરુવર્ય શ્રીનિષ્કુળાનંદ સ્વામી

-: લેખક :-


સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

"શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ"


શ્રીલક્ષ્મીનારાયણદેવ ગાદી પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની

આજ્ઞાથી


-: પ્રકાશક :-

વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્યકોઠારીશ્રી પ.પૂ.સ.ગુ. શા. સ્વા. શ્રી સંતવલ્લભદાસ

(Ph.D., D.Litt.)

વડતાલ-સંસ્થાન

વડતાલધામ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૩

***ગ્રંથ : "સદ્‌ગુરુવર્ય શ્રીનિષ્કુળાનંદ સ્વામી"***

***લેખક :*** સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી – વડતાલધામ

***સંપાદક :*** સ્વામી શ્યામવલ્લભદાસજી – વડતાલધામ

***પ્રકાશક :*** શ્રી સ્વામિનારાયણ મંદિર – વડતાલધામ

***પ્રથમ આવૃત્તિ :*** એક હજાર

***મૂળ કિંમત :*** ₹૪૦/-

***વેચાણ કિંમત :*** સૌજન્યને આભારી ₹૩૦/-

***સૌજન્ય :*** એક હરિભક્ત

***પ્રાપ્તિ સ્થાન :*** શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ

***મુદ્રક :*** શ્રીજી આર્ટ, અમદાવાદ

ફોન. (૦૭૯) ૨૬૪૪૧૫૨૨ (મો.) ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬

**E-mail :** shreejiart@gmail.com. **Web :** www.shreejiarts.org

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी

संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ५/२०७८ ता.०२-१२-२०२२

## આશીર્વાદપત્ર

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ ***પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી***ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ.આપણા વડતાલ મંદિરમાં નિત્ય પ્રાતઃકથા કરી રહેલા વિદ્વાન ***સંત બ્રહ્મસ્વરૂપ સ્વામી***એ આ સંપ્રદાયને પૂર્વે પણ વિપુલ સાહિત્ય આપેલું છે. તેમની શૈલી સરળ અને રસાળ છે. સત્સંગને પોષણ મળે, એવી તેમની કલમ છે. આજે એમણે સંપ્રદાયમાં વૈરાગ્ય મૂર્તિના નામે પ્રસિદ્ધ નંદ સંત ***"શ્રી નિષ્કુળાનંદ સ્વામી"*** ના જીવનની સંક્ષિપ્ત પુસ્તિકા તૈયાર કરી છે. અમે આશા રાખીએ છીએ કે, પુસ્તિકા દ્વારા સત્સંગીઓને એક નંદ સંતના જીવન વિશે જાણવા મળશે, ત્યાગી મુમુક્ષુઓને પ્રેરણા મળશે.

આથી અમો વડતાલ વિહારી શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી લક્ષ્મીનારાયણ દેવનાં ચરણ-કમળમાં પ્રાર્થના કરીએ છીએ કે, આ પુસ્તકનાં પ્રકાશનમાં જેમણે જેમણે તન-મન-ધનથી સેવા આપી છે તે સૌ ભક્તજનોનું ભગવાન મંગળ વિસ્તારે તેવી પ્રાર્થના સહ અમારા ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજ શ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हारिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिंप्रणमाम्यह त्वाम् ॥

# પ્રસ્તાવના

હે વહાલા સંતો-ભક્તો ! આપણા સંપ્રદાયનું પરમ સૌભાગ્ય છે કે, આપણને નિષ્કુળાનંદ સ્વામી જેવા મહાપુરુષ મળ્યા છે.

પૂજ્યપાદ સ્વામીએ અનેક ગ્રંથો લખી આપીને સંપ્રદાયને ભક્તિરસામૃતનો રસથાળ તૈયાર કરી આપ્યો છે, તે વડે સંપ્રદાયના અનેકાનેક આશ્રિતો તૃપ્તિનો ઓડકાર ખાઈને ભગવાન શ્રી સ્વામિનારાયણનો રાજીપો મેળવી આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરી રહ્યા છે.

હે વાચક ભક્તો ! વડતાલધામમાં દરરોજ સવારે સભામંડપમાં કથા-વાર્તા સંભળાવી સૌનો રાજીપો મેળવતા એવા બ્રહ્મસ્વરૂપ સ્વામીએ પૂજ્યપાદ સદ્ગુરુવર્ય નિષ્કુળાનંદ સ્વામીનું જીવન-ચરિત્ર આલેખીને સંપ્રદાયની સાહિત્ય-સેવામાં ઉમેરો કર્યો છે.

પૂજ્ય સ્વામીની સરળ ભાષા અને બોધગમ્ય શૈલી સત્સંગમાં લોકપ્રિય છે. તેમની કલમે ૨૩ પુસ્તકો લખાયા છે અને પ્રકાશિત થયા છે પરંતુ આજે જે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તેનો અમને વિશેષ આનંદ છે. કારણ કે આ પુસ્તક વડતાલ ગાદીના વર્તમાન યશસ્વી આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી ગાદીપદારૂઢ થયા તેના ૨૦ વર્ષના ઉત્સવ પ્રસંગે પ્રકાશિત થઈ રહ્યું છે. અને બીજું કારણ એ છે કે, સ્વયં શ્રીહરિએ સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલ ઉપાસ્ય-ધ્યેય સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ એવં મહાપ્રતાપી શ્રીલક્ષ્મીનારાયણદેવના ૨૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે

તેના દ્વિશતાબ્દી ઉપક્રમે શરૂ કરવામાં આવેલ ''વડતાલધામ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૩'' ના તૃતીય પુષ્પરૂપે પ્રકાશન થઈ રહ્યું છે.


વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ વગેરે દેવો તથા આચાર્ય મહારાજશ્રી તેમજ દરેક સંતો-ભક્તો આ ગ્રંથના લેખક બ્રહ્મસ્વરૂપ સ્વામી ઉપર કાયમ માટે રાજી રહે એવી પ્રાર્થના સાથે સૌ વાચકોને જય શ્રી સ્વામિનારાયણ.

*લિઃ*

| *ચેરમેનશ્રી* | *મુખ્ય કોઠારીશ્રી* |
|---|---|
| સ્વામી દેવપ્રકાશદાસજી | શાસ્ત્રી સંતવલ્લભદાસજી |

તા. ૧૫-૧૦-૨૦૨૨

સંવત ૨૦૭૮ આસો વદ છઠ



## લેખક તરફથી ......

હે વ્હાલા સંતો–ભક્તો !

સત્સંગની મા એટલે મુક્તાનંદ સ્વામી

મૂળ અક્ષરમૂર્તિ એટલે ગોપાળાનંદ સ્વામી

યતિરાજશ્રી એટલે બ્રહ્માનંદ સ્વામી

પંડીતવર્ય એટલે નિત્યાનંદ સ્વામી

ઐશ્વર્યમૂર્તિ એટલે સચ્ચિદાનંદ સ્વામી

જ્ઞાનમૂર્તિ એટલે સ્વયંપ્રકાશાનંદ સ્વામી

ધ્યાનમૂર્તિ એટલે શતાનંદ (સંતદાસ) સ્વામી

પ્રેમમૂર્તિ એટલે પ્રેમાનંદ સ્વામી

શ્રીજી સેવા મૂર્તિ એટલે મૂળજી બ્રહ્મચારી

ધર્મ મૂર્તિ એટલે આત્માનંદ સ્વામી

આજ્ઞામૂર્તિ એટલે કૃપાનંદ સ્વામી

આત્મનિષ્ઠ મૂર્તિ એટલે સ્વરૂપાનંદ સ્વામી

પત્રલેખન મૂર્તિ એટલે શુકાનંદ સ્વામી

અખંડમૂર્તિ ધારક એટલે સિદ્ધાનંદ સ્વામી

વૈરાગ્યમૂર્તિ એટલે નિષ્કુળાનંદ સ્વામી

હે વહાલા વાચકો ! સ્વયં પરમાત્મા શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુએ જેમને વૈરાગ્યમૂર્તિ કહીને નવાજ્યા હતા – બીરદાવ્યા હતા. એવા સદ્‌ગુરુવર્ય શ્રી નિષ્કુળાનંદ સ્વામીનું જીવન ચરિત્ર આલેખવાનું મને સદ્‌ભાગ્ય સાંપડ્યું એને હું મારું પરમ સૌભાગ્ય સમજું છું.

આ પુસ્તક પ્રકાશન કરવા બાબત રાજીપો દર્શાવ્યો એ બદલ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા વડતાલ મંદિરના ચેરમેન સદ્. કો. શ્રી દેવપ્રકાશ સ્વામી તથા મુખ્ય કોઠારી શાસ્ત્રી શ્રી સંતવલ્લભ સ્વામીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ સિવાય આ નાનકડા પુસ્તકનું સંપાદન કરનાર અમારા મંડળના શ્યામવલ્લભ સ્વામી તથા આ પુસ્તકનુ સૌજન્ય સ્વીકારનાર એક હરિભક્તનો પણ હું અભાર છું.

આ પુસ્તક લખવા વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીલક્ષ્મીનારાયણ – આદિક દેવો, સર્વે સંતો–પાર્ષદો તેમજ સર્વે હરિભક્તો, બહેનો અને ભાઈઓનો રાજીપો ઈચ્છું છું.

*લિ :* સત્સંગ સેવક સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ
તા. ૯–૧૦–૨૦૨૨, આસુ સુદ શરદ પૂર્ણિમા



## પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી - એક પરિચય

- આપશ્રી ગાદી પદારૂઢ થયા તેના ૨૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે આપના ગાદીકાળની આછેરી માહિતી સત્સંગ સમક્ષ મુકતા આનંદ થાય છે.
- આપશ્રી સત્સંગ મહાસભાનો પ્રયાસ, સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી અને શ્રી કષ્ટભંજન દેવના આશિષ સાથે તા. ૩૧–૧–૨૦૦૩, સંવત્–૨૦૫૯, પોષ વદ–૧૪ ના રોજ વડતાલવાસી શ્રીલક્ષ્મીનારાયણદેવ ગાદી પર આરૂઢ થયા.
- આપશ્રી દીક્ષા અને પ્રતિષ્ઠા દ્વારા આ બૃહદ સત્સંગનું સદૈવ પોષણ કર્યું છે. સન ૨૦૦૩ થી ૨૦૨૨ કારતક માસ સુધી – ૮૨૦ સંતોને દીક્ષા પ્રદાન કરવાનું સૌભાગ્ય આપના મસ્તકે લખાયુ છે, તે મૂળ સંપ્રદાય માટે ગૌરવની વાત છે, આપના સ્નેહાળ સ્વભાવના કારણે હાલમાં આપની સાથે ૧૨૬૧ ઉપરાંત સંતો, ૬૦૮ ઉપરાંત પાર્ષદો અને ૧૯ ઉપરાંત બ્રહ્મચારી છે.
- આપે હરિમંદિર/શિખરબંધ મંદિર ૪૯૭ પ્રતિષ્ઠાઓ કરી છે. જેમાં નવા મંદિર તથા જીર્ણોદ્ધાર થયેલ મંદિરોમાં પુનઃપ્રતિષ્ઠા પણ સામેલ છે.
- આપ સતત સખત વિચારશીલ રહો છો. કથા–પારાયણો–શાકોત્સવો, પાટોત્સવ, ખાતમુહૂર્ત, ઉદ્ઘાટન, રંગોત્સવ વગેરેની નોંધ કરીએ તો ૧૧,૫૪૩ ઉપરાંતની નોંધ છે. નાના–મોટા પ્રસંગો વણનોંધાયેલા પણ અગણિત છે.
- આપે આશરે ૬૯,૮૭૭ ઉપરાંત ભક્તોને ત્યાં પગલા કર્યાં છે.
- અને હા, સત્સંગનો વારસો લઈને વિદેશ વસેલા ભક્તોને પણ આપ ભુલ્યા નથી. યુ.કે.–૭, કેનેડા–૪, આફ્રિકા–૨ (કેન્યા, યુગાન્ડા, તાન્ઝાનીયા), ઓસ્ટ્રેલીયા–૪, દુબઈ–૩(૭ દેશો), બહરિન–૧, અમેરિકા–૨૯ સત્સંગ યાત્રાઓ કરી છે.

- અમેરિકા, ઓસ્ટ્રેલીયા, કેનેડા, યુ.કે. અને આફ્રિકામાં સત્સંગ મંડળ અને સંતો દ્વારા થયેલા મંદિરોનાં નિર્માણ કાર્યમાં આપના આશીર્વાદ રહ્યા છે.
- આપે ૨૭૫૮ ઉપરાંત ગામડાઓમાં સત્સંગ વિચરણ, ૮ ઉપરાંત સંતોની શિબિરો, ૬૩ ઉપરાંત બાળ–યુવા તથા પ્રૌઢ ભક્તોની શિબિરોમાં માર્ગદર્શન આપીને ભાવી ઘડતરની ચિંતા કરી છે.
- સત્સંગના ગૌરવ સમાન મોટા મોટા સમૈયા શ્રી હરિકૃષ્ણ મહારાજ, ૧,૨,૩, શ્રી રઘુવીરજી મહારાજ, ધોલેરાધામ, સારંગપુરધામ, નીલકંઠધામ, જૂનાગઢધામ, ગઢપુરધામ, સુવર્ણ શિખર, સુવર્ણ મંદિર ઉદ્‌ઘાટન, રૂસ્તમબાગ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ, વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ, સરધાર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ, અમદાવાદ–ગાદી પદારૂઢ ષષ્ઠીપૂર્તિની શોભા વધારી છે. સેવકોને હુંફ બળ આપીને પ્રોત્સાહિત કર્યા છે. તેમજ અનેક ધર્માચાર્યો અને સામાજીક, રાજકીય, યુવા મહાનુભાવો સાથે સૌજન્ય મુલાકાતો કરીને પરસ્પર સંવાદ સ્થાપિત કર્યો છે. આપશ્રીની આજ્ઞાનુસાર પૂ. ગાદીવાળાશ્રીએ ૨૪૬ ઉપરાંત ત્યાગી બહેનોને દીક્ષા આપી. અત્યારે હાલમાં પૂ. ગાદીવાળાશ્રી પાસે ૪૨૭ ઉપરાંત સાંખ્યયોગી માતાઓ છે.
- પૂ. ગાદીવાળા દ્વારા સુરત–૩, માલસર–૧, દ્રોણેશ્વર–૧ તથા ચારધામ–૧, વડતાલ–૧, નૈમિષારણ્ય શિબિર, સારંગપુર–૧, દુબઈ–૧, એવું સુરતમાં ભવ્ય શાકોત્સવ આ સાથે સત્સંગ શિબિર, કથાપારાયણ, મહામહોત્સવ એવં સેંકડો ગામડાઓની સભાઓમાં હાજરી આપી સત્સંગનું સંવર્ધન કરેલ છે.
- આપના ગાદીકાળના સુવર્ણકાર્યો બદલ અમો આપને શતશત વંદન સહ અભિનંદન પાઠવીએ છીએ.

સાહિત્ય પ્રકાશન સમિતિ વતી

સાધુ શુકદેવપ્રસાદદાસના જય શ્રી સ્વામિનારાયણ.

## *સમર્પણ*

***વડતાલધામ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮***

***આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી !***

આપશ્રીએ ધર્મધુરા સંભાળી તેના ૨૦ વર્ષ પૂર્ણ થયા એ નિમિત્તે આ પુસ્તક આપશ્રીને અર્પણ કરું છું.

*લિ : બ્રહ્મસ્વરૂપદાસના દંડવત્ સહિત*

*જય શ્રી સ્વામિનારાયણ.*

## "આભારના અધિકારીઓ"

ભગવાન શ્રી સ્વામિનારાયણની **અસીમ કૃપાથી** તથા

**અ.નિ. સ.ગુ. શા. સ્વામી શ્રી કૃષ્ણજીવનદાસજી**

મેતપુરવાળાના **શુભઆશીર્વાદથી**

એવં

**પ.પૂ.સ.ગુ. સ્વામી શ્રી ગોવિંદપ્રસાદદાસજી**

મેતપુરવાળાની **શુભપ્રેરણાથી**

**''એક હરિભક્ત''**

તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે.

આ અવસરે **શ્રીહરિજી મહારાજ** આ પરિવારનું સમગ્ર મંગલ વિસ્તારો એ જ હાર્દિક પ્રાર્થના.

**– સત્સંગ સેવક સાધુ શ્યામવલ્લભદાસના**

**જય શ્રી સ્વામિનારાયણ**

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૧. | મંગલાચરણ | ૦૧ |
| ૨. | જામ રાવળે રાજ્યની સ્થાપના કરી | ૦૧ |
| ૩. | શેખપાટમાં મહામુક્તનો જન્મ | ૦૨ |
| ૪. | ગુરુદેવ આત્માનંદ સ્વામીની આજ્ઞા | ૦૩ |
| ૫. | શેખપાટમાં રામાનંદ સ્વામી | ૦૪ |
| ૬. | લાલજી ભક્તને કથા-વાર્તાનું તાન | ૦૪ |
| ૭. | વર્ણીરાજનું ઐશ્વર્ય | ૦૬ |
| ૮. | વર્ણીરાજનાં દર્શને જવાની આજ્ઞા | ૦૭ |
| ૯. | શેખપાટથી ભુજ ગયા | ૦૮ |
| ૧૦. | વર્ણીરાજનો સર્વોપરી મહિમા કહ્યો | ૦૯ |
| ૧૧. | પટારો ને ડામચિયાની ભેટ | ૧૦ |
| ૧૨. | લાલજી ભક્ત બેભાન બન્યા | ૧૧ |
| ૧૩. | શેખપાટમાં વસંત-પંચમીનો ઉત્સવ | ૧૩ |
| ૧૪. | શેખપાટમાં વસંતનું પૂજન | ૧૪ |
| ૧૫. | શેખપાટમાં રંગની રેલમછેલ | ૧૫ |
| ૧૬. | શેખપાટ ગામનો મહિમા | ૧૭ |
| ૧૭. | પ્રસાદીનાં સ્થાનનો મહિમા | ૧૮ |
| ૧૮. | ઉત્તમ વક્તા ને ઉત્તમ શ્રોતા | ૧૯ |
| ૧૯. | તમને લૂંટતા નથી આવડતું ! | ૨૦ |

| | | |
|---|---|---|
| ૨૦. | સાગરનું પાણી મીઠું કર્યું ! | ૨૨ |
| ૨૧. | ચરણમાં સોળ ચિહ્નો જોયાં | ૨૪ |
| ૨૨. | શ્રીહરિએ સર્વોપરીતા કહી | ૨૫ |
| ૨૩. | ધાર્યું નામ તે નિષ્કુળાનંદ | ૨૬ |
| ૨૪. | ધન્ય ધન્ય તેનો વૈરાગ્ય | ૨૭ |
| ૨૫. | જાવ ભરથરી જેવું કરો | ૨૮ |
| ૨૬. | કંકુબાઈ મારા માટે મા સમાન | ૨૯ |
| ૨૭. | શ્રીહરિજી તરફથી વરદાન | ૩૦ |
| ૨૮. | સંપ્રદાયનો સૌ પ્રથમ ગ્રંથ | ૩૨ |
| ૨૯. | સ્વામીની વૈરાગ્યસભર વાણી | ૩૩ |
| ૩૦. | માતા પાસેથી ભિક્ષા લેવા આવ્યા | ૩૪ |
| ૩૧. | સ્વામીને સંસારી બનાવવાના પ્રયત્નો | ૩૬ |
| ૩૨. | વૈરાગ્યમૂર્તિનું વિશેષણ | ૩૭ |
| ૩૩. | કારિયાણીનો પ્રસંગ | ૩૮ |
| ૩૪. | સુખી તો એવા જ હશે ને ? | ૩૯ |
| ૩૫. | સ્વામીને થાળની પ્રસાદી આપી | ૪૦ |
| ૩૬. | નિષ્કુળાનંદ સ્વામી અક્ષર-ઓરડીમાં | ૪૧ |
| ૩૭. | ધામમાંથી આવવાના છ હેતુઓ | ૪૨ |
| ૩૮. | નિષ્કુળાનંદ સ્વામીને યથાર્થ મહિમા સમજાયો | ૪૩ |
| ૩૯. | નિષ્કુળાનંદ સ્વામીના વૈરાગ્યની છટા | ૪૪ |
| ૪૦. | સ્વામીની વ્યવહારીક કળાઓનાં દર્શન | ૪૬ |

| | | |
|---|---|---|
| ૪૧. | મણિ છે, પણ રજે ભીંજાયેલ છે | ૪૭ |
| ૪૨. | દ્રાક્ષના ડબાનો ઘા કર્યો ! | ૪૮ |
| ૪૩. | રતનો કડિયો રીસાયો | ૪૯ |
| ૪૪. | માયાના ડગાવ્યા ડગે ખરા ? | ૫૦ |
| ૪૫. | મહંતાઈ માટે દોડાદોડી કરનારાઓને પ્રેરણા | ૫૧ |
| ૪૬. | ભરતજીનો પ્રસંગ | ૫૩ |
| ૪૭. | શરભંગ ઋષિનો અવતાર નિષ્કુળાનંદ સ્વામી | ૫૪ |
| ૪૮. | બરફીને તોપના ગોળા માનતા ! | ૫૫ |
| ૪૯. | ભૂખરૂપી કૂતરી પેટમાં પેઠી છે | ૫૬ |
| ૫૦. | નિષ્કુળાનંદ સ્વામીની સાહિત્ય સેવા | ૫૮ |
| ૫૧. | યમદંડ : સં. ૧૮૬૦ – ઈ.સ. ૧૮૦૪ | ૫૯ |
| ૫૨. | સ્વામીને સાહિત્ય રચવાની આજ્ઞા | ૬૦ |
| ૫૩. | પુરુષોત્તમ પ્રકાશ : સં. ૧૮૮૭ | ૬૧ |
| ૫૪. | સ્નેહ ગીતા : સંવત્ ૧૮૭૨ – ઈ.સ. ૧૮૧૬ | ૬૩ |
| ૫૫. | વચનવિધિઃ | ૬૪ |
| ૫૬. | સારસિદ્ધિ | ૬૫ |
| ૫૭. | ભક્તિનિધિઃ સંવત્ ૧૯૦૨ – ઈ.સ. ૧૮૪૬ | ૬૬ |
| ૫૮. | હરિબળગીતા : સંવત્ ૧૮૯૮ – ઈ.સ. ૧૮૪૨ | ૬૮ |
| ૫૯. | હૃદયપ્રકાશ : સંવત્ ૧૮૯૬ – ઈ.સ. ૧૮૪૦ | ૬૯ |
| ૬૦. | ધીરજાખ્યાન : સંવત્ ૧૮૯૯ – ઈ.સ. ૧૮૪૩ | ૭૦ |
| ૬૧. | હરિસ્મૃતિઃ | ૭૧ |
| ૬૨. | ચોસઠપદી | ૭૨ |

| | | |
|---|---|---|
| ૬૩. | મનગંજન : સંવત્ ૧૮૭૧ – ઈ.સ. ૧૮૧૫ | ૭૪ |
| ૬૪. | ગુણગ્રાહક | ૭૫ |
| ૬૫. | હરિવિચરણ | ૭૬ |
| ૬૬. | અરજી વિનય | ૭૭ |
| ૬૭. | કલ્યાણ નિર્ણય | ૭૮ |
| ૬૮. | અવતાર ચિંતામણિ | ૭૯ |
| ૬૯. | ચિહ્ન ચિંતામણિ | ૭૯ |
| ૭૦. | પુષ્પ ચિંતામણિ | ૮૦ |
| ૭૧. | લગ્ન શકુનાવલિ: સં. ૧૮૮૩ – ઈ.સ. ૧૮૨૭ | ૮૦ |
| ૭૨. | વૃત્તિવિવાહ | ૮૧ |
| ૭૩. | શિક્ષાપત્રી ભાષા | ૮૨ |
| ૭૪. | ભક્ત ચિંતામણિ: સંવત્ ૧૮૮૭ – ઈ.સ. ૧૮૩૧ | ૮૨ |
| ૭૫. | નિર્બંધતા અને સજાગતા | ૮૪ |
| ૭૬. | જેવા વૈરાગી એવા જ પ્રેમી | ૮૫ |
| ૭૭. | નિષ્કુળાનંદ સ્વામીનું ધામ–ગમન | ૮૬ |
| ૭૮. | નાના ગોવિંદાનંદ સ્વામી : સંવત્ ૧૮૫૬ | ૮૮ |
| ૭૯. | સિંહના તો સિંહ જ હોય | ૮૯ |
| ૮૦. | માધવજીમાંથી ગોવિંદાનંદ સ્વામી | ૯૦ |
| ૮૧. | સારંગપુરમાં આરતી ઉતારવા બાબત | ૯૨ |
| ૮૨. | ગોવિંદાનંદ સ્વામી અક્ષરધામમાં પધાર્યા | ૯૪ |
| ૮૪. | ઉપસંહાર | ૯૫ |

***શ્રીહરિકૃષ્ણાય નમઃ***

***લેખન પ્રારંભ : વિ.સં. ૨૦૭૭ અષાઢ સુદ પૂનમ,***
***ગુરૂપૂર્ણિમા, તા. ૨૪-૭-૨૦૨૧***

## ***સદ્ગુરૂવર્ય શ્રીનિષ્કુળાનંદ સ્વામી***

''સર્વાવતાર ધર્તારં ભુક્તિમુક્તિ પ્રદાયકમ્;
વંદેઽહં સ્વેષ્ટદેવં તં હરિકૃષ્ણં મનોહરમ્.''

***''કામ દ્રવ્ય ને માન છે જેહ, તેહ સારું નથી ધાર્યો દેહ;***
***જ્ઞાન વૈરાગ્ય ઉરે અશેષ, એવા સંતને નામું હું શીષ.***
***તેજે તપે યશે સંત પૂરા, જ્ઞાનવાન શુદ્ધ બોધે શૂરા;***
***શુભ શીલ સુખના દાનેશ, એવા સંતને નામું હું શીષ.''***

– ભક્ત ચિંતામણિ પ્ર.૨

## ***જામ રાવળે રાજ્યની સ્થાપના કરી***

હે વ્હાલા સંતો–ભક્તો ! હાલાર પ્રદેશ એટલે વર્તમાન સમયમાં આવેલ જામનગર જિલ્લામાં આવેલાં ગામડાંઓનો સમુહ. જામ હાલાજીના નામ પરથી હાલાર નામ પડેલ છે. જામનગરનું ઐતિહાસિક નામ એટલે નવાનગર. પરંતુ કચ્છ પ્રદેશમાંથી આવેલા જામ રાવળે રંગમતી અને નાગમતી નદીના કિનારે ઈ.સ. ૧૫૪૦ સંવત્ ૧૫૯૬ ના શ્રાવણ સુદ સાતમને બુધવારના દિવસે આ નવાનગર રાજ્યની સ્થાપના કરી હતી, તેથી તેના નામ ઉપરથી જામનગર નામ પડેલ છે.

## શેખપાટમાં મહામુક્તનો જન્મ

આવા હાલાર પ્રદેશમાં અર્થાત્ જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં આવેલ શેખપાટ નામના નાના એવા ગામડામાં સંવત્ ૧૮૨૨ (ઈ.સ. ૧૭૬૬) ના મહા સુદ પાંચમ (વસંતપંચમી) ના પવિત્ર દિવસે એક મહામુક્ત પ્રગટ થયા એ જ આપણા સંપ્રદાયમાં વૈરાગ્યમૂર્તિ કહેવાતા એવા સદ્‌ગુરુવર્ય પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય નિષ્કુળાનંદ સ્વામી.

હે ભક્તો ! મહાપુરુષો માતા–પિતા તરીકે જેમની પસંદગી કરે એ નરનારી કોઈ સામાન્ય વ્યક્તિ ન હોય, અને જે સામાન્ય હોય એમને ત્યાં આવા મહાન સંતોનો જન્મ ન થાય. તો આવા અસાધારણ નર–નારી એટલે માતા અમૃતબા અને પિતા રામભાઈ અથવા રામજીભાઈ.

રામભાઈ જ્ઞાતિએ ગુર્જર સુથાર (સુતાર) હતા. તેમનું મૂળ વતન તો હાલાર પંથકમાં આવેલ લતીપુર ગામ હતું. પરંતુ ત્યાં પોતાના ગુરુ એવા સદ્‌ગુરુવર્ય આત્માનંદ સ્વામીની નિંદા થતી હોવાથી તેમજ દુર્જન લોકો દ્વારા ઉપદ્રવ થતો હોવાથી મૂળ વતનનો ત્યાગ કરી શેખપાટ ગામમાં કાયમ માટે રહેવા આવી ગયા હતા.

રામભાઈએ ગુરુ આત્માનંદ સ્વામીની સેવા કરીને રાજી કર્યા હતા, તેના કારણે સ્વામીએ અંતરથી આશીર્વાદ આપી ભવિષ્ય ભાખ્યું હતું કે, ‘રામભાઈ ! હું તમારા ઉપર પ્રસન્ન થઈને વરદાન આપું છું કે, તમારા ઘેર એક મહામુક્ત અવતાર ધારણ કરશે અને તે મહા–વૈરાગી થઈ અનેક મુમુક્ષુઓને મોક્ષના માર્ગે ચડાવશે.’

હે વાચકો ! વચનસિદ્ધ આત્માનંદ સ્વામીના આશિષ મુજબ જ અમૃતબાની કૂખે મહાપુરુષનો જન્મ થયો અને નામ પાડવામાં આવ્યું લાલજી. બાળપણથી જ લાલજીમાં તપ, ત્યાગ, વૈરાગ્ય અને જ્ઞાનની ઝલક જોવા મળતી હતી. વચનામૃતમાં શ્રીજી મહારાજે કહ્યું છે કે, 'સારો હોય તે તો બાળપણથી જ જણાઈ આવે, જીહ્‌વાનો સ્વાદિયો હોય નહિ, શરીરને દમ્યાં કરે વગેરે અર્થાત્ અનેક સદ્‌ગુણો બાળ ભક્ત લાલજીમાં જણાતા હતા.

## ગુરુદેવ આત્માનંદ સ્વામીની આજ્ઞા

હે ભક્તો ! સમય જતાં લાલજી ભક્તનાં લગ્ન જ્ઞાતિના રીત–રિવાજ મુજબ કંકુબાઈ નામની યુવતી સાથે થયાં, પરંતુ તેઓ સંસારનાં બંધનમાં બંધાયા નહિ. મહાવિદેહી ગણાતા જનક રાજાની જેમ સંસારમાં જળકમળવત્ રહીને અધ્યાત્મમાર્ગમાં આગળ વધવા લાગ્યા. પોતાના મિત્ર એવા ભાદરા ગામના મૂળજી ભગત (ભવિષ્યમાં સંતની દીક્ષા લેનાર ગુણાતીતાનંદ સ્વામી) સાથે સત્સંગ કરીને પ્રગટ પ્રભુનાં દર્શન અને સેવાની રાહ જોવા લાગ્યા.

એ સમયે વયોવૃદ્ધ થયેલા ગુરુદેવ આત્માનંદ સ્વામીએ પોતાના દરેક અનુયાયીઓને છત્રાસા ગામમાં એકઠા કરીને આજ્ઞા કરી કે, 'હવેથી મારા બધાજ શિષ્યોએ મારા સ્થાને ઉદ્ધવાવતાર એવા આ રામાનંદ સ્વામીની આજ્ઞામાં રહી તેમને ગુરુ માનીને તેમની આજ્ઞામાં રહી એમને રાજી કરવા.' આ પ્રમાણે આજ્ઞા કરી આત્માનંદ સ્વામીએ દેહનો ત્યાગ કર્યો. એ સમયે લાલજી ભક્તની ઉંમર નાની હતી.

## શેખપાટમાં રામાનંદ સ્વામી

ગુરુની આજ્ઞા મુજબ પિતા રામભાઈ સદ્‌ગુરુવર્ય રામાનંદ સ્વામીના શિષ્ય બન્યા અને તેઓની અનુવૃત્તિ મુજબ રહીને સેવા–સમાગમ કરવા લાગ્યા. સદ્‌ગુણોના સમુદ્ર સમાન સદ્‌ગુરુ રામાનંદ સ્વામી સંવત્ ૧૮૪૩ માં શેખપાટ પધાર્યા ત્યારે લાલજી ભક્તે સ્વામીનું શિષ્યત્વ સ્વીકારીને સ્વામીશ્રીના વરદ્ હસ્તે સત્સંગની પ્રાથમિક વર્તમાન દીક્ષા લીધી હતી. ત્યારબાદ રામાનંદ સ્વામીનું જીવન જોઈ લાલજી ભક્તને સ્વામી પ્રત્યે ભગવદ્‌ભાવ જાગ્રત થયો, તેથી ભગવાનની જેમ માનવા લાગ્યો.

હે ભક્તો ! શ્રીમદ્ ભાગવતના અગ્યારમાં સ્કંધમાં સ્વયં પરમાત્મા શ્રીકૃષ્ણે કહ્યું છે, ‘ઉદ્ધવજી મારા કરતા અણુમાત્ર ન્યૂન નથી, અર્થાત્ મારા સમાન છે.’ આ કથન મુજબ આત્માનંદ સ્વામીના શિષ્યો તેમજ રામાનંદ સ્વામીના શિષ્યો ઉદ્ધવજીના અવતાર એવા રામાનંદ સ્વામીને ભગવાન માની સેવા–સમાગમ કરવા લાગ્યા.

એકવાર લાલજી ભક્ત શેખપાટથી લોજપુર ગુરુ રામાનંદ સ્વામી પાસે ગયા અને દંડવત્ પ્રણામ કરી વિનંતી સહિત કહેવા લાગ્યા: ‘‘ગુરુદેવ ! મને દીક્ષા આપી સાધુ કરો.’’ ત્યારે મંદહાસ કરીને સ્વામીએ કહ્યું: ‘‘લાલજી ભક્ત ! તમારી માગણી સારી છે, પરંતુ અત્યારે સંસારમાં રહી ભજન–ભક્તિ કરો, સમય આવ્યે સાધુ કરીશું.’’

## લાલજી ભક્તને કથા-વાર્તાનું તાન

હે ભક્તો ! લાલજી ભક્તનાં લગ્ન કંકુબાઈ સાથે થઈ ગયા હોવાથી તેઓને બે સંતાનો થયાં. તેમાં મોટા પુત્રનું નામ

હતું માધવજી અને નાના પુત્રનું નામ હતું કાનજી. પોતાને બે સુપુત્રો થયા હોવા છતાં તેઓ સંસારનાં સુખોથી તેમજ પરિવાર પ્રત્યે અનાસક્ત રહેતા હતા. સંસારમાં હોવા છતાં પરમ વૈરાગીની જેમ અલિપ્ત રહેતા હતા, એવું એમનાં જીવન પરથી જાણવા મળે છે.

શેખપાટમાં પરમ વૈરાગી લાલજી સુતાર હતા એજ પ્રમાણે ભાદરામાં પણ પરમ વૈરાગી મૂળજી ભક્ત હતા ! બન્ને રામાનંદ સ્વામીના શિષ્યો હતા તેમજ મિત્રો પણ હતા. તેના લીધે ઘણી વખત લાલજી ભક્ત શેખપાટથી ત્રણ ગાઉં દૂર આવેલા ખારી ગામના પાદરે વડલો હતો ત્યાં ચાલીને આવતા. એજ રીતે ભાદરા ગામથી મૂળજી ભક્ત પણ ચાલીને ત્યાં આવતા અને બન્ને મુક્તો સાથે બેસી કથા–વાર્તા કરી સત્સંગ કરતા હતા ! મુમુક્ષુઓને કથા–વાર્તાનું કેવું તાન હોવું જોઈએ એ આ બન્ને મહાપુરુષોનાં જીવન–પ્રસંગમાંથી શીખવા મળે છે.

હે ભક્તો ! લોએજ (લોજ) ગામમાં સદ્‌ગુરુવર્ય શ્રી રામાનંદ સ્વામી પાસે લાલજી ભક્ત શેખપાટથી અવાર–નવાર આવ્યા કરતા અને સ્વામીના મુખથી કથા–વાર્તા સાંભળી મુક્તાનંદ સ્વામી વગેરે સંતોનો સમાગમ કરી આશ્રમમાં સેવા કરી ગુરુદેવ અને સંતો–ભક્તોનો રાજીપો પ્રાપ્ત કરતા હતા. સંત–સમાગમના કારણે તેઓનાં જીવનમાં દિવસ દિવસ પ્રત્યે દૃઢ વૈરાગ્યની વૃદ્ધિ થવા લાગી. એવા સમયમાં વન–વિચરણ કરતાં કરતાં અક્ષરધામના અધિપતિ નીલકંઠ વર્ણીરાજ લોજપુર પધાર્યા.

## વર્ણીરાજનું ઐશ્વર્ય

હે ભક્તો ! આષાઢી સંવત્ ૧૮૫૬ ના શ્રાવણ વદ છઠના દિવસે લોજ ગામમાં પધારી મહાપ્રભુ વર્ણી રામાનંદ સ્વામીના આશ્રમમાં રોકાઈ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહી સંતોની સેવા તેમજ આશ્રમની સેવા કરવા લાગ્યા. એ સમય દરમ્યાન વર્ણીપ્રભુ મુમુક્ષુઓને પોતાના દિવ્યરૂપનાં દર્શન કરાવવા લાગ્યા તેમજ શ્રીકૃષ્ણરૂપે પણ દર્શન દેવા લાગ્યા.

આવા આવા અનેક પ્રકારના ચમત્કારો અને પરચાઓ જોઈને સાંભળીને તથા વર્ણીનો ત્યાગ વૈરાગ્ય જોઈને મુક્તાનંદ સ્વામીએ ગુરુદેવ રામાનંદ સ્વામી ઉપર (આ.સં. ૧૮૫૬ ફાગણ વદ-૫) પત્ર લખીને તેના તપની પ્રશંસા કરી તેમજ ઐશ્વર્ય-સામર્થીની પણ વાત કરી. પછી તે પત્ર માણાવદરના મયારામ ભટ્ટને આપી કચ્છ પ્રદેશના ભૂજ શહેરમાં ગયેલા ગુરુદેવ રામાનંદ સ્વામીને આપી આવવા જણાવ્યું.

પછી તેમનો તથા વર્ણીનો પત્ર લઈ મયારામ ભક્ત ચાલતા ચાલતા સાત દિવસે ભુજનગર પહોંચ્યા. ત્યારે ગુરુ રામાનંદ સ્વામી ગંગારામ મલ્લને ઘેર ભક્તો સાથે બેસી કથા-વાર્તાનું સુખ આપી રહ્યા હતા. ત્યાં જઈ ભટ્ટજીએ દંડવત કર્યા અને મુક્તાનંદ સ્વામીએ આપેલ પત્રો આપ્યા. બન્ને પત્રો વાંચીને રામાનંદ સ્વામીની આંખોમાં હરખનાં આંસુ આવી ગયાં !

હે ભક્તો ! સ્વામીની આંખોમાં આંસુઓ જોઈ ગંગારામ ભક્ત તથા સુંદરજી ભક્ત વગેરે ભક્તોએ કારણ પૂછતા સ્વામી કહેવા લાગ્યા: ‘‘જેઓની અમો વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા, તે પુરુષોત્તમ નારાયણ સ્વયં મનુષ્ય-દેહ ધારણ કરી લોજપુરમાં

આવી ગયા છે, એના આનંદમાં અમને નેહનાં આંસુ આવી ગયાં.''

## વર્ણીરાજનાં દર્શને જવાની આજ્ઞા

હે વ્હાલા સંતો–ભક્તો ! સદ્ગુરુવર્ય રામાનંદ સ્વામી સૌ ભક્તોને કહેવા લાગ્યા: ''હે મુમુક્ષુઓ ! અમો ઘણી વખત સભામાં વાત કરતા કે, 'અમો તો ગણેશનો વેશ ભજવી રહ્યા છીએ, ખરો ખેલ ભજવનારા તો હજુ આવવાના છે. લાખ મણ રૂ કાંતવાનું હોય એમાંથી અમોએ તો ફક્ત એક પૂણી કાંતી છે, બાકીનું રૂ કાંતવાવાળા હજુ આવવાના છે, તો ખરો ખેલ ભજવનારા અને લાખ મણ રૂ કાંતવાવાળા લોજમાં આવી ગયા છે, માટે હે મયારામ ભક્ત ! તમે લોજ જાઓ ત્યારે રસ્તામાં આવતાં આપણાં હરિભક્તોનાં ગામડાંઓમાં જઈને સૌ નરનારીઓને કહેતા જજો કે અહીં અમારાં દર્શન કરવાં કોઈ આવે નહિ, બધાં જ આબાલ–વૃદ્ધ લોજ ગામમાં વર્ણીરાજનાં દર્શન કરવાં જાય.''

આ રીતે આજ્ઞા કરી બે પત્રો લખીને મયારામ ભટ્ટને વિદાય કર્યા. તેથી સ્વામીના શિષ્યોનાં ગામમાં જઈ ભટ્ટજી સૌને કહેવા લાગ્યા કે, 'ગુરુ રામાનંદ સ્વામીની આજ્ઞા છે કે ઉદ્ધવ–સંપ્રદાયનાં સૌ સ્ત્રી–પુરુષોએ લોજમાં આવેલ નવા વર્ણીનાં (બ્રહ્મચારીના) દર્શન કરવા જવું, પરંતુ કોઈએ ભુજનગર અમારાં દર્શન કરવાં ન આવવું.''

હે પ્રિય વાચકો ! મયારામ ભટ્ટની વાત સાંભળી રામાનંદ સ્વામીના શિષ્ય નરનારી સૌ લોજપુરમાં જઈને વર્ણીપ્રભુનાં દર્શન કરી કરીને પોતાના ધન્ય ભાગ્ય માનવા લાગ્યા, પરંતુ

શેખપાટના સુથાર લાલજી ભક્ત ન ગયા ! કારણ કે તેઓ તો રામાનંદ સ્વામીને જ સર્વેસર્વા માનતા હતા, તેથી લોએજ-ધામ ન જતા ભુજનગર ગયા !

## શેખપાટથી ભુજ ગયા

*''શેખપાટ નામે એક ગામ, ત્યાંના લાલજી સુથાર નામ;*
*પછી છોડ્યો હતો જેણે ફંદ, નામ ધાર્યું તું નિષ્કુળાનંદ.*
*રામાનંદ ઉપર ઘણી પ્રીત, તેણે એમ વિચારીયું ચિત્ત;*
*રામાનંદના કરતાં વિશેષ, વધ્યો વર્ણીનો મહિમા આ દેશ.*
*વાત સ્વામીની પાસ ઉચ્ચારું, કરે કાંઈ ઉપાય તો સારું;*
*એવું જાણી લાલજી સુથાર, ગયા તે ભુજનગર મોઝાર.''*

– હરિલીલામૃત ક-૪, વિ-૩

હે વ્હાલા ભક્તો ! લાલજી ભક્ત તો ઉતાવળા ચાલીને શેખપાટથી ઠેઠ ભુજ પહોંચી ગયા ! ત્યાં જઈ પોતાને અતિ વહાલા ગુરુદેવ રામાનંદ સ્વામીને દંડવત પ્રણામ કરીને કહેવા લાગ્યા: ''હે ગુરુ મહારાજ ! લોજમાં એક તપસ્વી વર્ણી આવ્યા છે, તેથી આપણા ભક્તો પણ એનામાં ખેંચાઈને તમારા કરતાં એનો મહિમા વિશેષ સમજવા લાગ્યા છે. એવું મેં સાંભળ્યું છે, એટલે હું આપને જણાવવા માટે આટલા બધે દૂર સુધી હું પગપાળા ચાલીને આવ્યો છું.''

લાલજી ભક્તની દુ:ખસભર વાણી સાંભળી મંદમંદ હસતા થકા રામાનંદ સ્વામી કહેવા લાગ્યા : ''લાલજીભાઈ ! તમને મયારામ ભટ્ટના સમાચાર નથી મળ્યા ? મેં તો સૌને લોજપુરમાં જઈ નીલકંઠ વર્ણીનાં દર્શન કરવાં જવાની આજ્ઞા કરી હતી અને તમે અહીંયા અમને ફરીયાદ કરવા આવ્યા ? એ વર્ણીનાં

દર્શન તો મોટા મોટા દેવતાઓને પણ દુર્લભ છે. દેવો પણ એમનાં દર્શન ઈચ્છે છે અને તમે અહીં આવ્યા ? શું તમને અમારાં વચનમાં વિશ્વાસ નથી ? તમે લોજ ન ગયા એ બહુ મોટી ભૂલ કરી છે; માટે જેવા ઉતાવળા આવ્યા છો, એવા જ ઉતાવળા લોજ જાઓ અને એ વર્ણીરાજનાં દર્શન કરો.''

## વર્ણીરાજનો સર્વોપરી મહિમા કહ્યો

*''કહે લાલજી મોટા તે કેવા ? દત્તાત્રી કે ઋષભદેવ જેવા;*
*કે શું છે રામચંદ્ર સમાન ? રામાનંદ કહે સુણો કાન.*
*જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી;*
*આ છે અવતારના અવતારી, ઘણું શું કહિયે વિસ્તારી.*
*જેનું ધ્યાન મહામુનિ ધરે, જેનો જશ શેષનાગ ઉચ્ચરે;*
*એવા મોટાનાં દર્શન મૂકી, કેમ આવ્યા છો કચ્છમાં ચૂકી ?*
*જાઓ લોજ નગરમાં વિચરો, એવા વર્ણીનાં દર્શન કરો;*
*સુણી લાલજી ત્યાંથી સિધાવ્યા, લોજમાં હરિ દર્શને આવ્યા.''*

– હરિલીલામૃત ક–૪, વિ–૩

હે વ્હાલા સંતો–ભક્તો ! ગુરુ રામાનંદ સ્વામીનાં વચનો સાંભળી ગુરુભક્ત લાલજી સુતારે સવાલ કર્યો: ''ગુરુદેવ ! તે વર્ણી દત્તાત્રેય પ્રભુ જેવા છે કે ઋષભદેવ ભગવાન જેવા ? કે પછી મર્યાદા પુરુષ શ્રીરામ જેવા ?'' શિષ્યનો પ્રશ્ન સાંભળી હસતા હસતા સ્વામી જવાબ આપવા લાગ્યા: ''હે લાલજી ભક્ત ! જેમ સર્વ–અવતારોમાં શ્રીકૃષ્ણચંદ્ર સૌથી મોટા કહેવાય છે – એ જ રીતે આ વર્ણીન્દ્ર પ્રભુ પણ એનાથીય મોટા કહેવાય છે. આ વર્ણીપ્રભુ તો સર્વ–અવતારના પણ અવતારી છે. મોટા મોટા ઋષિ–મુનિઓ પણ આ પ્રગટ વર્ણીન્દ્રનું ધ્યાન કરી

પ્રત્યક્ષ દર્શનની ઈચ્છા રાખે છે, માટે જો તમને અમારાં વચનમાં વિશ્વાસ હોય તો જલ્દી લોજપુર જઈ એમનાં દર્શન કરો.''

પોતાના પ્રાણ પ્યારા ગુરુની વાણી સાંભળી તુરંત જ લાલજી ભક્ત ભુજથી રવાના થયા અને લોજ આવી વર્ણીપ્રભુને દંડવત-પ્રણામ કરી એકાગ્ર દૃષ્ટિએ દર્શન કરવાં લાગ્યા. આવો એમના અંતરનો ભાવ જોઈ વર્ણીપ્રભુ આશીર્વાદ આપતા બોલ્યા : ''લાલજી ભક્ત ! શુકદેવજી જેવો તમે વૈરાગ્ય પામશો.''

## પટારો ને ડામચિયાની ભેટ

*''શેખપાટના ભક્ત સુતાર, નામે લાલજી સમજે સાર;*
*તેણે પ્રગટ પ્રભુ પાસે આવી, ભેટ ભારે મજૂસ ધરાવી.*
*આપ્યો ઉત્તમ એક ડામચિયો, દિસે બહુ ચતુરાઈથી રચિયો;*
*કર્યાં ભક્તનાં ગુરુયે વખાણ, સુણી સમજીયા શામ સુજાણ.*
*જાણ્યું જે આ તો સાધુ જ થાશે, નામ નિષ્કુળાનંદ ધરાશે;''*

– હરિલીલામૃત ક-૪, વિ-૨૮

હે વ્હાલા સંતો-ભક્તો ! શ્રીહરિલીલામૃત ગ્રંથના ચોથા કળશના અઠ્ઠાવીશમાં વિશ્રામમાં એવું લખ્યું છે કે, 'જ્યારે સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ જેતપુર ધામમાં શ્રીહરિને ઉદ્ધવ સંપ્રદાયની ગાદી સોંપી પોતાના સ્થાને બીરાજમાન કર્યાં, ત્યારે શેખપાટ ગામથી લાલજી ભક્ત પણ જેતપુર આવ્યા હતા. પછી પ્રગટ પ્રભુનું પૂજન અનેક ગામડાંઓનાં હરિભક્તોએ જ્યારે કર્યું, ત્યારે ભક્ત લાલજી સુતારે પણ મહાપ્રભુ શ્રીહરિને માટે જાતે ઘડીને તૈયાર કરેલ પેટી (પટારો) તેમજ સુંદર ડામચિયો ભેટ તરીકે અર્પણ કરી રાજીપો મેળવ્યો હતો.

એમનો ભાવ જોઈ રામાનંદ સ્વામી પણ રાજી થયા હતા અને સભામાં લાલજી ભક્તના સદ્‌ગુણોની ખૂબ પ્રશંસા કરી હતી. ત્યારે અંતર્યામી શ્રીહરિ સમજી ગયા હતા કે, ‘આ લાલજી ભક્ત ભવિષ્યમાં સંત દીક્ષા લઈને નિષ્કુળાનંદ સ્વામી તરીકે ઓળખાશે.’

## લાલજી ભક્ત બેભાન બન્યા

હે વ્હાલા–સંતો ભક્તો ! આપ સર્વે બહેનો–ભાઈઓ જાણો જ છો કે, લાલજી ભક્ત જ્ઞાતિએ સુતાર – (સુથાર) હતા અને સુતારી કામ કરતા હતા. પોતે બળદને જોડવા માટેના ગાડાઓ પણ બનાવતા હતા, એવી કુશળ–કારીગરી એનામાં બહુ હતી. અર્થાત્ તેમની આજીવિકા લાકડાંઓમાંથી વિવિધ વસ્તુઓ બનાવવાની હતી.

એક દિવસ તેઓ પોતાને ઘેર સુથારી કામ કરી રહ્યા હતા. સુતારી કામમાં મુખ્ય ઓજાર વાહલો (વાંસલો) હોય છે. તે વાહલો લઈ એકવાર લાલજી ભક્ત કામ કરી રહ્યા હતા. એવામાં અચાનક–એકાએક હાથામાંથી વાહલો છટક્યો ને પોતાના માથામાં વાગ્યો ! તેના કારણે માથામાં ઊંડો ચીરો પડી ગયો, તેથી લોહીની મોટી ધાર વહેવા લાગી ! એટલે તેઓ બેભાન થઈ ધરતી પર ઢળી પડ્યા.

હે ભક્તો ! પોતાના ઘેર કામ કરતા હોવાથી આ દૃશ્ય નજરો–નજર જોઈને એમના પત્ની અને માતા બૂમાબૂમ કરી રડવાં લાગ્યાં. તે સમયે સ્વામિનારાયણ ભગવાન સ્વયં પધાર્યા અને અમૃતબા તથા કંકુબાઈને આશ્વાસન આપી પોતાના વહાલા લાલજી ભક્તનું મસ્તક પોતાના ખોળામાં મૂકી ઝરતા ઊંડા ઘાવ ઉપર હાથ મૂકી લોહી બંધ કરી દીધું !

પછી કૃપામય અમીદૃષ્ટિ કરતા થકા દયાળુ પ્રભુ બોલ્યાઃ ‘‘અમૃતબા ! તમારા દીકરા લાલજીનો ઘા રૂઝાઈ ગયો છે, તેથી રડવાનું બંધ કરો ને સાકરનો શીરો બનાવીને લાવો.’’ આવું સાંભળીને અમૃતબા અને કંકુબાઈ તો રાજી રાજી થઈ ગયા. પછી પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજને પંચાંગ પ્રણામ કરી હરખાતા હૈયે પ્રેમનાં આંસુઓ સાથે રસોડામાં શીરો બનાવવાં ગયાં.

હે ભક્તો ! રસોઈ-ઘરમાં જઈ સાસુ-વહુ બન્નેએ પ્રેમથી સાકરનો શીરો કર્યો. પછી શ્રીહરિ પાસે લાવી અર્પણ કર્યો. તેથી પ્રગટ પ્રભુ તેમાંથી થોડો જમી પ્રસાદીનો કરીને બોલ્યાઃ ‘‘લાલજી ભગત ! ઓ લાલજી ભગત ? જાગો.’’ મહારાજની મધુર વાણી સાંભળી કોઈ ગાઢ નિદ્રામાંથી જાગે એ રીતે જાગ્યા. અર્થાત્ ભાનમાં આવ્યા !

જાણે કે કાંઈ બન્યું જ નથી, એ રીતે આળસ મરડીને બેઠા થયા. ત્યારે શ્રીહરિએ કહ્યુંઃ ‘‘ભગત ! અમો આ શીરો જમ્યા છીએ, તેથી અમારી પ્રસાદીનો શીરો તમે જમો.’’ એવું સાંભળી તુરંત જ લાલજી ભક્ત શીરો જમવા લાગ્યા.

ત્યારે શ્રીહરિજી એમની માતાને કહેવા લાગ્યાઃ ‘‘અમૃતબા ! તમારા લાલજીના માથા ઉપર બરાબર જોઈ લ્યો. વાગ્યાનું ક્યાંઈ નિશાન તો નથી રહી ગયુંને ?’’ તુરંત અમૃતબા માથામાં જોવાં લાગ્યાં, પરંતુ સંપૂર્ણપણે ઘા રૂઝાઈ ગયો હતો ! માથામાં પડેલો કાપો મટી ગયો હતો.

હે ભક્તો ! સહજાનંદ મહાપ્રભુ અને પોતાની માતાનો સંવાદ સાંભળી લાલજી ભક્તે સવાલ કર્યો: ‘બા ! મહારાજ તમને આવું કેમ પૂછે છે અને તમો મારા માથામાં શું જોઈ રહ્યાં છો ?'' ત્યારે આંખમાં વાત્સલ્યનાં આંસુઓ સાથે અમૃતબાએ અતથી ઈતિ સુધી સર્વે બિના કહી સંભળાવી. આવું સાંભળી લાલજી ભક્ત ભાવવિભોર બની ગયા. તે સમયે શ્રીહરિ અદૃશ્ય થઈ ગયા !

ત્યારબાદ લાલજી ભક્તને શ્રીહરિ પ્રત્યેનો ભગવાનપણાનો નિશ્ચય વિશેષ દૃઢ બની ગયો. તેમજ સત્સંગ પ્રત્યેની લગની તીવ્ર વેગે વધવા લાગી. તેઓ પોતાનું જીવન એકમાત્ર પ્રગટ પ્રભુને રાજી કરવા માટે ખર્ચી નાંખવા તલપાપડ બન્યા.

## શેખપાટમાં વસંત-પંચમીનો ઉત્સવ

*‘‘શેખપાટ ગયા સુખકાર, ત્યાં તો લાલજી નામે સુતાર.*
*થશે જે મુનિ નિષ્કુળાનંદ, તેને ઘેર રહ્યા સુખકંદ;*
*સાલ સાઠ્યનિ તે તો સુહાવી, માસ મહા શુદિ પંચમી આવી.*
*તેડાવ્યા હરિભક્ત ને સંત, કર્યો ઉત્સવ ત્યાં તો વસંત;''*

– હરિલીલામૃત ક–૫, વિ–૨૧

હે વ્હાલા સંતો–ભક્તો ! શ્રીજી મહારાજે આષાઢી સંવત્ ૧૮૫૮ (ઈ.સ. ૧૮૦૧) માં કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે જેતપુરમાં સંપ્રદાયની ધૂરાનો (ગાદીનો) સ્વીકાર કર્યો. ત્યારબાદ સૌ પ્રથમ વસંતોત્સવ એ જ સાલમાં માણાવદરમાં કર્યો હતો. અને ત્રીજો વસંત–પંચમીનો ઉત્સવ શેખપાટ ગામમાં સંવત્ ૧૮૬૦ માં લાલજી સુતારને ત્યાં કર્યો હતો.

એક વખત શેખપાટથી લાલજી ભક્ત લોજ ગામ આવ્યા. આવીને પ્રગટ પ્રભુ શ્રીહરિને દંડવત પ્રણામ કરીને કહ્યું: ''હે મહારાજ ! અમારા ગામમાં આવી સૌ સાથે રંગે રમાય એ માટે વસંત–પંચમી સમૈયો કરો. તમારા હાથનો પ્રસાદીનો અબીલ–ગુલાલ ઉડાડી સૌ ભક્તોને કૃતાર્થ કરો. સત્સંગનાં દરેક ગામડાંઓમાંથી હરિભક્તો તેડાવી શેખપાટમાં સમૈયો કરો એવી મારી અરજી સ્વીકારો.''

આ પ્રમાણે લાલજી ભક્તની વિનંતી સાંભળી ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ શેખપાટ પધાર્યા. પછી સત્સંગનાં ગામોમાં પત્રીકા લખાવીને મોકલાવી, તેથી હજારોની સંખ્યામાં નરનારીઓ–આબાલ વૃદ્ધ શેખપાટમાં પહોંચી ગયાં ! પછી શ્રીહરિએ કહ્યું: ''લાલજી ભક્ત, આવતીકાલે વસંત–પંચમી છે, તેથી કેસુડાને આજે જ મોટા મોટા ટોપમાં પલાણી દેજો એટલે સવારે તેનો રંગ સારો થાય. તેમજ ગુલાલ પણ તૈયાર રાખજો, એટલે કાલે દોડાદોડી ન કરવી પડે.''

## શેખપાટમાં વસંતનું પૂજન

*''વસંત ઋતુએ વસવ વસંતી રે, પે'ર્યા હોય અનુપમ અતિ રે;*
*રમતા દીઠા હોય સખા સંગે રે, રંગભીનો ભર્યા અતિ રંગે રે.*
*નાંખે પિચકારી વારી ભરી રે, નિજ જન પર હેતે હરિ રે;*
*વળી નાખે ગુલાલ લાલ ઘણો રે, સંભારે એ સમો સોચામણો રે.*
*એહ મૂર્તિ ધારતા ઉર રે, બ્રહ્મ મો'લે લૈ જાવાનું જરૂર રે;*
*વળી રંગભીનો ભર્યા રંગે રે, જેવા જોયા હતા સખા સંગે રે.''*

– પુરુષોત્તમ પ્રકાશ – પ્ર. ૧૭

હે વ્હાલા સંતો–ભક્તો ! જેની રાહ જોવાતી હતી અને જે માટે શ્રીજી મહારાજ પધાર્યા હતા તે વસંત–પંચમીનો દિવસ આવી ગયો હોવાથી વિશાળ મંડપ ને ચંદરવો બાંધ્યો હતો. તેની મધ્યે વેદિકા કરી હતી. ત્યાં રંગોળી ને અષ્ટદળ કરી, તેના ઉપર કળશ મૂકી, તેમાં આમ્રમંજરી (આંબાનો મોર – (કોલ) ને દુર્વાપર્ણો પધરાવ્યાં. અર્થાત્ ધ્રોનાં પાન (એક પ્રકારનું ઘાસ) પધરાવ્યાં. તેના ઉપર ગુલાલ છાંટી નાળિયેર મૂક્યું. આ પ્રમાણે વસંત–પૂજાની ગોઠવણ કરી સંતોએ શ્રીહરિને ત્યાં પધારવા વિનંતી કરી.

ભજન–મંડળી વાજિંત્રો લઈને પ્રભુ પાસે પહોંચી ગયા અને કીર્તનો ગાવાનું શરુ કરી વાજિંત્રો વગાડવાં લાગ્યા. તે સમયે શ્રીહરિજી મુક્તાનંદ સ્વામી વગેરે સંતો સાથે પધાર્યા. ત્યાં પ્રગટ પ્રભુને બેસવા માટે ઊંચો મંચ બનાવ્યો હતો, તેના ઉપર વિરાજીત થઈ વહાલાએ વહાલપનાં વેણ ઉચ્ચાર્યાં : ‘‘હે સંતો ! વસંતઋતુ આવી છે, માટે તેની વધાઈનાં કીર્તનો બોલો. અમે ઋતુરાજ વસંતનું પૂજન કરીએ છીએ.’’

આ પ્રમાણે કહી શ્રીહરિજી વસંતનું પૂજન કરવા લાગ્યા; તેથી સંતોમાં શ્રેષ્ઠ એવા મુક્તાનંદ સ્વામી સરોદો લઈને ધૂમાર રાગમાં વસંતનાં પદ બોલવા લાગ્યા. તે સમયે પૂજન કરતા પ્રગટ પ્રભુનાં દર્શન કરી વસંતઋતુ પણ પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગ્યો.

## શેખપાટમાં રંગની રેલમછેલ

હે વ્હાલા સંતો–ભક્તો ! વસંતઋતુએ દિવ્યરૂપે આવી શ્રીજી મહારાજને દંડવત–પ્રણામ કરી સ્તુતિ કરી અભિવાદન

કરી પ્રગટ પ્રભુનો રંગોત્સવ જોવા માટે વેદી ઉપર સ્થાપન કરેલ નાળિયેરમાં પ્રવેશ કર્યો ! તે સમયે મુક્તમુનિ અને સંતો સરોદો, મૃદંગ, પખાવજ અને ઝાંઝ લઈને વસંતનાં પદ ગાવાં લાગ્યા; ત્યારે જાણે કે વસંત પાંગરી હોય તેવું આહ્‌લાદક વાતાવરણ બની ગયું હતું.

તે સમયે લાલજી ભક્તે સૌ પ્રથમ શ્રીહરિનું પૂજન કરી પ્રસંગ અનુરૂપ કેસરિયાં વાઘા પહેરાવ્યા. પછી કેસર ચંદનથી ભાલમાં અર્ચા કરી તેમજ શણગાર ધારણ કરાવ્યા. તેના કારણે દર્શન કરવાં આવેલાં નર-નારીઓનાં ચિત્ત સહજાનંદ સલુણી છબીમાં ચોંટી ગયાં !

ત્યારબાદ શ્રીહરિએ રંગે રમવા માટે પ્રથમ પોતે જ હાથમાં ગુલાલ ભરેલો કટોરો લઈ વસંતના સ્થાપન ઉપર જે નાળિયેરમાં વસંતે પ્રવેશ કર્યો હતો, તેના ઉપર ગુલાલ નાંખ્યો. પ્રગટ પ્રભુના હાથની પ્રસાદી મળી તેથી વસંત બહુ આનંદ પામ્યો.

પછી સુંદર પિચકારી લઈ કેસુડાના રંગથી ભરી ઉત્સાહ સાથે મુક્તાનંદ સ્વામી તથા લાલજી ભક્તને રંગ્યા. પછી તો દરેક સંતો તેમજ હરિભક્તો ઉપર રંગ તથા ગુલાલ ફેંકવા લાગ્યા. જેમ અષાઢ મહિનાનો વરસાદ પુષ્કળ પાણી વરસાવે – તેમ શ્રીહરિ પણ પોતાના સંતો-ભક્તો ઉપર પુષ્કળ રંગ ને ગુલાલ નાખવા લાગ્યા.

હે ભક્તો ! મહિમાવાળા સંતો-ભક્તોનાં હૈયાં તો પ્રસાદીનું જળ પોતા ઉપર પડવાથી ભાવવિભોર બની ઉચ્ચ સ્વરે શ્રીહરિનો જયજયકાર કરવા લાગ્યા. એ સમયે આકાશ પણ લાલ-લાલ

બની ગયું. આવી લીલાનાં દર્શન કરવાં દેવતાઓ પણ અંતરીક્ષમાં આવ્યા હતા.

## શેખપાટ ગામનો મહિમા

હે વ્હાલા સંતો–ભક્તો ! પ્રગટ પ્રભુ સહજાનંદ મહાપ્રભુએ શેખપાટ ગામમાં 'વસંત પંચમી'નો મોટો ઉત્સવ કરી પોતાની પધરામણી કરી ગામને તીર્થત્વ આપ્યું છે. પ્રભુનાં પાવનકારી પગલાં શેખપાટમાં પડ્યાં એટલે એ ભૂમિ પાવન બની ગઈ. પ્રસાદીની બની ગઈ તેમજ તીર્થ બની ગઈ; કારણ કે ભગવાનનાં પવિત્ર ચરણો જે પૃથ્વી ઉપર પડે છે, એ ધરા ધન્ય બની જાય છે. એ ન્યાયે શેખપાટ ગામ ધન્ય બની ગયું.

કાશીમાં યોગીઓ શરીર છોડે અને તેને જે સદ્‌ગતિ પ્રાપ્ત થાય છે, તે સદ્‌ગતિ પ્રગટ પ્રભુના પ્રસાદીનાં સ્થાનમાં રહીને દેહ છોડનારાં નર–નારીઓને પ્રાપ્ત થાય છે. કાશીમાં રહીને જે નરનારીઓ ઘણા વર્ષો સુધી તીર્થો અને ક્ષેત્રોની સેવા કરે અને તેને જે ફળ મળે તે ફળ શેખપાટમાં એક દિવસ રહીને સેવા કરનારાઓને મળે છે ! કારણ કે આ સ્થળ, આ ગામ મહાપ્રભુ શ્રીહરિની પ્રસાદીની ચરણરજથી પવિત્ર થયેલ છે.

હે ભક્તો ! જે માણસ પ્રયાગરાજમાં જઈને એક વર્ષ પર્યંત જપ, તપ, વ્રત કરે અને એક વર્ષ સુધી ત્રિવેણી સંગમમાં સ્નાન કરે અને તેને જે ફળ મળે તે ફળ પ્રસાદીનાં સ્થાનોમાં મહિમા સહિત દર્શન કરનારાઓને મળે છે; કારણ કે એ ભૂમિ પ્રગટ પ્રભુનાં ચરણથી, દષ્ટિથી અને સ્પર્શથી પાવન થયેલ છે.

પ્રસાદીનાં સ્થાનમાં કોઈ પણ નર–નારીઓ મહિમા અને ભક્તિભાવપૂર્વક એક ઉપવાસ કરે છે, તો તેમને એક અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. પ્રસાદીનાં સ્થાનોને જે નરનારીઓ મહિમાપૂર્વક સવાર–સાંજ મનથી પણ સંભારે છે અને મનથી દર્શન કરે છે, એટલે કે સંકલ્પ દ્વારા દર્શન કરે છે તેને પ્રત્યક્ષ દર્શન તુલ્ય ફળ મળે છે, તેથી પ્રસાદીનું ગામ અને સ્થાન એવા શેખપાટમાં જરૂર દર્શન કરવા જવું.

## *પ્રસાદીનાં સ્થાનનો મહિમા*

(પૂર્વછાયો)

*‘‘વળી શ્રીહરિ હેતે કરી, મોટી કહી માહાત્મ્યની વાત;*
*પવિત્ર છે સ્પર્શે કરી, આ પૃથવી સાક્ષાત્.*
*જિયાં જિયાં અમે વિચર્યા, વળી રહ્યા જે જે ગામ;*
*તે જરૂર જન જાણજો, સરવે થયાં છે સ્વધામ.*
*તિયાં પ્રાણી કોઈ તન તજે, જાણ્યા વિના એહ જાગ્ય;*
*કહ્યાં ન જાય વળી કોઈથી, એવા ઉઘાડિયાં એનાં ભાગ્ય.*
*ચરણે અંકિત જે અવનિ, વળી પદની સ્પર્શેલ રજ;*
*તે જોતાં ન જડે જાણજો, જેને ઈચ્છે છે ઈશ્વર અજ.’’*

– સ્વામિનારાયણ ભગવાન પુરુષોત્તમ પ્રકાશ : ૪૪

(ચોપાઈ)

*‘‘જુવે સર્વે સ્થળ એ સંભારી રે, એક એકથી કલ્યાણકારી રે;*
*ભારે ભાગ્ય છે એ ભૂમિતણાં રે, રમ્યા રાજ રાખી નહિ મણા રે.*
*જે જે જન જાયગા એ જોશે રે, તે તો અતિ મોટી ખોટ ખોશે રે;*
*બ્રહ્મમો’લ જાવાને નિસરણી રે, એવી ઘનશ્યામે કરી ઘણી રે.’’*

*ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિ ચરણે અંકિત રે;*
*ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જીયાં હરિ ફર્યા બહુવાર રે.*
*બહુ પેરે ઉઘાડ્યાં છે બાર રે, અક્ષરધામે જાવા આ વાર રે;*
*તે તો પુરુષોત્તમ પ્રતાપે રે, બહુ ઉદ્ધારીયા જન આપે રે.''*

– પુરુષોત્તમ પ્રકાશ : ૨૬

*''ધન્ય ઓરડા ધન્ય ઓસરી રે, જિયાં હરિ બેઠા સભા કરી રે;*
*એહ ભૂમિકાનાં મોટાં ભાગ્ય રે, નથી જાણજો એ કહ્યાં લાગ્ય રે.*
*ફળી એક વળી શું વખાણું રે, શ્વેત વૈકુંઠ સમ સહુ જાણું રે;*
*ચરણ રજે ભર્યા ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે.*
*તીયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે;*
*એમ ધારી આવ્યા છે અવિનાશી રે, કરવા બહુને ધામના વાસી રે.''*

– પુરુષોત્તમ પ્રકાશ પ્રકરણ–૨૯

## ઉત્તમ વક્તા ને ઉત્તમ શ્રોતા

હે વ્હાલા સંતો–ભક્તો ! શેખપાટ ગામમાં વસંત પંચમી સમૈયો પૂર્ણ થયા પછી શ્રીહરિએ ગામડાંઓમાંથી આવેલાં દરેક નરનારીઓને પોતાનાં ગામડાંઓમાં જવાની આજ્ઞા કરી, એટલે સૌ સત્સંગીઓ રંગોત્સવની લીલા સંભારતા–સંભારતા પોતાનાં ગામ પ્રત્યે ગયા. ત્યારબાદ શ્રીહરિએ સર્વે સંતોને પણ લોજ જવાની આજ્ઞા કરી, તેથી તેઓ પણ ગયા.

શેખપાટમાં એકલા જ શ્રીહરિ લાલજી ભક્તના ઘેર રોકાયા, એટલે ઘરના સૌ લોકો રાજી થકા પ્રગટ પ્રભુની સેવા કરી રાજી કરવા લાગ્યા. એ સમય દરમ્યાન શ્રીહરિ દરરોજ સાંજે કથા શરુ કરતા તે છેક સવાર સુધી કરતા અને સામે બેસીને આખી રાત લાલજી સુતાર કથા સાંભળતા ! આવા

ઉત્તમ વક્તા અને ઉત્તમ શ્રોતાએ સતત પંદર દિવસ સુધી કથા કરી અને સાંભળી.

હે ભક્તો ! એક દિવસ શ્રીહરિએ લાલજી ભક્તને કહ્યું: ''ભગત ! તમારી શ્રવણ ભક્તિ જોઈને અમે ખૂબ રાજી થયા છીએ. કથા–વાર્તા સાંભળવામાં તમારી રુચિ બહુ છે, તેથી તમારામાં અનેક સદ્‌ગુણો આવશે તેમજ ત્યાગ–વૈરાગ્ય પણ દિવસે દિવસે વધતા જશે.''

## *તમને લુંટતા નથી આવડતું !*

*''લાલજી પ્રતિ નાથ ઉચ્ચારે, જવું છે કચ્છ દેશ અમારે.*
*સાથે ભોમિયો જન તમ જેવો, કોઈ ભક્ત ભલો શોધી દેવો;*
*એવી સાંભળીને શુભ વાણી, જવા લાલજીયે રુચિ આણી.*
*સાથે લેવા ભાતું ભલું કીધું, એક બતક ભરી જળ લીધું;*
*સાથે કોરિ લીધી દશ બાર, ઘાલી જોડામાં ગુપ્ત પ્રકાર.*
*ચાલ્યા લાલજી ને ઘનશ્યામ, જઈ રાત રહ્યા ભીલા ગામ;*
*ચાલ્યા વળતે દિવસે સુખકારી, મળ્યો વાટમાં ભૂખ્યો ભિખારી.''*

– હરિલીલામૃત ક–૫, વિ–૨૧

હે વ્હાલા સંતો–ભક્તો ! શેખપાટમાં ઘણા દિવસ રોકાયા પછી શ્રીહરિજી એક દિવસ પોતાના વહાલા ભક્ત લાલજી સુતારને પૂછવા લાગ્યા: ''ભક્તરાજ લાલજીભાઈ ! અમારે હવે અહીંથી કચ્છ પ્રદેશમાં કચ્છી ભક્તોને દર્શન દેવા જવું છે, તેથી તમારા જેવો ભોમિયો જોઈએ છીએ, માટે કોઈ સારો ભક્ત શોધી આપો, જેથી રસ્તામાં ક્યાંય ભૂલા પડી જવાય નહિ.''

પ્રગટ પ્રભુનાં વચનો સાંભળી વિના વિલંબે તુરંત લાલજી ભક્ત શ્રીહરિ સાથે કચ્છ જવા તૈયાર થઈ ગયા. પરંતુ કચ્છ

દેશ પહોચતા ઘણા દિવસ લાગે, એટલે ભાતું બનાવીને સાથે લીધું અને પાણી ભરેલી એક બતક પણ સાથે લઈ લીધી. પછી સાથે બાર કોરી લઈ બુટમાં સંતાડી દીધી !

ત્યાર પછી બન્ને ચાલવા લાગ્યા. તે રસ્તામાં આવેલ ભીલા ગામમાં પધાર્યા. ત્યાંથી બીજે દિવસે સવારે ચાલવા લાગ્યા, ત્યારે રસ્તામાં ભિખારી મળ્યો. તેણે શ્રીહરિ પાસે જમવાનું માંગ્યું, ત્યારે દયાળું પ્રભુએ લાલજી ભક્ત પાસેથી ભાતું લઈ બધું જ અપાવી દીધું.

હે ભક્તો ! ત્યાંથી બન્ને આગળ ચાલવા લાગ્યા. ત્યાંતો લુંટારાની એક ટોળી આવી અને બન્નેને ચારેબાજુથી ઘેરી લીધા ! શ્રીહરિને સારા સાધુ માની કાંઈ કર્યું નહિ, પરંતુ લાલજી ભક્તનાં વસ્ત્રો વગેરે તપાસ્યા, પણ કાંઈ મળ્યું નહિ. એટલે ચોર-લુંટારા ચાલવાં લાગ્યા. ત્યારે અંતર્યામી પ્રભુએ તેમને પાછા બોલાવીને કહ્યું: ''તમે કાચા લુંટારા લાગો છો, તેથી તમને બરાબર લુંટતા આવડતું નથી; તેમના જોડામાં જુવો, ત્યાં કોરિયો સંતાડી છે.'' પછી લુંટારાઓ જોડા કઢાવી બધી કોરીયો લઈને જતા રહ્યા.

હે ભક્તો ! શ્રીહરિએ બધી કોરીયો (ચલણી નાણું) લુંટારાઓને અપાવી દીધી, એટલે લાલજી ભક્ત કહેવા લાગ્યા: ''હે મહારાજ ! મેં બાર કોરીયો તમારા માટે લીધી હતી; રસ્તામાં તમને ભૂખ લાગે તો આ કોરીયોમાંથી ખરીદી કરી તમને જમાડી શકાય, પરંતુ તમે તો મોટા દાનેશ્વરીની જેમ ઉદાર બની લુંટારાઓને અપાવી દીધી. હવે તમે ભૂખ્યા થશો ત્યારે શું જમશો ?''

લાલજી ભગતની આવી વાત સાંભળી મંદમંદ મલકતા મહાપ્રભુ શ્રીહરિ બોલ્યાઃ ''હે લાલજી ભગત ! તમારા ઉપર મોટી આફત (વિઘ્ન) આવવાની હતી તે અમોએ મટાડી દીધી. હવે તમે નિશ્ચિત બની જાવ.'' આ પ્રમાણે કહી માળીયા તરફ ચાલવા લાગ્યા.

## સાગરનું પાણી મીઠું કર્યું !

*''ત્યાંથી ચાલવા કીધી તૈયારી, સાથે લીધું બતક ભરી વારી;*
*કૃષ્ણ ચાલિયા કચ્છના રણમાં, નહિ રાખિયા જોડા ચરણમાં.*
*ગયા વેગળે રણમાં જ્યારે, મહાપુરુષ મળ્યા એક ત્યારે;*
*અંતરિક્ષ જતા હતા તેહ, નમ્યા શ્રીહરિને ધરી નેહ.*
*પ્રભુ પાસે માગ્યું પીવા પાણી, દીધું નીર તેને દયા આણી;*
*નવ રહ્યું બતક માંહિ નીર, બહુ તરશે પીડાયું શરીર.*
*કહે લાલજી હે મુનિ નાથ, નહીં ચાલી શકું તમ સાથ;*
*પાણી વગર જશે મારા પ્રાણ, હવે શું કરું શામ સુજાણ ?*
*ધર્મ નંદને ધીરજ દીધી, કૃપાનાથે પછી કૃપા કીધી.''*

હે વ્હાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિ તથા લાલજી ભક્ત માળીયા ગામ આવ્યા. ત્યાં રાત રોકાઈને સવારે પાણીની બતક ભરી રણમાં ચાલવા લાગ્યા. તે સમયે શ્રીહરિએ પોતાનાં ચરણમાંથી મોજડી કાઢી નાખી ખુલ્લા પગે ચાલવા લાગ્યા. ત્યારે એક મહાપુરુષ આકાશમાં યોગશક્તિ દ્વારા જતા હતા. તેમણે શ્રીહરિને નમસ્કાર કરી પ્રસાદી તરીકે પાણી માગ્યુ, તેથી તેમને પાણી આપી દીધું ! એટલે પ્રભુના હાથનું પાણી પી તે જતા રહ્યા.

હે ભક્તો ! શ્રીહરિ તથા લાલજી ભક્ત કચ્છના નાના રણની રેતીમાં ઉનાળાના ધોમધખતા તાપમાં ચાલતા ચાલતા આગળ વધવા લાગ્યા, એટલે લાલજી ભક્તને અતિશય તરસ લાગી, તેથી ગળું સુકાવા લાગ્યું ? તેના કારણે તેઓ શ્રીહરિને કહેવા લાગ્યા: ''હે મહારાજ ! હવે હું આગળ ચાલી શકીશ નહિ, તેમજ પાણી પીધા વિના મારા પ્રાણ નીકળી જશે એવું મને લાગે છે. મને મારું મોત સામે દેખાઈ રહ્યું છે'' પોતાના વહાલા ભક્તરાજની આવી વાણી સાંભળી દયાળુ પ્રભુ – ભક્તવત્સલ ભગવાન બોલ્યા:

***''માવો બોલ્યા ધરીને મહેર, ખારા સાગરમાં મીઠી સેર.***
***એવી કહેવત છે તેહ આવી, ભરી લ્યો જળ મીઠું હલાવી;***
***નીર લાલજીએ તેહ પીધું, લાગ્યું મીઠું બતક ભરી લીધું.***
***ફરી ચાખી જોયું તેહ ઠાર, ખૂબ લાગ્યું તે તો જળ ક્ષાર;***
***અતિ અચરજ અંતરે ભાસ્યું, પણ મુખથી ન પ્રગટ પ્રકાશ્યું.''***

– હરિલીલામૃત ક–૫, વિ–૨૨

હે લાલજી ભક્ત ! લોકમાં એવી કહેવત છે કે, 'ખારા સમુદ્રમાં મીઠી એક વીરડી.' સાગરમાં ક્યારેક ક્યારેક પાણીની મીઠી સરવાણી આવતી હોય છે, તેથી તમે પાણી પી લ્યો અને બતક પણ ભરી લ્યો.'' પ્રગટ પ્રભુનાં વચનમાં વિશ્વાસ રાખી લાલજી ભક્તે તુરંત મુખ આડું કપડું (ગરણું) રાખી દરીયાનું પાણી પીધું ત્યાંતો મીઠું લાગ્યું ! તેથી તેમણે પેટ ભરીને પાણી પીધું તેમજ સાથે લાવેલ બતક પણ પાણીની ભરી લીધી. પછી ફરીને પીધું ત્યાંતો ખારું લાગ્યું !

પછી આનંદમાં આવી જઈ મનોમન કહેવા લાગ્યાઃ ‘‘મારા વાલાએ કૃપા કરી સાગર મીઠો કર્યો ! મારા ઉપર કૃપા કરી મને મીઠું પાણી પાઈ જીવતો રાખ્યો, નહિતર આજ તરસ્યે મારા પ્રાણ જાત.’’ આ રીતે આભાર માની શ્રીહરિ સાથે ચાલતા ચાલતા રણ ઉતરી ગયા.

## ચરણમાં સોળ ચિહ્નો જોયાં

*‘‘રણ ઉતરીને ગયા પાર, નાનું આવ્યું તળાવ તે ઠાર;*
*લીધો બાવળ હેઠ વિરામ, સોડ તાણી સુતા ઘનશ્યામ.*
*પ્રભુપદમાં કાંટા હતા વાગ્યા, ભક્ત લાલજી કાઢવા લાગ્યા;*
*સોળે ચિહ્ન ચરણમાં નિહાળી, સ્નેહે રાખ્યાં અંતરમાં સંભાળી.*
*નિજ મસ્તકે ચરણ ચઢાવ્યાં, વળી છાતીની સાથ દબાવ્યા;*
*વધવા ઉદ્ધવી સંપ્રદાય, એવા કષ્ટ સહે હરિરાય.’’*

– હરિલીલામૃત ક–૫, વિ–૨

હે વ્હાલા સંતો–ભક્તો ! રણની સામે કિનારે એક તળાવ હતું, તેના કિનારે એક બાવળનું ઝાડ હતું ત્યાં જઈને પ્રગટ પ્રભુ પોઢી ગયા. ત્યારે લાલજી ભક્તે શ્રીહરિનાં ચરણમાં જોયું, ત્યાંતો અનેક નાના–મોટા કાંટા વાગેલા જોયા ! તુરંત તેઓ ચીપીયો લઈ કાંટા કાઢવા લાગ્યા. એ સમયે તેમને શ્રીહરિનાં ચરણોમાં સોળ ચિહ્નો નિહાળ્યાં ! તેથી રાજી રાજી થઈ ગયા અને અંતરવૃત્તિ કરી અંતરમાં ઉતારવા લાગ્યા. પછી તો પ્રભુનાં પાવન પગલાંઓ પોતાના મસ્તક ઉપર મૂક્યા તેમજ છાતી સાથે દબાવ્યાં.

હે ભક્તો ! કાંટા કાઢ્યા પછી લાલજી ભગત શ્રીહરિનાં કોમળ ચરણ દબાવવા લાગ્યા, તેના કારણે પ્રગટ પ્રભુ શ્રીહરિનો

થાક ઉતરી ગયો. પછી લાલજી ભક્તે સવાલ કર્યો: ‘‘હે મહારાજ ! આપણે આવતા હતા ત્યારે એક મહાપુરુષ મળ્યા હતા, એને તમે પાણી પાઈ દીધું એ કોણ હતા ? તેમજ દરીયાનું ખારું પાણી મીઠું કેવી રીતે થયું ?’’ પોતાના ભક્તનો પ્રશ્ન સાંભળી શ્રીહરિ કહેવા લાગ્યા: ‘‘એ મહાપુરુષ મળ્યા એ રામાનંદ સ્વામી હતા ! એ અમારા હાથનું પ્રસાદીનું પાણી પીવા માટે આવ્યા હતા. તેમજ મીઠું પાણી કર્યું એ તમારા માટે જ અમે કર્યું હતું.

## શ્રીહરિએ સર્વોપરીતા કહી

*‘‘રાખે એક મારો વિશ્વાસ, તેનાં કષ્ટ કરું છું હું નાશ;*
*બીજાં દેવ કે દેવીને વળગે, ત્યારે તજું છું તેને અળગે.*
*મારો નિશ્ચય મન માંહિ પેસે, એની આસ્તા બિજે નવ બેસે;*
*ભૂત પ્રેતનો ભય નવ આણે, જાદુ મંત્ર સાચા નવ જાણે.*
*મારી મૂર્તિમાં મન અનુરાગે, તેને નજર કે ચોટ ન લાગે;*
*કાળ કર્મ કે માયા કદાપી, મારા જનને શકે ન સંતાપી.*
*મારા હાથમાં છે બધી બાજી, એમ જાણી રહે જન રાજી;*
*એવી વાત બહુવિધ કીધી, લાલજીયે દિલે ધરી લીધી.’’*

– હરિલીલામૃત ક–૫, વિ–૨૨

હે વ્હાલા સંતો–ભક્તો ! પ્રગટ પ્રભુ સહજાનંદ મહાપ્રભુજી વિશેષભાવે કહેવા લાગ્યા: ‘‘હે લાલજી ભગત ! જે જે ભક્તોને મારો એકનો વિશ્વાસ હોય છે, તે તે હરિભક્તોનાં જીવનમાં આવેલ આધિ–વ્યાધિ અને ઉપાધિનાં કષ્ટોને અમે નાશ કરીએ છીએ. પરંતુ અમારા સંપ્રદાયના નિયમોને છોડીને બીજાં દેવ કે દેવીઓનો આશ્રય કરે છે, તેને અમો છોડી દઈએ છીએ.

હે લાલજી ભગત ! મારા આશ્રિતો ભૂત–પ્રેતનો ભય રાખતા નથી તથા જાદું મંત્રને સાચા માનતા નથી. જે જે ત્યાગીઓ કે ગૃહસ્થ ભક્તો છે તે સર્વે મારી મૂર્તિઓ સાથે દૃઢ સ્નેહ રાખે તો, તેમને નજર કે ચોટ લાગતી નથી. તેમજ કાળ–કર્મ કે માયા પણ મારા જનને દુ:ખ આપી શકતા નથી. કેમ કે મારા હાથમાં સર્વોપરી સત્તા છે. આ પ્રમાણે જે મારા આશ્રિતો જાણે છે, તેઓ ખૂબ રાજી થાય છે.''

## ધાર્યું નામ તે નિષ્કુળાનંદ

*''પછી ત્યાં થકી ઊઠી સિધાવ્યા, ગામ આધોઈ આગળ આવ્યા;*
*કહે કૃષ્ણ આ પુરમાં સિધાવો, માગી ભિક્ષા તમે અન્ન લાવો.*
*સુણી લાલજી બોલ્યા વચન, મને ઓળખે છે ત્યાંના જન;*
*માટે ભિક્ષા મેં કેમ મગાય ? ઉપહાસ અતિ ઘણો થાય.*
*ત્યારે શ્રીજી કહે કરું એમ, તમને ઓળખે નહીં જેમ;*
*એમ કહી મુછ કાતરી નાખી, માથે ચોટલી પણ નહીં રાખી.*
*કાઢી વસ્ત્ર કોપીન ધરાવી, અંગ પર અલફી પહેરાવી;*
*ધાર્યું નામ તે નિષ્કુળાનંદ, ઉપજ્યો ઉર માંહિ આનંદ.''*

– હરિલીલામૃત ક–૫, વિ–૨૨

હે વ્હાલા સંતો–ભક્તો ! શ્રીહરિજીએ પોતાનો સર્વોપરી મહિમા કહ્યો. તે સાંભળીને લાલજી ભક્ત બહુ રાજી થયા. પછી ભગવાન અને ભક્ત બન્ને ચાલવા લાગ્યા. ચાલતા–ચાલતા આધોઈ ગામ આવ્યું. ત્યાં ગામના ચોરામાં ઉતારો કરીને પ્રગટ પ્રભુ બોલ્યા: ''લાલજી ભક્ત ! અમને ચાલી ચાલીને બહુ ભૂખ લાગી છે, માટે તમે આ ગામમાં જઈને ભિક્ષા માગીને લઈ આવો.''

ત્યારે મંદ મંદ હસીને લાલજી ભક્ત કહેવા લાગ્યા: ''હે મહારાજ ! આ ગામનું નામ આધોઈ છે. આ મારા સસરાનું ગામ છે ! અને અત્યારે મારી પત્ની તથા બન્ને પુત્રો પણ અહીંયાં જ છે. અર્થાત્ આ ગામમાં મને ઘણા નરનારીઓ ઓળખે છે. તેઓ મને ભિક્ષા માગતા જોઈ મારી મશ્કરી કરશે.''

આવું સાંભળી હસતા-હસતા હરિજી બોલ્યા: ''જો એ કારણ હોય તો તમને કોઈ ન ઓળખે એવા બનાવી દઉં, પછી તો ભિક્ષા કરવા જશો ને ?'' આ રીતે કહી લાલજી ભક્તની મુછ ચકમકના પથ્થરથી બાળી (કાતરી) નાખી. તેમજ ચોરણી કઢાવી કોપીન પહેરાવી એના ઉપર અલફી પહેરાવીને બોલ્યા: 'આજથી તમારું નામ 'નિષ્કુળાનંદ સ્વામી' રાખીએ છીએ.'

## ધન્ય ધન્ય તેનો વૈરાગ્ય

*''ધન્ય ધન્ય તેનો વૈરાગ્ય, તર્ત કીધો સંસારનો ત્યાગ;*
*કાચા તાંતણાને તોડે જેમ, તોડ્યું માયાનું બંધન તેમ.*
*મહામુક્ત સમર્થ ગણાય, બીજાથી એવું કામ ન થાય;*
*જેમ થુંક તજે જીભ પરથી, તેમ સંસાર ત્યાગ્યો અંતરથી.''*

– હરિલીલામૃત ક-૫, વિ-૨૨

હે વ્હાલા સંતો-ભક્તો ! લાલજી ભક્તને આ રીતે તત્કાળ સાધુ કરી નિષ્કુળાનંદ સ્વામી નામ પાડ્યું, તે જોઈને તેમને અતિ આનંદ થયો. તેથી તો શ્રીહરિલીલામૃત ગ્રંથકર્તા આચાર્ય વિહારીલાલજી મહારાજ કવિ દલપતરામ પાસે લખાવતા આનંદ વ્યક્ત કરે છે કે, 'લાલજી ભક્તના વૈરાગ્યને ધન્યવાદ છે, કેમ કે કોઈ પણ તર્ક કર્યા વિના શ્રીજી મહારાજનાં એક વચને સંસારનો ત્યાગ કરી સાધુ બની ગયા !

જેમ કાચા દોરાને તોડતા વાર લાગતી નથી - એજ પ્રમાણે લાલજી ભક્તને માયાનું બંધન તોડતા વાર ન લાગી ! એ તો સમર્થ મુક્તથી જ શક્ય બની શકે, બીજા આવું ન કરી શકે ! જેમ જીભ ઉપરથી થુંક છોડવું સહેલું ગણાય છે, એજ રીતે લાલજી ભક્તે પણ અંતરથી સંસાર છોડી દીધો.

હે ભક્તો ! લાલજી ભગત સંસારમાં જળકમળવત્ રહેતા હતા, તેથી તો શ્રીહરિએ સાધુ બનવાનું કહ્યું તુરંત તૈયાર થઈ ગયા; નહિતર નાનાં-નાનાં બે સંતાનો, યુવાન પત્ની અને સુખ-સંપત્તિ તાત્કાલીક છૂટે ખરી ? અર્થાત્ ન છૂટે. એટલા માટે તો સ્વયં પ્રગટ પ્રભુ શ્રીહરિએ તેમનું નામ વૈરાગ્યમૂર્તિ રાખેલ છે. કારણ કે વૈરાગ્યવાળાને સ્થાવર-જંગમ કે સજીવ-નિર્જીવ છોડવું કઠીન પડતું નથી.

## જાવ ભરથરી જેવું કરો

હે વ્હાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિજીએ લાલજી ભક્તને આધોઈ ગામમાં દીક્ષા આપી સંત બનાવ્યા ત્યારે આષાઢી સંવત્ ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪) ની સાલ હતી. એ સમયે લાલજી ભક્તની ઉંમર ૩૮ વર્ષની હતી. દીક્ષા આપ્યા પછી શ્રીહરિએ આદેશ કર્યો: ‘‘મુનિ નિષ્કુળાનંદ ! હવે રાજા ભરથરી જેવું કરો ! ભરથરી રાજાને એના ગુરુ મછંદરનાથે (મત્સ્યેન્દ્રનાથ) જ્યારે દીક્ષા આપી ત્યારે કહેલું: ‘‘જાવ ભરથરી ! તમારી પત્ની પીંગલા પાસે જઈ માતા કહી ભિક્ષા લઈ આવો.’’ પછી ભર્તૃહરિ પીંગલા પાસે જઈ ભિક્ષા માગી લાવ્યા હતા. એ રીતે તમે કરો.

હે ભક્તો ! શ્રીહરિની આજ્ઞા થતાં જ નિષ્કુળાનંદ સ્વામી તરત જ ખભે ઝોળી ભરાવી ઉપડ્યા પોતાના સસરાના ઘેર !

ત્યાં જઈ ફળિયામાં ઊભા રહી ઉંચા સાદે બોલ્યાઃ ‘નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભુ.’ એ સમયે તેમના પૂર્વાશ્રમનાં ધર્મપત્ની કંકુબાઈ રોટલા બનાવતા હતા. કોઈ ભૂખ્યા બાવાજી હશે, એમ માની હાથમાં ગરમ રોટલો લઈ બહાર આવ્યા.

આવીને જોયું ત્યાંતો ઓળખી ગયા. પોતાના જ પતિ સાધુના સ્વાંગમાં ! ભગવાં વસ્ત્રોમાં પતિને જોયા એટલે મુખમાંથી બૂમ નીકળી ગઈ : ‘બા ! જલદી બહાર આવીને જુઓ, ભિક્ષા માગવા કોણ આવ્યું છે.’ આ રીતે બોલી ઉચ્ચ સ્વરે રડવાં લાગ્યાં. પોતાની દીકરીનો રડવાનો અવાજ સાંભળીને માતાએ ઉતાવળે પગે બહાર આવીને જોયું ત્યાંતો પોતાના જમાઈને સાધુનાં વસ્ત્રોમાં જોયા !

## કંકુબાઈ મારા માટે મા સમાન

હે ભક્તો ! પછી મા–દીકરી એકદમ ઉતાવળા નજીક આવીને રડતાં રડતાં પૂછવા લાગ્યાંઃ ‘‘અરે ! આ તમે શું કર્યું ? તમને કાંઈ શરમ ન આવી ? આ છોકરાંઓ ઉપર પણ દયા ન આવી ? તમારે બાવા જ બનવું હતું તો લગ્ન પહેલાં બની જવું હતુંને ? ઉતારો જલદી ભગવાં લુગડાં ને ચાલો ઘરમાં જમવા.’’

ત્યારે નીચી દૃષ્ટિ રાખીને વૈરાગી સ્વામી બોલ્યાઃ ‘‘પ્રગટ પ્રભુની સેવા કરવા માટે મેં કાયમ માટે સંસારનો ત્યાગ કરી દીધો છે. આજથી કંકુબાઈ મારા માટે માતા સમાન છે ! અત્યારે પ્રગટ પ્રભુ શ્રીહરિ આધોઈ ગામના ચોરામાં ભૂખ્યા બેઠા છે, તેથી હું તેઓને જમાડવા માટે ભિક્ષા માગવા આવ્યો છું, માટે મને ભિક્ષા આપી અતિથિ ધર્મનું પાલન કરો.’’

નિષ્કુળાનંદ સ્વામીની વૈરાગ્યથી નિતરતી વાણી સાંભળી તુરંત પોતાનાં બન્ને બાળકોને સ્વામીના પગમાં મુકી વિનંતી કરતા કહ્યું: ''આ બન્ને દીકરા તમારા છે, એનો તો વિચાર કરો, એને મોટા કોણ કરશે ? એને ખવડાવીને મોટા કરવા માટે મારે કોની આગળ વારમવાર હાથ લાંબા કરવા ?''

ત્યારે સ્વામીએ કહ્યું: ''તમે બધા જ ઘરના લોકો શાંતિથી રહી શકો, જમી શકો, દરેક વ્યવહાર કરી શકો એટલી મૂડી મેં ભેગી કરી રાખી છે. એમાંથી આખી જિંદગી ખાશો-પીશો તોપણ ખૂટશે નહિ. હવે મારી સંસારમાં આવવાની આશા રાખશો નહિ.'' સ્વામીના મક્કમ નિર્ધારને અંતે રડતાં હૃદયે-આંખમાં આંસુઓ સાથે કંકુબાઈએ રોટલા વગેરે લાવી ભિક્ષાન્ન ઝોળીમાં મૂક્યું. એટલે નિષ્કુળાનંદ સ્વામી ગામના ચોરામાં આવ્યા અને સર્વે હકીકત શ્રીહરિને કહી સંભળાવી. પછી શ્રીહરિ જમ્યા અને પ્રસાદી સ્વામીને આપી.

## *શ્રીહરિજી તરફથી વરદાન*

*''વળી બોલિયા દેવ મુરારી, હવે છે કાંઈ ઈચ્છા તમારી ?*
*રામાનંદે કહ્યું હતું જેહ, કહો સ્મરણમાં તમને છે તેહ ?*
*સાધુ કરવા ઈચ્છા થશે જ્યારે, લેશું તમને બોલાવી તે વારે;*
*સુણી બોલ્યા મુનિ સાક્ષાત્, મને સાંભરે છે તેહ વાત.*
*તમે સાધુની જે દીક્ષા દીધી, મારી આશા સંપૂરણ કીધી.*

– હરિલીલામૃત ક-૫, વિ-૨૨

હે વ્હાલા સંતો-ભક્તો ! પ્રગટ પ્રભુ શ્રીહરિજી લાલજી ભક્તને દીક્ષા આપીને ભિક્ષા જમ્યા બાદ પૂછવા લાગ્યા: ''હે લાલજી ભક્ત ! રામાનંદ સ્વામીને તમે જ્યારે સાધુ થવાની વાત

કરેલી ત્યારે સ્વામીએ તમને કહેલું કે, 'અમોને સાધુ કરવાની ઈચ્છા થશે, ત્યારે તમોને બોલાવીને સંતની દીક્ષા આપી દેશું, એ ઈચ્છા અમોએ પૂર્ણ કરી છે. હવે તમારી કોઈ બીજી ઈચ્છા હોય તે જણાવો.'

મહારાજના મુખમાંથી નીકળેલ મધુર વાણી સાંભળીને નિષ્કુળાનંદ સ્વામી પ્રણામ કરીને બોલ્યાઃ ''હે પ્રગટ પ્રભુ ! આપે મારા ઉપર અપાર કૃપા કરીને ભાગવતી દીક્ષા આપી ઘણાં વર્ષો પહેલાંની સાધુ થવાની ઈચ્છા પૂર્ણ કરી છે.

*''હવે માગું છું એક વચન, આપો ભક્તિ તમારી અનન્ય;*
*કોઈ દેવ દેવીનો લગાર, મારા મનમાં રહે નહિ ભાર.''*

– હરિલીલામૃત ક–૫, વિ–૨૨

પરંતુ વિશેષમાં મારી એક અરજી છે કે આપની ભક્તિ મારા જીવનમાં કાયમ રહે; વળી કોઈ પણ ઐશ્વર્યવાન દેવ કે દેવીઓ હોય તેના પ્રત્યે મારું મન ક્યારેય પણ ખેંચાય નહિ. તમારી આજ્ઞા અને તમારી ઉપાસના પ્રત્યે જ મારી પતિવ્રતાની ભક્તિ અચળ રહે. અન્યાશ્રયનો ક્યારેય પણ સંકલ્પ ન થાય, એવી કૃપા કરો.''

હે ભક્તો ! વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીની આવી માગણી સાંભળી મહાપ્રભુ શ્રીહરિ બહુ જ રાજી થયા અને ભેટીને કહેવા લાગ્યાઃ ''તમારી ઈચ્છા પ્રમાણે જ તમને ભક્તિ વગેરે પ્રાપ્ત થશે. અમારા વિષે તમારી સર્વોપરી ભક્તિ કાયમ વધતી રહેશે. તમારી ભક્તિમાં કોઈ વિઘ્ન નહિ આવે, આવું અમો રાજી થઈને વરદાન આપીએ છીએ.''

## સંપ્રદાયનો સૌ પ્રથમ ગ્રંથ

*''ભલા લુવાણા ભક્તજન, તેનું ઠક્કર કચરો નામ;*
*એ તો વસે આધોઈમાં, તેને ઘેર ગયા ઘનશામ.*
*તેહનો નેહ નિહાળીને, રહ્યા શ્રીહરિ ત્યાં બે રાત;*
*નિષ્કુળાનંદનો રાખિયા, ત્યાં કરવા પ્રભુની વાત.*
*વળિ કહ્યું કરજો તમે, જમદંડ નામે ગ્રંથ;*
*પછી પ્રભુજી પધારિયા, ભુજનગર કેરે પંથ.''*

– હરિલીલામૃત ક–૫, વિ–૨૨

હે વ્હાલા સંતો–ભક્તો ! આધોઈ ગામમાં લુવાણા જ્ઞાતિમાં કચરા ભક્ત રહેતા હતા. વ્યવહારે તેઓ ગરીબ હતા, પણ દિલના મોટા અમીર હતા. પ્રગટ પ્રભુ પ્રત્યે બહુ પ્રેમ હતો. તેમના સ્નેહને વશ થઈ શ્રીહરિ અને નિષ્કુળાનંદ સ્વામી તેના ઘેર પધાર્યા. પ્રભુનાં દર્શન થતાં તો કચરા ભક્ત ભાવ–વિભોર બની ગાંડા–ઘેલા બની ગયા ! તેમનો અતિ આગ્રહ જોઈ શ્રીહરિ ત્યાં બે રાત્રી રોકાયા.

પછી ભુજ જવાની તૈયારી કરી શ્રીહરિએ નિષ્કુળાનંદ સ્વામીને આજ્ઞા કરી: ''તમે આ આધોઈ ગામના ચોરામાં રોકાઈને 'યમદંડ' નામનો ગ્રંથ લખજો. અમે એકલા કચ્છ–ભુજ જઈશું.'' ત્યારે હસતા હસતા સ્વામી બોલ્યા: ''અરે મહારાજ ! હું ક્યાં પીંગલશાસ્ત્ર ભણ્યો છું. કાળા અક્ષર કુહાડે માર્યા. મને શું લખતા આવડે ?''

હે ભક્તો ! આવું સાંભળી પ્રગટ પ્રભુ વરદાન આપતા બોલ્યા: ''તમે જે લખશો તે કવિતા થશે અને જે બોલશો તે છંદ–છપ્પઈ અને ચોપાઈમાં ગોઠવાઈ જશે.'' આ રીતે વરદાન

આપી શ્રીહરિ ભુજ ગયા. પછી મહાવિશ્વાસુ મહામુનિએ તરત જ સાહિત્ય-સર્જનની સેવા સ્વીકારી લીધી. સ્વામીની વાણી એટલે ગંગાજીનું પાણી. મુમુક્ષુઓનાં અંતર સાફ કરવાની નિસરણી. તેથી તો ભગવાનને ભેટાડવા માટે જ પ્રગટેલી આ ભાગીરથી પૂરપાટ વહેતી થઈ ! પછી પ્રભુના વરદાન મુજબ નિષ્કુળાનંદ સ્વામીએ આધોઈ ગામના ચોરામાં રહી સં. ૧૮૬૦ માં (ઈ.સ. ૧૮૦૪) 'યમદંડ' નામનો ગ્રંથ લખ્યો ! જે ગ્રંથ સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રથમ ગ્રંથ ગણાય છે ! આજે એ ગ્રંથની સંતો દ્વારા કથાઓ થાય છે.

## સ્વામીની વૈરાગ્યસભર વાણી

હે વ્હાલા સંતો-ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામીને યમદંડ ગ્રંથ લખવાની આજ્ઞા કરી પ્રગટ પ્રભુ શ્રીહરિજી મહારાજ એકલા જ પગપાળા ચાલતા ચાલતા કચ્છી ભક્તોને દર્શન દેવા માટે ભુજ પધાર્યા અને સૌ ભુજવાસી ભક્તો તેમજ ગામડાંઓમાં રહેતા કચ્છી ભક્તોને ઘેર પધારી સૌ નરનારીઓનાં મનોરથ પૂર્ણ કર્યા.

આ બાજુ આધોઈ ગામમાં ચોરામાં રહીને યમદંડ ગ્રંથનું લેખન કરતા નિષ્કુળાનંદ સ્વામી પાસે તેમના સાસરીયા પક્ષના અનેક નરનારીઓ સ્વામીનાં પૂર્વાશ્રમનાં ધર્મપત્ની કંકુબાઈ અને બન્ને પુત્રો માધવજી તથા કાનજીને લઈ ગામના ચોરામાં આવી સ્વામીને સમજાવવા લાગ્યા. ત્યારે સ્વામીના અંતરમાંથી વૈરાગ્યસભર એક કીર્તનની સ્ફૂરણા થઈ ! તેથી સ્વામી ગાવા લાગ્યા:-

*‘‘મુને સપનો ન ગમે રે સંસાર, કો’ને કેમ કિજીએ;*
*વમન થયું મન ઊતર્યું, એવો લાગ્યો રે સંસાર.’’*

આ કીર્તન બોલીને બીજું એક પદ બોલવા લાગ્યા:

*‘‘મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;*
*સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ.*
*કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહાં હૈ ઘડનનહારા;*
*જબતે મોયે સદ્‌ગુરુ મિલિયા, મીટ ગયા સર્વે ચાળા. મૈં હું૦*
*કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત;*
*કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત. મૈં હું૦*
*નહિ રહ્યા મૈં નહિ ગયા મૈં, નહિ સુધર્યા નહિ બિગડા;*
*હમે હમારા કુળ સંભાર્યા, મત કરના કોઉ ઝઘડા. મૈં હું૦*
*પાનીમેં સે પુરુષ બનાયા, મળમૂત્ર કી ક્યારી;*
*મિલ્યા રામ ને સર્યા કામ, અબ ન રહી કોઉસે યારી. મૈં હું૦*
*આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત કામા;*
*તે કારણ આ નરતન ધરિયા, સો જાનત હૈ રામા. મૈં હું૦*
*જે કારન આ નરતન ધરિયા, વે સરિયા હૈ કામ;*
*નિષ્કુળાનંદ કહે પ્રગટ મિલે મોહે, ટળ્યા નામ રૂપ ઠામ. મૈં હું૦*

## માતા પાસેથી ભિક્ષા લેવા આવ્યા

હે વ્હાલા સંતો-ભક્તો ! ઉપરોક્ત બન્ને રચના દ્વારા અંતરમાંથી પ્રગટેલા વૈરાગ્ય-યુક્ત પદ સહુ આગળ ગાઈને પોતાના અંતરમાં વહેતા વૈરાગ્યની ખુમારી બતાવી. આવી વૈરાગ્યની ચોટમય વાણીની અસર સહુને થવા લાગી, તેથી સમજાવવાનું માંડી વાળ્યું.

એ સમયે કચ્છ પ્રદેશમાં પધારેલા પ્રગટ પ્રભુ શ્રીહરિ ત્યાં પધાર્યા. ત્યારે યમદંડ ગ્રંથ પદ્યમાં લખાઈ ગયો હતો. પછી સ્વામીને સાથે લઈ શ્રીહરિ જોડિયા થઈ મોડા ગામ પધાર્યા. ત્યાં પ્રગટ પ્રભુએ કહ્યું: ''નિષ્કુળાનંદ સ્વામી ! હવે અમારી બીજી આજ્ઞાનું પાલન કરવા માટે તમે તમારી જન્મભૂમિ શેખપાટ ગામમાં જાઓ અને તમારાં માતા અમૃતબાના હાથની ભિક્ષા માંગી લાવો !

હે ભક્તો ! મહાપ્રભુ શ્રીહરિની આજ્ઞા થતાં તુરંત જ સ્વામી શેખપાટ આવ્યા અને પોતાને ઘેર આવી ઉંચા સાદે આહલેક પોકારી : ''નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભુ ! ભિક્ષાન્ન દેહી'' કઈ માતા પોતાના દીકરાનો અવાજ ન ઓળખી શકે ? અર્થાત્ અમૃતબા અવાજ ઓળખી ગયા અને ઘરમાંથી ઉતાવળા ચાલી ઓસરીમાં આવીને જોયું ત્યાંતો ફળિયામાં ભગવાં વસ્ત્રોમાં પોતાના પુત્રને જોયા !! તેથી પોક મૂકી મોટા અવાજે રડવાં લાગ્યાં.

આ વાતની વાયુવેગે આખા ગામમાં ખબર પડી ગઈ, તેથી ગામનાં નરનારીઓ આબાલ-વૃદ્ધ સૌ ત્યાં આવ્યાં. એ સમયે માતાને ઉદ્દેશીને સ્વામી કીર્તન બોલવા લાગ્યા. પોતાના અંતરના ઊંડાણમાંથી શબ્દોની સરવાણી વાણી દ્વારા વહેવા લાગી:-

*''જનુની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી''*
*''ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી.''*

## સ્વામીને સંસારી બનાવવાના પ્રયત્નો

હે ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામી કીર્તન બોલ્યા, પરંતુ અમૃતબાએ રડવાનું બંધ ન કર્યું. ત્યાંતો ઘરમાંથી તેમનાં પત્ની કંકુબાઈ બન્ને પુત્રોને લઈ ફળિયામાં આવ્યાં અને સ્વામી આગળ છોકરાંઓને બેસાડી તે પણ પોક મૂકીને રડવાં લાગ્યાં ! વાતાવરણ ધીર–ગંભીર બની જતાં સ્વામી ગામના ચોરામાં જઈને બેઠા.

ત્યાં પણ આખું કુટુંબ આવ્યું અને સ્વામીને ભગવાં વસ્ત્રો ઉતારી સંસારમાં પાછા આવી જવા સમજાવવા લાગ્યા, પણ સ્વામી તો વૈરાગ્યથી રસબસ થયેલાં કીર્તનો એક પછી એક બોલવા લાગ્યા ! ત્યારે એમનાં પૂર્વાશ્રમનાં પત્ની કંકુબાઈએ નાના દીકરા કાનજીને કહ્યું: ''તું તારા પિતાના ખોળામાં જઈને બેસી જા, એટલે તેઓ ઘેર આવશે.'' તેથી નાનો એવો કાનજી ગોઠણીયા ભેર ચાલતો ચાલતો સ્વામીના ખોળામાં જઈ બેસી ગયો !

હે ભક્તો ! જેના એક એક રૂંવાડામાંથી વૈરાગ્યની સેર્યો વહી રહી છે, એવા બૃહદ વૈરાગી નિષ્કુળાનંદ સ્વામી જરા પણ ચલાયમાન ન થયા ! અને બોલ્યા: ''આ ગાય નથી તે પારસો વાળે, આ તો ગોધો છે, તેથી હેતનો પારહો નહિ મૂકે, માટે લઈ જાવ આ છોકરાને.''

સ્વામી આવું બોલ્યા એટલે ગામના આગેવાન દરબાર સોઢા બાપુએ કડક ભાષામાં દાદાગીરી અજમાવી જોઈ, પરંતુ સ્વામીના વૈરાગ્યમાં કાંઈ ફેર ન પડ્યો. ત્યાં પણ સ્વામીએ ગાયું:

***''મને સ્વપ્ને ન ગમે રે સંસાર, કહોને કેમ કીજીયે રે''***

હે ભક્તો ! સૌ કોઈએ પ્રયત્નો કરી જોયા, પણ સ્વામી મક્કમ રહ્યા, તેથી અમૃતબાને મનાવી સાધુ થવાની હા કહેડાવી, ભિક્ષા અપાવી. ત્યારબાદ માતા અમૃતબાની હાથથી ભિક્ષા લઈ નિષ્કુળાનંદ સ્વામી બોલ્યાઃ ''પટારા નીચે પાંચ હજાર કોરી છે અને ઘરના આથમણા કરાને ખૂણે એક હજાર કોરી છે, એ કાઢીને આજીવિકા ચલાવજો.'' ત્યારબાદ સ્વામી મોડા ગામ આવ્યા. ત્યાં શ્રીહરિ રાજી થઈને સ્વામીને ભેટ્યા. ત્યાંથી જૂનાગઢ પધાર્યા. ત્યાં શ્રીહરિએ સ્વામી પાસે સ્વરચિત યમદંડ ગ્રંથની કથા કરાવી આશીર્વાદ આપ્યા.

## વૈરાગ્યમૂર્તિનું વિશેષણ

હે વ્હાલા સંતો-ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામીએ આધોઈ ગામમાં જઈ પોતાની પત્નીને માતા કહી ભિક્ષા માગીને લાવ્યા તેમજ શેખપાટ જઈ પોતાનાં માતા પાસેથી પણ ભિક્ષા લઈ ગઢપુર આવ્યા. બન્ને જગ્યાએ ભલભલાના વૈરાગ્ય ઉતરી જાય એવાં બન્ને પાત્રો હતાં, છતાં પણ સ્વામી પાસ થઈ ગયા, એટલે રાજી થઈને પ્રગટ પ્રભુ શ્રીહરિએ તેમને 'વૈરાગ્ય-મૂર્તિ' કહીને સભામાં નવાજ્યા હતા. ત્યારથી તેઓ વૈરાગી તરીકે પ્રસિદ્ધિને પામ્યા. એજ રીતે ઘણા સંતોને ઉપમા આપવામાં આવે છે. જેમ કે,

'સત્સંગની મા એટલે મુક્તાનંદ સ્વામી.'
મૂળઅક્ષરમૂર્તિ એટલે ગોપાળાનંદ સ્વામી.
યતિરાજ એટલે બ્રહ્માનંદ સ્વામી.
પંડીતવર્ય એટલે નિત્યાનંદ સ્વામી.
ઐશ્વર્ય મૂર્તિ એટલે સચ્ચિદાનંદ સ્વામી.
જ્ઞાન મૂર્તિ એટલે સ્વયંપ્રકાશાનંદ સ્વામી.

ધ્યાન મૂર્તિ એટલે શતાનંદ (સંતદાસ) સ્વામી.
પ્રેમ મૂર્તિ એટલે પ્રેમાનંદ સ્વામી.
અખંડ મૂર્તિ ધારક એટલે સિદ્ધાનંદ સ્વામી.
શ્રીજી સેવા મૂર્તિ એટલે મૂળજી બ્રહ્મચારી.
ધર્મ મૂર્તિ એટલે આત્માનંદ સ્વામી.
આજ્ઞા મૂર્તિ એટલે કૃપાનંદ સ્વામી.
વ્યવહારકુશળ મૂર્તિ એટલે આનંદાનંદ સ્વામી.
આત્મનિષ્ઠ મૂર્તિ એટલે સ્વરૂપાનંદ સ્વામી.
પત્ર લેખન મૂર્તિ એટલે શુકાનંદ સ્વામી.

## કારિયાણીનો પ્રસંગ

હે વ્હાલા સંતો-ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામી સંપ્રદાયમાં વૈરાગી સ્વામી તરીકે ઓળખાવા લાગ્યા. ગઢપુરમાં સંતોની સાથે ધર્મશાળામાં રહેવા લાગ્યા અને શ્રીહરિની આજ્ઞાથી કીર્તનો બનાવી શ્રીજી મહારાજને બતાવી સ્વયં ગાઈને પ્રગટ પ્રભુને રાજી કરવા લાગ્યા. તેમજ શ્રીજી મહારાજની આજ્ઞાથી નાના-મોટા ગ્રંથો પણ પદ્યમાં બનાવી પ્રભુને બતાવી રાજીપો મેળવવા લાગ્યા.

સમય પછી સમય વ્યતીત થવા લાગ્યો. એક વખત શ્રીજી મહારાજ સાથે નિષ્કુળાનંદ સ્વામી કારિયાણી ગામ આવ્યા. ત્યાં શ્રીહરિએ મોટો સમૈયો કર્યો હતો. તે વખતે અક્ષર-ઓરડીમાં ઉત્તર-દક્ષિણ ઢોલીયો ઢળાવીને શ્રીહરિ તે ઉપર બિરાજમાન હતા. ત્યારે બારણમાં બેસીને શુકાનંદ સ્વામી લખતા હતા.

એ સમયે એક હરિભક્ત આવીને પ્રભુને દંડવત કરવા લાગ્યા. ત્યારે મહાપ્રભુ શ્રીહરિએ તેને પૂછ્યુંઃ ''તમે ક્યાંથી

આવ્યા ?'' ત્યારે તેણે કહ્યું: ''હું વડોદરાથી આવ્યો.'' તુરંત મહારાજે પૂછ્યું: ''વડોદરામાં ગોપાળાનંદ સ્વામી તથા સર્વે હરિભક્તો સુખી છે ને ?'' ત્યારે હરિભક્તો બોલ્યા: ''ગોપાળાનંદ સ્વામી તો અહીં આવે છે. હું એમની સાથે જ હતો.

આવું સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા: ''સોમલા ખાચર અને શુકમુનિ ! ચાલો ચાલો સ્વામી આવે છે, તેથી તેમના સામા જઈએ. આ પ્રમાણે કહી સંતો-ભક્તો સાથે શ્રીહરિ અતિ હેતથી ઉતાવળા ચાલવા ચાલ્યા. એ સમયે શ્રીજી મહારાજે હલકી શ્વેત (સફેદ) ચાદર ઓઢી હતી અને રઘુવીરજી મહારાજનો હાથ ઝાલીને ચાખડીએ ચડી ચાલતા હતા.

## સુખી તો એવા જ હશે ને ?

હે વ્હાલા સંતો-ભક્તો ! હાલમાં કારિયાણી ગામમાં મંદિરનો દરવાજો થોડો દૂર છે, ત્યાં સંતો-ભક્તોનો સંઘ ભેગો થયો. ત્યારે ગોપાળાનંદ સ્વામી વગેરે સંતો રાજી થઈ શ્રીહરિને દંડવત કરવા લાગ્યા. ત્યાંતો શ્રીજી મહારાજે અતિ હેતપૂર્વક તેને બાથમાં લીધા ને મળ્યાં.

પછી શ્રીજી મહારાજે પૂછ્યું: ''યોગીરાજ ! તમે સુખી છો ને ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું: ''હા મહારાજ ! આપની કૃપાથી સુખી છું.'' ત્યારે નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા: ''મહારાજ ! ગોપાળાનંદ સ્વામી વડોદરા જેવું મોટું શહેર સેવીને આવે છે, તે સુખી તો એવા જ હશે ને ?'' અર્થાત્ સ્વામીએ મર્મ ભરેલાં વચનો કહ્યાં કે, 'શહેરમાં તો સારાં સારાં પદાર્થો-મેવા-મીઠાઈ અને સારાં સારાં ફળો સૂકોમેવો-લીલોમેવો વગેરે પ્રેમી ભક્તો લાવતા હોય, એટલે સુખી તો હોય જ ને ?''

આવી વ્યંગ ભરેલી વાણી સાંભળી શ્રીજી મહારાજ તરત બોલ્યા: ''એ કાંઈ તમારા જેવા નથી કે તેમને શહેર બાધ કરે. તેતો શહેરને વન કરે ને વનને શહેર કરે, તેવા સમર્થ છે.'' આ પ્રમાણે જવાબ આપી સ્વામીનો હાથ ઝાલીને ચાલ્યા ને અક્ષર–ઓરડીમાં જઈ ઢોલિયા ઉપર બેઠા. પછી શુકાનંદ સ્વામીએ ધાબળી પાથરી આપી, તેના ઉપર ગોપાળાનંદ સ્વામી શ્રીજી મહારાજની સન્મુખ બેઠા.

પછી શ્રીહરિએ ફરીને વડોદરાના ભક્તોના તથા ચરોતરના ભક્તોના ખબર પૂછ્યા, ત્યારે સ્વામીએ બધા સમાચાર કહ્યા. પછી શ્રીહરિએ કહ્યું: ''યોગીરાજ ! હવે ઉતારે જાઓ ને વહેલાં આવજો.'' પછી સ્વામી પ્રણામ કરીને ઉતારે ગયા.

## સ્વામીને થાળની પ્રસાદી આપી

હે વ્હાલા સંતો–ભક્તો ! શ્રીજી મહારાજને જમવાનો સમય થયો એટલે મૂળજી બ્રહ્મચારી થાળ લાવ્યા. તેથી મહારાજ જમવા લાગ્યા. પરંતુ જમતા–જમતા વારંવાર ગોપાળાનંદ સ્વામીને સંભારતા જાય ને જમતા જાય. પછી જમીને ચળું કરીને બોલ્યા: ''બ્રહ્મચારી ! આ થાળની પ્રસાદી ગોપાળાનંદ સ્વામીને આપી આવો.''

શ્રીજી મહારાજની આજ્ઞા થતાં જ બ્રહ્મચારીએ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય પુરુષાનંદ સ્વામીને બોલાવીને થાળની પ્રસાદી આપી. પછી તેને લઈ ગોપાળાનંદ સ્વામીને આપી, તેથી સ્વામી પણ પ્રસાદી–થાળ ધીરે ધીરે જમવા લાગ્યા.

આ બાજુ થાળ જમીને શ્રીજી મહારાજ થોડીવાર માટે પોઢી ગયા. પછી જાગીને મુખશુદ્ધિ કરી – કોગળા કરી

જળપાન કરીને કહ્યું: ''ગોપાળાનંદ સ્વામીને બોલાવી લાવો.'' પછી સોમલા ખાચર બોલાવવા ચાલ્યા. ત્યારે ઓસરીમાં રતનજી હતા, તેમણે કહ્યું: ''તમે અહીં રહો, હું હમણાં જ બોલાવી લાવું છું.'' ત્યારે શ્રીજી મહારાજે રતનજીને કહ્યું: ''ગોપાળાનંદ સ્વામી એકલા જ આવે, એવું કહેજો.

હે ભક્તો ! પછી પાર્ષદ રતનજીએ ગોપાળાનંદ સ્વામી પાસે જઈને પ્રણામ કરીને સર્વે વાત કરી, એટલે સ્વામી તુરંત જ તૈયાર થયા અને અક્ષર–ઓરડીમાં આવી શ્રીહરિને પ્રણામ કરીને ધાબળા ઉપર બેઠા.

## *નિષ્કુળાનંદ સ્વામી અક્ષર-ઓરડીમાં*

હે વ્હાલા સંતો–ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી શ્રીહરિની સામે બેઠા એટલે પ્રગટ પ્રભુ બોલ્યા: ''સ્વામી ! તમને એક વાત કરવી છે.'' ત્યારે સ્વામીએ હાથ જોડીને કહ્યું: ''હે દયાળુ મહારાજ ! જે કહેવું હોય તે સુખેથી કહો. હું તો આપનો દાસ છું.''

એ સમયે નિષ્કુળાનંદ સ્વામી શ્રીજી મહારાજને સ્નાન કરાવવા માટે કૂવા પાસે ચોકડી અને કુંડી કરાવીને તેને ચુનો દેવરાવતા હતા. ત્યાં તેમને સંકલ્પ થયો કે, 'ગોપાળાનંદ સ્વામી વડોદરાથી આવ્યા છે. તેમને વાત કરવા શ્રીજી મહારાજે અહીં બોલાવ્યા છે, તેથી એવું લાગે છે કે શ્રીજી મહારાજ બહુ સારી વાત કરવાના હશે, એટલે એ વાત સાંભળવા હું પણ જાઉં.''

આ રીતે મનોમન નક્કી કરી હાથ ધોઈ અક્ષર–ઓરડીમાં (કારિયાણીની અક્ષર–ઓરડી) જઈ ગોપાળાનંદ સ્વામીની બાજુમાં

જઈ બેસી ગયા ! ત્યારે શ્રીજી મહારાજે કહ્યું: ''સ્વામી ! તમે અહીં આવીને બેસી ગયા છો, તેથી દાડીયા કૂવા ઉપર બરાબર કામ નહિ કરે, માટે ત્યાં જાવ અને બરાબર સેવા કરાવો.''

શ્રીહરિજીએ જવાનું કહ્યું એટલે વચનનો ભંગ ન કરાય, એ ન્યાયે નિષ્કુળાનંદ સ્વામી ઊભા થઈને કુંડી વગેરેનું કામ થતું હતું ત્યાં જઈને બેઠા. થોડીવાર પછી કાનની વૃત્તિ મોહનવરની વાતો સાંભળવા તલપાપડ થઈ એટલે કડિયાને કામ બતાવી ફરીને અક્ષર-ઓરડીમાં આવી મહારાજ સામે બેસી ગયા. તેથી પ્રગટ પ્રભુએ ફરીને પૂછ્યું: ''ફરીને કેમ આવ્યા ? અમોએ કહ્યું હતું કે કૂવા પાસે જ રહેજો. તમારા વિના ત્યાં સારું કામ નહિ થાય.'' તેથી સ્વામી હાથ જોડી ઊભા થઈ ગયા અને ફરીને મજૂરો પાસે જઈને ઊભા રહી ગયા.

## ધામમાંથી આવવાના છ હેતુઓ

હે વ્હાલા સંતો-ભક્તો ! થોડીવાર થઈ ત્યાંતો સ્વામીનું મન ચકડોળે ચડ્યું હોય એમ સંકલ્પ કરવા માંડ્યું. સ્વામીએ વિચાર્યું કે, 'આજે કંઈક રહસ્યોની વાતો થવાની લાગે છે, તેથી જ મહારાજ મને તેઓની સાથે બેસીને વાતો સાંભળવા દેતા નથી. પરંતુ મારે તો એ રહસ્યોની વાતો સાંભળવી જ છે.'

આ પ્રમાણે નક્કી કરી કારીગરો પાસે કામ શરુ કરાવી ત્રીજી વાર શ્રીહરિ પાસે આવીને બેસી ગયા ! તે જોઈ ફરીને શ્રીહરિ બોલ્યા: ''સ્વામી ! પાછા કેમ આવ્યા ? તમે અહીં આવ્યા છો, પણ ત્યાં ટીપણી મોળી બોલે છે.'' તેથી ફરીને સ્વામી કૂવા કાંઠે ગયા ને થોડીવાર પછી ફરીને પાછા આવી વાત સાંભળવા માટે બારણાની બાજુમાં જઈ બેસી ગયા !

હે ભક્તો ! અંતર્યામી શ્રીહરિ બધું જ જાણે છે, છતાં પણ અજાણ્યાની જેમ ગોપાળાનંદ સ્વામીને વાત કરવા લાગ્યા: ‘‘હે યોગીરાજ ! આપણે અક્ષરધામમાંથી આંહી પૃથ્વી ઉપર શા માટે આવ્યા છીએ, એનું કારણ તમે જાણો છો ?’’ ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘ના મહારાજ, હું નથી જાણતો.’’ (ભક્તો ! ગોપાળાનંદ સ્વામી તો અંતર્યામી મહાપુરુષ છે, તેથી બધું જ જાણે છે; તોપણ શ્રીહરિના મુખથી પરાવાણી સાંભળવી છે, તેથી અહીં ના કહે છે.)

પછી શ્રીજી મહારાજ કહેવા લાગ્યા: ‘‘હે સ્વામી ! આપણે છ હેતુ આ લોકમાં પ્રવર્તાવવા સારું આવ્યા છીએ,. તે કયા છ હેતુ ? તો એક શ્રી પુરૂષોત્તમ નારાયણનું સર્વોપરી જ્ઞાન અને ઉપાસના પ્રવર્તાવવી. બીજું, આજ સુધીમાં થયેલા અવતારોને (નારદ–કપિલ–વ્યાસ–સનકાદિક વગેરે) તથા ભક્તોને અક્ષરધામમાં લઈ જવા. ત્રીજું આ પૃથ્વીને વિષે એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. ચોથું ભક્તિ–ધર્મને સુખ દેવું. પાંચમું આ લોકમાં તીર્થ, વ્રત, દાન, તપ વગેરે કરતા એવા જે કેટલાક યોગભ્રષ્ટ જીવો, તેને અક્ષરધામમાં લઈ જવા અને છઠ્ઠું, અમારા ભક્તને સંબંધે કરીને અનંત જીવોને અક્ષરધામમાં લઈ જવા. એ છ હેતુ માટે આપણે આ લોકમાં આવ્યા છીએ.

## નિષ્કુળાનંદ સ્વામીને યથાર્થ મહિમા સમજાયો

શ્રીહરિ બોલ્યા: ‘‘હે ગોપાળાનંદ સ્વામી ! અક્ષરાધિપતિ સ્વયં પુરુષોત્તમ નારાયણ એવા જે અમે અને અનાદિ મૂળઅક્ષરમૂર્તિ એવા જે તમે તેમજ અક્ષરમુક્તો તેની આગળ બોલ્યા હતા કે, આ બ્રહ્માંડ ઘણા કાળથી સૃજાણું છે, પરંતુ

તેમાંથી કોઈ જીવ મુક્ત થઈને કેમ આંહી અક્ષરધામમાં આવતો નથી ?

ત્યારે તમે બોલ્યા હતા કે, ‘‘જે જે ધામના અધિપતિ પૃથ્વી ઉપર ગયા હોય, તેની જે ઉપાસના કરે, તે તેના ધામને પામે, પણ જ્યારે સ્વયં અક્ષરાધિપતિ આપ પધારો, ત્યારે જે આપના ભક્ત થાય ને આપની ઉપાસના કરે, તે અહીંયા અક્ષરધામમાં આવે.’’ પછી અમે તમને કહ્યું હતું કે, ‘તમારું તો ત્યાં બહુ જ પ્રયોજન પડશે; કેમ કે તમે અમારી ભેળા આવીને એકાંતિક ધર્મ પાળો અને બીજાને સમજાવો. ત્યારે બીજા જીવો તે પ્રમાણે વર્તે ને પછી તે એકાંતિક થઈ અક્ષરધામમાં આવે. તે સાંભળીને તમે તથા બીજા અક્ષર મુક્તો અમારી સાથે જ આવ્યા.’

હે ભક્તો ! આ પ્રમાણે મહારાજે વાત કરી તે સાંભળીને નિષ્કુળાનંદ સ્વામી બેઠા થયા ને બોલ્યા: ‘‘યથાર્થ વાત આજે સમજાણી. વર્ણીરાજ લોજમાં આવ્યા, ત્યારે રામાનંદ સ્વામીએ ભુજનગરમાં મને વર્ણીરાજનો મહિમા બહુ કહ્યો હતો, પણ મારાથી પૂર્ણપણે મનાયો નહોતો. આજે મને સમજાણું કે, ‘આ મહારાજ (ભગવાન) તો આ બ્રહ્માંડમાંથી નથી આવ્યા, પણ અનંતકોટિ બ્રહ્માંડના ભગવાન છે.’’

## નિષ્કુળાનંદ સ્વામીના વૈરાગ્યની છટા

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીને શ્રીજી મહારાજે વૈરાગ્યમૂર્તિ કહીને પ્રશંસા કરી હતી, એવો જ એમના જીવનમાં ત્યાગ-વૈરાગ્ય હતો. ખાવામાં-પીવામાં-પહેરવામાં-ઓઢવામાં-બોલવામાં-ચાલવામાં દરેક ક્રિયામાં વૈરાગ્ય

દેખાઈ આવતો હતો, તેથી તો તેમની ભેગું રહેવા કોઈ તૈયાર થતું નહિ ! તેઓના વૈરાગ્યમાં–ત્યાગમાં ઘસારો આવે એવી વાત એ કોઈપણની માનતા નહિ. અર્થાત્ મોટા માણસની મોબતમાં તેઓ લેવાતા નહિ.

એક વખત નિષ્કુળાનંદ સ્વામી ગઢપુરથી શ્રીહરિની આજ્ઞા મુજબ ગામડાંઓમાં કથા–વાર્તા કરવા જઈ રહ્યા હતા. સંતો સાથે ચાલતા–ચાલતા તેઓ બોટાદ શહેરની પાદર (બજાર)માં નીકળ્યા. એ સમયે અગ્રગણ્ય ભક્ત શિવલાલ શેઠ અને સત્સંગી ભક્તો સર્વે પ્રસાદીના કૂવામાં સ્નાન કરવા આવ્યા હતા. તેમણે દૂરથી સ્વામીને જોયા, તુરંત સૌ ભક્તો સ્વામી પાસે જઈ દંડવત–પ્રણામ કરી જય શ્રી સ્વામિનારાયણ કહી ગામમાં આવવા આગ્રહ કરવા લાગ્યા.

હે ભક્તો ! અતિ આગ્રહને કારણે સ્વામી શિવલાલ શેઠની હવેલીમાં ગયા. શેઠને તો સંતોનો અતિ મહિમા હોવાથી પવિત્ર બ્રાહ્મણ પાસે બીરંજની રસોઈ કરાવી. પછી નાના લાલજીને (ઠાકોરજીને) થાળ ધરાવી – માનસી પૂજા કરી થાળ ઉતારી, લાલજીને પોઢાડી સ્વામી જમવા બેઠા. એ સમયે શિવલાલ શેઠ તેમજ સત્સંગીઓ સ્વામી જમે તેના દર્શન કરવાં આવ્યા.

પછી થાળ આગળ બેસીને પોતે બોલવા લાગ્યાઃ ‘‘જમ્ય નિષ્કુળાનંદ જમ્ય. તું મોટા માણસોનો મહોબતી છો, તેથી તારે જમવું જોઈએ, માટે ખાવા મંડ.’’ આ રીતે વારંવાર બોલે, પરંતુ જમે નહિ. પછી ભગા દોશીએ હાથ જોડીને કહ્યુંઃ ‘‘સ્વામી ! તમે જેમાં રાજી હો તે જમો.’’ પછી જુવારનો રોટલો જમ્યા !

## સ્વામીની વ્યવહારીક કળાઓનાં દર્શન

હે વ્હાલા સંતો-ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામી શ્રીજી મહારાજની આજ્ઞાથી ઘણાં વર્ષો સુધી ધોલેરા મંદિરમાં રહી સેવા કરતા તેમજ ભજન-ભક્તિ-કીર્તન-રચના તેમજ નાના-મોટા ગ્રંથોનું પણ લેખન કરી શ્રીજી મહારાજનો રાજીપો મેળવતા હતા. સ્વામીમાં આત્મનિષ્ઠા, વૈરાગ્ય, ત્યાગ અને તપ આદિક અધ્યાત્મ સદ્‌ગુણો અપાર હતા. એ જ રીતે વ્યવહારીક ગુણો પણ ઘણા હતા.

નિષ્કુળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં ઘેર હતા, ત્યારે તેઓની આજીવિકા સુથારી કામમાં હતી. તેઓ ઉત્તમ કુશળ કારીગર હતા. લાકડાનાં ગાડાંઓ, હળો-કળિયાંઓ, રાપટાઓ, ખપાળિયો વગેરે અનેક પ્રકારનાં સાધનો બનાવી વેચતા હતા. સંત બન્યા પછી પણ શ્રીજી મહારાજ માટે પલંગ-ખાટ-સ્ટેજ-પાલખી-હિંડોળા અને ખુરશી વગેરે બનાવી પ્રગટ પ્રભુને રાજી કરતા હતા.

હે ભક્તો ! ભાલ પ્રદેશમાં જ્યારે ધોલેરા ધામમાં મંદિરનું બાંધકામ ચાલી રહ્યું હતું, ત્યારે સ્વામીએ પોતાની સુથારીકળા, સલાટકળા તથા શિલ્પકળાનો બહુ ઉપયોગ કરેલ છે. તેમાં પણ હાલમાં સૌને સ્વામીએ બનાવેલ ‘પથ્થરની કોતરેલ કમાન’નાં દર્શન કાયમ માટે થાય છે. નિષ્કુળાનંદ સ્વામીએ ભવ્ય કોતરણી પથ્થરમાં કરીને શિલ્પકળાને બેનમૂન બનાવી દીધી છે ! વડતાલમાં બાર બારણાનો હિંડોળો બનાવી પ્રગટ પ્રભુને તેમાં ખૂબ ઝૂલાવ્યા છે. શ્રીજી મહારાજે તેમાં બાર સ્વરૂપ ધારણ કરી ભક્તોને દર્શન દઈ ભક્તો દ્વારા પૂજા અંગીકાર કરેલ છે. આ હિંડોળો હાલ વડતાલધામમાં પ્રસાદીના સંગ્રહ સ્થાન અક્ષરભૂવનમાં

દર્શનાર્થે મૂકેલ છે. ભક્તોને દર્શન સાથે સ્પર્શનો પણ લાભ મળે છે.) આ સિવાય ગઢડા–જૂનાગઢ–અમદાવાદ અને ભુજ વગેરે સ્થાનોમાં પણ સ્વામીએ બનાવેલ કોઈ ને કોઈ પ્રસાદીની વસ્તુઓનાં દર્શન આજે આપણને થઈ રહ્યા છે.

## મણિ છે, પણ રજે ભીંજાયેલ છે

હે વ્હાલા સંતો–ભક્તો ! જ્યારે નિષ્કુળાનંદ સ્વામી ધોલેરા ધામમાં રહેતા હતા, ત્યારે તે ગામમાં એક સરકારી અમલદાર આવ્યા હતા. તેણે સ્વામીએ બનાવેલ કીર્તન 'જનુની જીવો રે ગોપીચંદની' એ પદ સાંભળ્યું. તે સાંભળીને તેણે કહ્યું: ''આ કીર્તનના રચયિતા સંતનાં મારે દર્શન કરવાં છે, માટે મને તેમની પાસે લઈ જાઓ.''

અધિકારીની વાત સાંભળી ધોલેરા ગામના હરિભક્તો તેમને સાથે લઈને મંદિરમાં આવ્યા. એ સમયે નિષ્કુળાનંદ સ્વામી બેઠા બેઠા પથ્થર ઘડતા હતા ! તેથી તેની રજ ઊડીને સ્વામીના શરીર ઉપર પડી હતી. પેલા અમલદારને સ્વામી પાસે લાવીને હરિભક્તો બોલ્યા: ''સાહેબ ! તમે કહેતા હતા એ આ સ્વામી છે. 'જનુની જીવો રે ગોપીચંદની...' એ કીર્તનના બનાવનારા આ સ્વામી છે !

આવું સાંભળી અધિકારી કહેવા લાગ્યો: 'તમે લોકો ભગવાનના ભક્ત થઈને ખોટું બોલો છો ? આવી સરસ રચનાના રચયિતા આવા ન હોય. તમારે સમજવામાં કાંઈ ફેર પડ્યો હોય એવું મને લાગે છે. કેમ કે આવી પદ રચના આવા સામાન્ય મજૂરો થોડી બનાવી શકે ? અર્થાત્ ન જ બનાવી શકે.''

હે ભક્તો ! સત્સંગીઓ અને અમલદારની ચર્ચા સાંભળી નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા: ‘‘હે મહેતા ! મણિ તો સાચો જ છે, પણ રજે ભીંજાયેલ છે.’’ આવાં વચન સાંભળી બુદ્ધિશાળી અધિકારીને તુરંત ખ્યાલ આવી ગયો, એટલે તુરંત તે સ્વામી પાસે આવીને પગમાં પડી ગયો ને માફી માગવા લાગ્યો. પછી સ્વામી તેમને કથા-વાર્તા સંભળાવવા લાગ્યા. તેના કારણે તે અધિકારીને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય થયો, તેથી સ્વામી પાસે વર્તમાન ધરાવી કંઠી પહેરી સત્સંગી થઈ અંતે અક્ષરધામમાં પહોંચી ગયા !

## દ્રાક્ષના ડબાનો ઘા કર્યો !

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીને ત્યાગ-વૈરાગ્યનું વિશેષ અંગ હોવાથી વ્યવહારમાં જોડાતા નહિ. તોપણ પરાણે તેમને એક વાર ધોલેરાધામના મહંત કર્યા હતા. વ્યવહાર કુશળ તો તેઓ પૂર્વાશ્રમમાં ઘેર હતા ત્યારથી જ હતા, તેથી તેમને કાંઈ શીખવું પડે એમ હતું નહિ; એટલે વ્યવહાર સારી રીતે ચાલતો હતો.

એક દિવસ સ્વામી સવારમાં પૂજા કરવા બેઠા હતા. તે સમયે પોતાની પૂજામાં લીલવા દ્રાક્ષના પાંચ દાણા ઠાકોરજીને ધર્યા હતા. પછી પૂજા પૂરી થઈ રહી ત્યારે પૂજામાં ધરાવેલા પ્રસાદીના પાંચ દ્રાક્ષદાણા મુખમાં મૂક્યા. અર્થાત્ ખાધા.

એ સમયે ધોલેરાના ન્યાલ શેઠ ત્યાં બેઠા હતા. તેમણે જોયું જે, ‘સ્વામી દ્રાક્ષ જમે છે, તેથી બહુ રાજી થયા. કારણ કે ન્યાલ શેઠને નિષ્કુળાનંદ સ્વામી સાથે અપાર હેત હતું. પછી તેમણે પોતાના દીકરા મૂળજીભાઈને કહ્યું: ‘‘બેટા મૂળજી !

સ્વામી પૂજામાં ધરાવીને લીલવા દ્રાક્ષ જમે છે, માટે તું બજારે જઈને સારો પડો લઈ આવ, પૂજામાં ધરાવા માટે સ્વામીને આપીએ. આવા મહાપુરુષના કામમાં આપણી સંપત્તિ આવે એ તો આપણું મોટું ભાગ્ય કહેવાય, માટે જલદી લઈ આવ.''

હે ભક્તો ! તુરંત મૂળજીભાઈ બજારે ગયા અને દ્રાક્ષનો મોટો પડો (પેકેટ) લઈ આવ્યા અને સ્વામી પાસે મૂક્યો. ત્યારે સ્વામી ઉંચા અવાજે બોલ્યા: ''મોરારચરણદાસ ! મારી પૂજાની ઝોળી લાવ્ય.'' તુરંત સ્વામીનો શિષ્ય પૂજા લઈ આવ્યો. એટલે સ્વામીએ પૂજા ખોલીને દ્રાક્ષનો ડબો કાઢીને ફળીયામાં ઘા કર્યો ને શેઠ પ્રત્યે બોલ્યા: ''તમે મને દ્રાક્ષ ખાતો જોયો એટલે પડો લાવ્યાને ?

## રતનો કડિયો રીસાયો

હે વ્હાલા સંતો-ભક્તો ! ગઢપુરમાં શ્રી ગોપીનાથજી મહારાજનું મંદિર ચણાતું હતું. ત્યારે રત્નાભાઈ કડિયાને પથ્થર આપવા માટે નિષ્કુળાનંદ સ્વામી ઊભા રહી પથ્થરો અંબાવતા હતા. એ સમયે એક મોટો પથ્થર ખંભે લઈને સ્વામીએ મંદિર ઉપર ચડાવ્યો. તે સમયે જ નીચેથી 'હરે' (જમવાનો)નો સાદ પડ્યો. ત્યાંતો રત્ના કડિયે પાટું મારી પથરો હેઠો પાડી નાખ્યો.

આવું દૃશ્ય જોઈને નિષ્કુળાનંદ સ્વામી બોલ્યા: ''માળો કુસંગી લાગે છે. હું આટલી બધી મહેનત કરીને ખંભે ઉંચકી પથ્થર મંદિર પર લાવ્યો હતો ને તેં નીચે પાડી નાખ્યો ? તારે અત્યારે જમવા જવું હતું, તો જમ્યા પછી બેસાડવો હતોને ? નીચે શા માટે નાખી દીધો ?''

સ્વામીની આવી વાણી સાંભળી રતનો કડિયો રીસાયો. તેથી પોતાના ઉતારે જઈ બેસી ગયો. મજૂરો આવી ગયા, પણ કામ શરુ ન થયું, તેથી શ્રીજી મહારાજ સૌને સાંભળતા બોલ્યા: ''રતના કડિયાને આ મંદિરનો જેટલો મમત્વ છે, તેટલો મમત્વ નિષ્કુળાનંદ સ્વામીને ન હોય.'' આ રીતે શ્રીજી મહારાજ સૌને કહેતા હતા. તે વાત કોઈએ જઈ રતના કડિયાને કરી, તેથી તે તુરંત કારખાના ઉપર ચડી કામે લાગી ગયો !

હે ભક્તો ! બીજા દિવસે સવારે નિષ્કુળાનંદ સ્વામી અક્ષર–ઓરડીએ શ્રીજી મહારાજનાં દર્શન કરવાં ગયા. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા: ''સ્વામી ! તમે રતના કડિયાને મુક્તાનંદ સ્વામી જેવો જાણ્યો ? રીસ તો મુક્તાનંદ સ્વામીને ન ચડે, બીજાને તો જરૂર ચડે.''

## માયાના ડગાવ્યા ડગે ખરા ?

હે વ્હાલા સંતો–ભક્તો ! પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં દાદાખાચરના દરબારગઢમાં લીલુડા લીંબતરુ નીચે પલંગ ઉપર બિરાજમાન હતા. સભામાં અગ્રગણ્ય સંતો અને આગેવાન હરિભક્તો બેઠા હતા. તે સમયે પ્રભુને રમૂજ કરવાની ઈચ્છા થઈ, તેથી પોતાના હાથની મુઠ્ઠી વાળી એમાં રૂપિયાનો સિક્કો મુકી સભા સામે નજર કરી વિચારવા લાગ્યા.

એવા સમયે વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી આવ્યા. આવીને શ્રીજી મહારાજને દંડવત કરી સંતોને પ્રણામ કરી સૌ સત્સંગીઓને જય સ્વામિનારાયણ કહી સભામાં યોગ્ય સ્થાને બેસી ગયા. ત્યારે શ્રીજી મહારાજે કહ્યું: ''નિષ્કુળાનંદ મુનિ ! અહીંયાં અમારી પાસે આવો.'' પ્રગટ પ્રભુની આજ્ઞા થતાં તુરંત

સ્વામી ઊભા થઈને મહારાજ પાસે જઈને પ્રણામ કરી બેસી ગયા.

ત્યારે શ્રીજી મહારાજે બંધ મુઠ્ઠી લંબાવી સ્વામીના મુખ આગળ રાખીને બોલ્યાઃ ''સ્વામી ! મુખ ખોલો, મોઢામાં જ પ્રસાદી આપવી છે.'' પ્રભુનાં આવાં વચનો સાંભળી સ્વામી બોલ્યાઃ ''હે મહારાજ ! મુખમાં નહિ, પણ હાથમાં આપો તો લઉં.'' ત્યારે શ્રીજી મહારાજ પલંગેથી ઊભા થયા અને મોઢું ખોલવા માટે આગ્રહ કરવા લાગ્યા, પણ સ્વામીએ મુખ ખોલ્યું જ નહિ.

આવું દૃશ્ય જોઈ બ્રહ્માનંદ સ્વામી કહેવા લાગ્યાઃ ''અરે વૈરાગી ! સ્વયં પ્રગટ પ્રભુ રાજી થઈને મુખમાં પ્રસાદ આપે છે, તોપણ મોઢું ખોલતા નથી ? મને આપે તો તરત જ હું મોઢું ખોલું.'' આવું કહ્યું, છતાંય મુખ ન ખોલ્યું. ત્યારે રાજી થઈને શ્રીજી મહારાજે મુઠી ખોલી સૌને રૂપિયો બતાવીને કહ્યુંઃ ''નિષ્કુળાનંદ સ્વામી અમારા ડગાવ્યા પણ ડગ્યા નહિ, તો પછી માયાના ડગાવ્યા ડગે ખરા ? અર્થાત્ ક્યારેય પણ ન ડગે.

## મહંતાઈ માટે દોડાદોડી કરનારાઓને પ્રેરણા

હે વ્હાલા સંતો-ભક્તો ! આષાઢી સંવત્ એટલે અષાડ મહિનાથી શરુ થતું નવું વર્ષ ! અત્યારે કારતક સુદ પડવાએ નવું વર્ષ શરુ થાય છે, પરંતુ શ્રીજી મહારાજના સમયમાં અષાડ સુદ-૧ નવા વર્ષની શરુઆત થતી હતી. તો આ સંવત્ ૧૮૮૫ આસો સુદ બારશ (તા. ૨૦-૧૦-૧૮૨૮) ના દિવસે ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા શ્રીજી મહારાજે કરી ત્યાર

પછી વિશાળ સભા થઈ. તે વિશાળ સભામાં શ્રીજી મહારાજે ઘોષણા કરી: ‘‘આવતીકાલે ગઢપુરના મહંત તરીકે વૈરાગી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીની નિમણૂક કરવામાં આવશે, માટે નવા મહંતને હાર પહેરાવવા સૌએ હાજર રહેવું.’’

હે ભક્તો ! આ સમાચાર વાયુવેગે અત્ર–તત્ર–સર્વત્ર ફેલાઈ ગયા ! ઘાસમાં લાગેલ આગની જેમ આ સમાચાર સ્વામી પાસે પણ પહોંચી ગયા ! તુરંત નિષ્કુળાનંદ સ્વામીએ ઝોળીમાં ધોતિયાં મૂક્યાં ને પત્તર–તુંબડું મૂકી ચૂપચાપ ગઢડા છોડી આંબા શેઠનું ગામ ગઢાળી પહોંચી ગયા ! પરંતુ ત્યાં અગાઉ નિર્વિકારાનંદ સ્વામી આવી ગયા હતા. તેને આવવાનું કારણ પૂછતા તેમણે કહ્યું: ‘‘મારે ગઢડાના મહંત બનવું હતું, પણ શ્રીજી મહારાજે સભામાં તમારું નામ ઘોષિત કર્યું, તેથી મને ખોટું લાગી ગયું, તેથી ગઢપુર છોડી હું ગઢાળી આવી ગયો !

પછી તે નિર્વિકારાનંદ સ્વામીએ નિષ્કુળાનંદ સ્વામીને સવાલ કર્યો: ‘‘સ્વામીજી ! તમે કેમ ગઢાળી આવતા રહ્યા ? આજે તો તમને મહંત બનાવવાના છે.’’ ત્યારે થોડું મીઠું મીઠું હસતા સ્વામીએ જવાબ આપ્યો: ‘‘હે સાધુરામ ! તમને મહંત બનાવ્યા નહિ, એટલે તમે આવતા રહ્યા છો અને મને મહંત બનાવવાના હતા, તેથી અમે આવતા રહ્યા છીએ.’’ સાંભળ્યું ને ભક્તો ! શા માટે સ્વામી ગઢાળી જતા રહ્યા ? અત્યારે તો મોટાં સ્થાનોના મહંત બનવા માટે દોડાદોડી થતી હોય છે. મહંતાઈ માટે પડાપડી કરનારા સંતો માટે સ્વામીનો આ પ્રસંગ ઘણું–બધું શીખવી જાય છે.

## ભરતજીનો પ્રસંગ

***‘‘આગે તપસી તપસા કરતા, રહી ગઈ કિંચિત કામા;***
***તે કારણ આ નરતન ધરિયા, સો જાનત હૈ રામા.’’***

– નિષ્કુળાનંદ સ્વામી

હે વ્હાલા સંતો–ભક્તો ! શ્રીમદ્‌ ભાગવતજીના પાંચમાં સ્કંધના ચોથા ને પાંચમાં અધ્યાયમાં ભરત રાજાનું આખ્યાન આવે છે. તેઓ ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. તેમનાં માતાનું નામ જયંતી દેવી હતું. તેઓ સો (૧૦૦) ભાઈઓ હતા. તેમાં સૌથી મોટા ભરત હતા. તેમના જ નામ ઉપરથી અભનાભખંડનું નામ ‘ભરતખંડ’ પડ્યું છે. તેમની પત્નીનું નામ પંચજની હતું. તેના થકી તેમને પાંચ પુત્રો થયા હતા.

ભરતજી ઉત્તમ શાસન કરી અંતે રાજ્ય છોડી પુલહાશ્રમમાં ગંડકી નદીને કાંઠે એકલા રહી ધ્યાન–ભજન કરવા લાગ્યા. ત્યાં એક દિવસ ગર્ભિણી હરણી પાણી પી રહી હતી. ત્યારે ગરજતા સિંહની એને ત્રાડ સંભળાઈ. તેથી ભયને લીધે નદી પાર કરવા માટે જોરથી છલાંગ મારી ! તેથી પેટમાં રહેલ ગર્ભ હરણબાળ નીકળી નદીના પ્રવાહમાં પડ્યું, તેના કારણે અતિ પીડા પામેલ તે હરણી મૃત્યુ પામી.

હે ભક્તો ! આ દૃશ્ય જોઈ ભરતજીને દયા આવી, એટલે પાણીમાંથી હરણના બચ્ચાને બહાર કાઢી આશ્રમમાં લઈ આવ્યા. તે બચ્ચું મોટું થયા પછી તેને છોડી દીધું હોત તો માનવતાની દૃષ્ટિએ સારું કહેવાય, પરંતુ તેમાં આસક્તિ કરી, તેથી તપમાં અને મોક્ષમાં વિઘ્ન થયું. અંતકાળે તે મૃગ યાદ આવતા બીજો જન્મ મૃગનો આવ્યો ! પણ પૂર્વજન્મનું જ્ઞાન યાદ આવતા બીજો

જન્મ મૃગનો આવ્યો ! પણ પૂર્વજન્મનું જ્ઞાન યાદ રહી ગયેલ તેથી હરણોના સમૂહનો ત્યાગ કરી ફરી ગંડકીકાંઠે આવી. ઘાસ વગેરે ખાઈ ભજન કરી જીવન પૂર્ણ કર્યું. ત્રીજો જન્મ અંગીરા ઋષિના કુળમાં થયો. ત્યાં પણ પૂર્વનું જ્ઞાન રહેવાથી કોઈ પણ આસક્તિ રાખ્યા વિના ભજન કરી ગાંડાની જેમ રહી જીવન પૂર્ણ કર્યું.

## શરભંગ ઋષિનો અવતાર નિષ્કુળાનંદ સ્વામી

*''અમે રે જડ ભરત જોગિયા, ઈચ્છું નહીં વૈભોગ જી;*
*જગત પદારથ જીવનો, રુચે નહીં જેમ રોગ જી.*
*મોર્યે અમારા મતમાં, મૃગે કર્યું તું વિઘન જી.''*

– નિષ્કુળાનંદ સ્વામી

હે વ્હાલા સંતો–ભક્તો ! સમ્રાટ ભરત હરણમાં આસક્તિ રાખવાથી હરણ થયા. ત્યાર પછી બ્રાહ્મણને ત્યાં જન્મ્યા. તે જન્મમાં પણ ભરત નામ હતું. ગાંડાની જેવું વર્તન કરતા હોવાથી લોકો જડ–ભરત કહીને બોલાવતા હતા. તેમનું જીવન પણ પૂર્ણ થયું. ઉપરોક્ત કીર્તન પ્રમાણે નિષ્કુળાનંદ સ્વામી ભરતજીનો અવતાર ગણાય છે. ત્યારબાદ તેઓ શરભંગ ઋષિ તરીકે ત્રેતાયુગમાં ઓળખાયા. તે અવતારમાં તેમને રામચંદ્ર ભગવાનનો મેળાપ થયો હતો.

હે ભક્તો ! 'શ્રીમદ્ ઉન્મતગંગા માહાત્મ્ય' ગ્રંથના ૧૧૪ માં અધ્યાયમાં આનંદાનંદ સ્વામી દરબાર રાયસિંહજીને વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીનું પ્રાચીન વૃતાંત કહે છે: ''હે રાજન્ ! મહાન ઋષિ મુનિઓ પણ જેને માન આપતા હતા એવા એક શરભંગ નામે મુનિ હતા. તેઓ હંમેશાં તપ પરાયણ

હતા અને નિત્ય હોમ કરતા રહેતા હતા. તેઓ સૂકાં પાંદડાંનો અને વાયુનો આહાર કરતા હતા. તેમને માયિક પદાર્થોની ઈચ્છાઓ ન હતી.

ભગવાન શ્રીરામચંદ્રજીનો વનવાસ દરમ્યાન શરભંગ ઋષિ સાથે મિલાપ થયો હતો. રાક્ષસોનો નાશ કરતી વખતે શ્રીરામ તેમની ઝુંપડીમાં રહ્યા હતા. જ્યારે શ્રીરામ ત્યાંથી આગળ બીજા વનમાં ગયા ત્યારે શરભંગ મુનિ તેમના વિયોગની આગમાં તપીને તેમનો ફરીને સમાગમ થાય તેટલા માટે બીજાથી ન થઈ શકે તેવું તેમણે બહુ જ તપ કર્યું હતું. તે સમયે આકાશવાણી દ્વારા ભગવાને કહ્યું: ''હે શરભંગ મુનિ ! કળિયુગમાં અક્ષરધામના અધિપતિ પૃથ્વી પર અવતાર ધારણ કરશે, ત્યારે તમને એમનો યોગ થશે અને તમે નિષ્કુળાનંદ સ્વામી તરીકે ઓળખાશો. તમને કોઈ વિષયો બંધન કરશે નહિ, આવું હું વરદાન આપું છું.''

## *બરફીને તોપના ગોળા માનતા !*

હે વ્હાલા સંતો–ભક્તો ! શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા પછી સર્વોપરી સત્તા યોગીવર્ય ગોપાળાનંદ સ્વામી પાસે હતી. તે તો સૌને સુવિદિત છે. તે યોગીરાજ નિષ્કુળાનંદ સ્વામીને એક વખત વડોદરા લઈ ગયા. જો કે નિષ્કુળાનંદ સ્વામી ધોલેરામાં જ સ્થાઈ રહેતા હતા, તેથી અન્ય સ્થાનોમાં બહુ ઓછા જતા; પરંતુ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના આગ્રહથી વડોદરા પધાર્યા.

સ્વામીનું ઉપનામ જ વૈરાગી હતું, તેથી તેઓ નિ:સ્વાદી વર્તમાન કાયમ પાળતા હતા. તેમાંય તેમને તપનું અંગ વિશેષ હોવાથી અવાર–નવાર ઉપવાસ કર્યા કરતા હતા. આ નિયમ

પ્રમાણે વડોદરામાં એક દિવસ તેમને ઉપવાસ હતો. તે સમયે વડોદરામાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ શુકાનંદ સ્વામી પણ હતા. તે ત્રણેય સદ્‌ગુરુઓએ નિષ્કુળાનંદ સ્વામીને પારણાં કરવા માટે એક એક બરફીના પડિયા એમના ઉતારે મોકલ્યા.

હે ભક્તો ! સહજપણે વૈરાગ્ય જેમના રોમરોમમાં ઝળકી રહ્યો છે, એવા નિષ્કુળાનંદ સ્વામીએ પોતાની આગળ બરફીના પાંચ તોપ ગોળા (પડિયાં) જોયાં ! તુરંત ધોતિયાં સંકેલી ઝોળી તૈયાર કરી ધોલેરા જવા માટે ગોપાળાનંદ સ્વામીની રજા લેવા સ્વામી પાસે ગયા ! અને બોલ્યા: ‘‘મને પ્રેમથી રજા આપો, હું અહીંયાં રહી નહિ શકું.’’

નિષ્કુળાનંદ સ્વામી આ રીતે અચાનક વડોદરાથી જવા તૈયાર થયા, એટલે ગોપાળાનંદ સ્વામીને મનમાં સંશય થયો કે, ‘આ વૈરાગીને વૈરાગ્યમાં ઘસારો આવ્યો હશે, તેથી ધોલેરા જવા તૈયાર થયા છે.’ પછી પ્રેમથી બાજુમાં બેસાડી વડોદરા છોડીને કેમ જતું રહેવું છે ? એ સવાલ કર્યો. ત્યારે એક દૃષ્ટાંત આપીને નિષ્કુળાનંદ સ્વામી કહેવા લાગ્યા અને ગોપાળાનંદ સ્વામી સાંભળવા લાગ્યા.

## ભૂખરૂપી કૂતરી પેટમાં પેઠી છે

હે વ્હાલા સંતો–ભક્તો ! મહા ત્યાગી નિષ્કુળાનંદ સ્વામી વાર્તા કહેવા લાગ્યા: ‘‘હે ગોપાળાનંદ મહામુનિ ! એક ગામમાં એક માજી રહેતાં હતાં. તે ગઢપણમાં લાકડાં વીણી વેચીને આજીવિકા ચલાવતા હતાં. એકવાર તે માજી લાકડાં–છાણાં વીણી માથે તેનો ભારો ઉપાડી વેચવા જઈ રહ્યા હતા.

એ સમયે તે નગરના રાજાનો કુંવર ઘોડો ખેલવતો ત્યાંથી નીકળ્યો. ત્યારે માજીની સાથે તે ઘોડો ઘસાયો, તેથી તે પડી ગયા. તુરંત કુંવર નીચે ઉતર્યા ને માજીને ઊભા કરી માફી માંગી. પછી પોતાની ઓળખાણ આપતા કહ્યું: ''માજી ! હું રાજાનો કુંવર છું, માટે મારા લાયક કાંઈ કામ હોય તો જરૂર કહેજો.''

આ વાતને ઘણા દિવસ થઈ ગયા. એમાં એક દિવસ માજી પનઘટે પાણી ભરવાં ગયાં, ત્યાં તો તેની ઝુંપડીનો દરવાજો ખુલ્લો રહી ગયો હોવાથી અંદર એક કૂતરી ગઈ અને લોટ ખાવા લાગી ! પછી પાણી ભરીને માજી તે કુબામાં ગયાં ત્યારે કૂતરી ભસવા લાગી. તેથી માજી બોલવા લાગ્યા: ''અરે રાંડ ! મારા કૂબામાં આવીને મને ભસવા લાગી ? મારે રાજાના કુંવરજી સાથે ઓળખાણ છે, હમણાં જ એને બોલાવી લાઉં અને તને તોપે ઉડાડું !

હે ભક્તો ! આ રીતે કહીને તે માજીએ કુંવર પાસે જઈ સર્વે બીના કહી સંભળાવી. કુંવરની ઉંમર નાની હતી. તેથી બાળબુદ્ધિથી બોલ્યા: ''સેનાપતિ ! સૈન્ય લઈને અત્યારે જ તોપું લઈને જાઓ અને તોપ વડે કૂબો ઉડાડી દો.'' આજ્ઞા થતાં જ સેનાપતિ ગયા અને તોપ વડે કૂતરી સાથે કુબો ઉડાડી મૂક્યો ! હે ગોપાળાનંદ મુનિ ! તમે સૌ સદ્‌ગુરુઓ તો કુંવરને ઠેકાણે છો અને પેલી ડોશીને ઠેકાણે હું છું અને મારે ભૂખરૂપી કૂતરી પેટમાં પેઠી છે; માટે એક તોપે ડોશીનો કૂબો ઊડી ગયો, તેમ મારા કૂબા ઉપર પાંચ તોપું માંડી છે ! તેથી મારો કૂબો સલામત રહેશે ખરો ? એ તો ઊડી જાશે.'' આવું સાંભળી

ગોપાળાનંદ સ્વામી હસી પડ્યા અને બોલ્યા: ‘‘તમારી રીતે રોટલાં કરીને જમો, હવે તમને કોઈ બરફી નહિ આપે.’’

## નિષ્કુળાનંદ સ્વામીની સાહિત્ય સેવા

હે વ્હાલા સંતો–ભક્તો ! વૈરાગ્યમૂર્તિ તરીકેની આગવી છાપ ધરાવતા સંતકવિ શ્રી નિષ્કુળાનંદ સ્વામી એક આગવી પ્રતિભા સંપન્ન વ્યક્તિત્વના માલિક હતા. વૈરાગ્યના તેજથી દેદીપ્યમાન છતાં ભક્તિના શીતળ સાગરમાં વિહાર કરતા સ્વામીશ્રી કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહિ, પરંતુ ગરવી ગુજરાતના એક પનોતા સંત કવિ હતા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીની વિલક્ષણતા એ હતી કે તેઓ નિરક્ષર હોવા છતાં શ્રીજી મહારાજની કરૂણાના હસ્તાક્ષરરૂપે કલમ ચલાવતા અને કાવ્ય સર્જતા હતા ! આ વૈરાગ્યમૂર્તિનાં કાવ્ય–કીર્તનોની કડીઓ તલવારની ધાર માફક ચાબખા મારતી હતી ! અજ્ઞાન તિમિરને ભેદીને જ્ઞાનનો પ્રકાશ ફેંકતી કોઈ અજબની ‘અંજન શલાકા’ જેવી છે. (અંજન શલાકા એટલે આંખમાં આંજવાની સળી. પ્રતિષ્ઠા વખતે મૂર્તિની સ્થાપના કરતાં પહેલાં મંત્રો બોલી એમાં કરાતું પ્રાણનું (ચૈતન્યનું) આરોપણ – આવાહન.) એટલું જ નહિ, પણ તેમના કાવ્યનું શ્રવણ કરતાં આજે પણ સંસાર રાખ લાગે છે !

હે ભક્તો ! કવિ નિષ્કુળાનંદ સ્વામીએ બે થી ત્રણ હજાર જેટલાં કીર્તનોની રચના કરીને તે ઉપરાંત ૨૨ જેટલાં નાના–મોટા ગ્રંથો રચીને પ્રગટ ભગવાનનો અપાર રાજીપો પ્રાપ્ત કરેલ છે. જે આજે ‘નિષ્કુળાનંદ કાવ્ય’ તરીકે ઓળખાય છે. ‘ભક્ત ચિંતામણિ’ તેમની શિરમોડ રચના છે ! એક પ્રસંગે

કારિયાણી ગામમાં વસ્તા ખાચરના દરબારગઢના અક્ષર–ઓરડીમાં શ્રીહરિના અવતારી કાર્યની ગુપ્તતા જાણ્યા પછી સંતકવિએ 'પુરુષોત્તમ પ્રકાશ' નામનો ગ્રંથ લખીને નિજ કાવ્ય મંદિરને સોનાના કળશ ચડાવ્યા છે ! સ્વામીના આજીવન સાહિત્ય લેખનથી ગુર્જર સાહિત્ય સતત સમૃદ્ધ થતું રહ્યું છે. સ્વામીનાં કાવ્યના પડઘા જ્યારે જ્યારે કાને પડે છે, ત્યારે ત્યારે તેમની તપોછબી નજર સમક્ષ તરી આવે છે.

## યમદંડ : સં૦ ૧૮૬૦ - ઈ.સ. ૧૮૦૪

હે વ્હાલા સંતો–ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયનો સર્વ પ્રથમ ગ્રંથ એટલે 'યમદંડ'. આ ગ્રંથ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાએ કરીને સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ૩૮ વર્ષની ઉંમરે આ૦ સં૦ ૧૮૬૦ (ઈ.સ. ૧૮૦૪) માં આધોઈ ગામમાં લખેલ છે. આ ગ્રંથમાં હિતશિક્ષા ભારોભાર ભરેલી છે. 'યમદંડ'ની રચના ગરુડ પુરાણને આધારે કરેલ છે. યમદંડમાં ૨૦ કડવાં એક ધોળ છે. જેમાં કુલ ૧૧૦૦ પંક્તિઓ ગવાઈ છે. બીજા મત પ્રમાણે ૧૧૧૯ છે. ગરુડ પુરાણની કથા અહીં બહુ જ રસપ્રદ રીતે ગવાઈ છે.

સમગ્ર કાવ્યની ભાષા સરળ ગુજરાતી છે. તેમાં લોકબોલીની છાંટ સહેજ દેખાઈ આવે છે. યમદંડ સંપ્રદાયનું પ્રથમ પુસ્તક બનવાની સાથે સાથે સ્વામિનારાયણ સંપ્રદાયના સિદ્ધાંતના ઈતિહાસ માટે પણ એટલું જ મહત્વનું બની રહે છે. યમદંડમાં સૌ પ્રથમ વખત શ્રીજી મહારાજને અવતારી પુરુષોત્તમ નારાયણ તરીકે વર્ણવામાં આવ્યા છે.

હે વાચક ભક્તો ! સ્વામિનારાયણ સંપ્રદાયની એક લાક્ષણિકતા એ છે કે શ્રીજી મહારાજના સમયથી સંપ્રદાયના અનુયાયી એવી દૃઢ શ્રદ્ધા ધરાવે છે કે, એમની આયુષ્ય પૂર્ણ થતાં – એમના અંત સમયે ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ અચૂક તેડવા આવશે જ. તેથી તો એમને મૃત્યુનો ડર નથી લાગતો, પણ મૃત્યુનો આનંદ આવે છે ! સૌ કોઈ આશ્રિતો મૃત્યુને પ્રેમથી આવકારે છે અને પોતાના સગાંઓને પણ એ રીતે વર્તવા જણાવે છે.

આ ભાવનાનો પડઘો નિષ્કુળાનંદ સ્વામીના આ પ્રથમ ગ્રંથ યમદંડમાં જોવા મળે છે. શ્રીજી મહારાજે ગરુડ પુરાણના આધારે લખવાની આજ્ઞા એટલા માટે આપી કે, ગર્ભવાસ, જન્મ-મરણ, યમયાતના અને આધિ-વ્યાધિ-ઉપાધિ વગેરે સાંસારિક અવર્ણનીય અસહ્ય અને હૃદય વિદારણ દુઃખના શ્રવણથી લોકોને વૈરાગ્ય ઉદય થાય ને પ્રભુમાં ભક્તિ ઉદય થાય.

## સ્વામીને સાહિત્ય રચવની આજ્ઞા

હે વ્હાલા સંતો-ભક્તો ! સંતકવિ નિષ્કુળાનંદ સ્વામીને શ્રીહરિએ આશીર્વાદ આપેલા તેથી પદ્યમાં યમદંડ ગ્રંથની રચના કરી. તે વાંચીને શ્રીહરિએ કહ્યું: ‘‘સ્વામી ! આપણો સંપ્રદાય દિનપ્રતિદિન વધતો જ જાય છે, પણ સાંપ્રદાયિક ગ્રંથો સંપ્રદાયમાં છે નહિ, તે માટે અમે તમને આજ્ઞા કરીએ છીએ કે, ‘તમે એવા ગ્રંથો લખો કે જે બુભુક્ષુ હોય તે મુમુક્ષુ બને અને જે મુમુક્ષુ હોય તે મુક્ત બને.’’

શ્રીજી મહારાજની આજ્ઞા થતાં જ સ્વામીએ પ્રગટ પ્રભુને પ્રસન્ન કરવા માટે જીવનભર કલમ ચાલુ જ રાખી હતી. તાક્યાં તીર ફેંકનારા અને ભક્ત હૃદયમાં વૈરાગ્ય તથા ભક્તિની ખુમારી ચડાવનારા પૂજ્યપાદ નિષ્કુળાનંદ સ્વામીએ એકથી એક ચડે એવા નાના-મોટા કુલ ત્રેવીશ ગ્રંથો લખ્યા છે ! તેમાં જે ૨૨ ગ્રંથોનો એક પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે, તે ગ્રંથ 'નિષ્કુળાનંદ કાવ્ય' તરીકે સંપ્રદાયમાં ઓળખાય છે.

હે ભક્તો ! વૈરાગ્યમૂર્તિ કહેવાતા પૂજ્ય સ્વામીજીએ સૌથી મોટો ગ્રંથ 'ભક્ત ચિંતામણિ' પદ્યમાં લખેલ છે. સ્વામીજીની આ રચના સ્વામિનારાયણ સંપ્રદાયમાં સહુ કોઈનો અતિ પ્રિય ગ્રંથ છે. તે ગ્રંથ વાંચીને કે સાંભળીને મુમુક્ષુઓને ખૂબ જ બળ મળી રહ્યું છે, મળી રહે છે અને ભવિષ્યમાં મળી પણ રહેશે.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ માત્ર સંપ્રદાયમાં જ નહિ, પરંતુ આખા ગુજરાત રાજ્યમાં સાહિત્ય ક્ષેત્રે બહુ મોટો અણમોલ ફાળો આપ્યો છે. સ્વામીશ્રીની વાણી વેધક, હૃદયસ્પર્શી અને સુગમ છે. તેમનું જ્ઞાન અનુભવસિદ્ધ છે. સ્વામીની દૃષ્ટાંત આપવાની શૈલી હૃદયંગમ છે. અર્થાત્ હૃદયસ્પર્શી છે.

## પુરુષોત્તમ પ્રકાશ : સં ૧૮૮૭

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી દ્વારા લખાયેલ 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથ એ શ્રીજી મહારાજના જીવન અને કાર્ય પર અનોખો પ્રકાશ પાડતું કાવ્ય છે. સ્વામીએ સ્વરચિત અનેક કૃતિઓ ઉપર જાણે કળશ ચઢાવ્યો હોય તેવો આ ગ્રંથ છે.

આ ગ્રંથમાં પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના મહિમાનો પૂર્ણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેથી આ ગ્રંથનું 'પુરુષોત્તમ પ્રકાશ' આવું સાર્થક નામ રાખવામાં આવ્યું છે. આ બ્રહ્માંડમાં સર્વોપરી શ્રીહરિ પ્રથમવાર પ્રગટ થયા. ત્યાર પછી અનંત જીવોના મોક્ષ માટે તેમણે જે જે કાર્યો કર્યાં તથા તેમાં અમાપ ઐશ્વર્ય વાપર્યું તેનું આ ગ્રંથમાં આબેહૂબ વર્ણન કરવામાં આવ્યું છે.

હે ભક્તો ! કારિયાણીમાં શ્રીજી મહારાજે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને પોતાના અવતરણના છ હેતુ સંબંધી વાત કરી. તે સાંભળીને નિષ્કુળાનંદ સ્વામીને અતિ મહિમા સમજાયો, તે જ્ઞાન 'પુરુષોત્તમ પ્રકાશ' ગ્રંથમાં આલેખાયું છે. આ ગ્રંથમાં શ્રીહરિનો જે મહિમા વર્ણવ્યો છે. તેમાં તેમનો ઉત્સાહ તથા આત્મવિશ્વાસ અદમ્ય રીતે ઝળકી રહ્યા છે, તેથી જ તેઓ શ્રીહરિની સર્વોપરીતા સ્પષ્ટ શબ્દોમાં લખ્યા વિના રહી શકતા નથી.

આ ગ્રંથમાં પૂજ્ય સ્વામીએ શ્રીહરિનાં જે જે સામર્થ્યનું છૂટા હાથે વર્ણન કર્યું છે, તે ઘણી વાર આપણી બુદ્ધિમાં આવે નહિ તેવું છે. પરંતુ કર્તું, અકર્તું અને અન્યથા કર્તું સમર્થ એવા શ્રીહરિ માટે કશું જ અશક્ય નથી. સર્વોપરી શ્રીહરિએ આ વખતે દીન જીવાત્માઓ ઉપર રાજી થઈને આત્યંતિક મોક્ષ આપવાનો સંકલ્પ કર્યો, એટલે અનંત મુમુક્ષુઓ અક્ષરધામને પામી ગયા. આવા સર્વોપરી પુરુષોત્તમ નારાયણ આપણને ઈષ્ટદેવ તરીકે મળ્યા છે, માટે તેમનો મહિમા સમજી એમના જેવું હેત બીજા કોઈમાં રાખવું નહિ.

હે ભક્તો ! આ પુરુષોત્તમ પ્રકાશ ગ્રંથમાં કુલ ૫૫ પ્રકાર (અધ્યાય) છે. જો કે છેલ્લો પ્રકાર ધોળ છે. દરેક પ્રકારમાં ૪ દોહા અને ૨૦ કડીઓ છે. જોકે છેલ્લા પ્રકારમાં ૧ કડી વધુ છે. કુલ મળી ૨૨૦ દોહા તથા ૧૧૦૧ કડીઓ છે. ગ્રંથ રચનાનો સમય તથા સ્થાન નિશ્ચિત નથી. જો કે પ્રોફેસર હરેન્દ્ર ભટ્ટે 'નિષ્કુળાનંદ સ્વામી સંદર્ભ' પુસ્તિકામાં આ ગ્રંથનો સમયગાળો સં. ૧૮૮૭ પછીનો લખેલ છે.

## સ્નેહ ગીતા : સંવત્ ૧૮૭૨ ઈ.સ. ૧૮૧૬

હે વ્હાલા સંતો–ભક્તો ! ભગવાન શ્રીકૃષ્ણ અને ગોપીઓ વચ્ચે રચાયેલા સ્નેહને વિષય–વસ્તુ બનાવી નિષ્કુળાનંદ સ્વામીએ 'સ્નેહ ગીતા' ગ્રંથ સંવત્ ૧૮૭૨ વૈશાખ સુદ–૪ ના દિવસે (ઈ.સ. ૧૮૧૬) રચ્યો છે. આ ગ્રંથમાં ૪૪ કડવાં અને ૧૧ પદ છે. કુલ મળી ૪૯૦ ચરણ (કડીઓ) છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રાપ્તિ માટે પ્રભુ પ્રત્યે અતિ પ્રેમની જરૂર છે. જેટલો વધારે સ્નેહ એટલા ભગવાન વધારે સાંભરે આ એક સર્વેને સમજાય જાય એવો સુલભ ઉપાય છે. પ્રભુમાં ગાઢ પ્રીતિ થઈ જાય તો તેની સ્થિતિ કેવી હોય ? આ વિષયને સમજાવવા માટે પૂજ્યપાદ નિષ્કુળાનંદ સ્વામીને નિમિત્ત બનાવી સ્વયં શ્રીહરિએ આ ગ્રંથ બનાવ્યો છે, એવું કહી શકાય.

પ્રભુ પ્રેમના સ્વરૂપને યથાર્થ સમજાવવા માટે આ ગ્રંથમાં ગોપીઓની કથા વર્ણવવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં પધાર્યા પછી ત્યાંના આબાલ–વૃદ્ધ સર્વે નરનારીઓને પ્રભુ બાળકૃષ્ણ સાથે અતિ પ્રેમ થઈ ગયો હતો. તેમના પ્રેમની પરીક્ષા

લેવા માટે બાળપ્રભુ વ્રજ છોડી મથુરા પધાર્યા. આ વિયોગની વેળાએ પણ ગોપીઓનો પ્રેમ ઘટ્યો નહિ, પણ પ્રગાઢ બન્યો! ગોપીઓ સંપૂર્ણ ભગવાનમય બની ગઈ, તેથી સદા સ્વતંત્ર એવા પ્રભુ ગોપીઓને વશ થઈ ગયા. આ કથાના માધ્યમથી આ ગ્રંથમાં આટલા મુદ્દાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

હે ભક્તો ! જપ, તપ, તીર્થ, વ્રત કે દાન-પુણ્ય આવાં કોઈ પણ સાધન સ્નેહ સમાન થતાં નથી. નવધા ભક્તિ પણ જો શુષ્ક હોય - પ્રભુ પ્રેમ વિનાની હોય તો સૂકું સરોવર, ઘી વિનાનું ભોજન અને સુગંધ વિનાના ફૂલ જેવી માત્ર શોભારૂપ છે. પરાભક્તિના ફળસ્વરૂપે ભગવાન ભક્તને વશ થઈ જાય છે, વગેરે પ્રસંગો સ્નેહ ગીતામાં લેવામાં આવેલ છે. પોતાના ઈષ્ટદેવમાં જ સૌથી વધારે પ્રેમ કરવો જોઈએ, એવું રહસ્ય સ્નેહગીતામાંથી સૌ કોઈએ જાણવું જોઈએ.

## વચનવિધિ:

હે વ્હાલા સંતો-ભક્તો ! વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ 'વચનવિધિ' ગ્રંથનું નિર્માણ કર્યું છે. વચન એટલે શ્રીજી મહારાજની આજ્ઞા અને વિધિ એટલે તેનું વિધાન - પ્રતિપાદન. અર્થાત્ ભગવાનની આજ્ઞાઓ વિષેનું જેમાં સર્વાંગી વિધાન બતાવવામાં આવ્યું છે તે ગ્રંથ એટલે વચનવિધિ. આ ગ્રંથમાં કુલ ૫૨ (બાવન) કડવાં તથા ૧૩ (તેર) પદ છે. આ ગ્રંથની રચનાનો સમય તથા સ્થાન-નિર્દેશ પૂજ્ય સ્વામીએ દર્શાવ્યા નથી.

આ ગ્રંથના મુખ્ય ચાર વિષયો છે: (૧) વચનમાં વર્તવાના ફાયદા (૨) વચન લોપવાથી થતું નુકસાન (૩) આજ્ઞાની દૃઢતા

કરવાના ઉપાયો (૪) આજ્ઞાને લોપાવનાર વિમુખોનો ત્યાગ. આ ચારેય વિષયોને સ્વામીએ અસરકારક શૈલીમાં દૃષ્ટાંતો સહિત સુંદર રીતે વર્ણવ્યા છે. આજ્ઞામાં વર્તવાના મુખ્ય બે ફાયદા બતાવ્યા છે : એક તો સુખ અને બીજી મોટ્યપ.

આજ સુધીમાં જે કોઈ સુખ તથા મોટાઈ પામ્યા છે, તે પ્રભુની આજ્ઞામાં વર્તવાથી થતી પ્રભુની કૃપાથી જ પામ્યા છે. તેના દૃષ્ટાંતરૂપે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ધામના મુક્તો તથા બીજા અનેક ભક્તોને સ્વામીએ બતાવ્યા છે. નાના કે મોટા કોઈ પણ વ્યક્તિ જ્યારે પ્રભુની આજ્ઞા બહાર જાય છે ત્યારે તેમને અસહ્ય દુ:ખો આવે છે. તે પણ તેમણે બ્રહ્માદિ દેવો તથા સીતાજી અને રાધાજી વગેરે ભક્તોના પુરાવા આપીને સિદ્ધ કરી આપ્યું છે.

ભગવાનની આજ્ઞા તોડનારા તથા તોડાવનારા વિમુખો છે. પૂજ્ય સ્વામીએ વચનવિધિ ગ્રંથમાં તેની ઓળખાણ આપી તેનાં ભયંકર દુ:ખોનું વર્ણન કર્યું છે. છેલ્લે વિમુખોથી વેગળા રહી, સંતોનો સમાગમ કરી અક્ષરધામ મેળવી લેવાની ટકોર કરી છે. આ ગ્રંથમાં કુલ બાવન કડવાં તથા તેર પદ છે. ગ્રંથની રચનાનો સમય તથા સ્થાન–નિર્દેશ સ્વામીએ લખેલ નથી.

## સારસિદ્ધિ

હે વ્હાલા સંતો–ભક્તો ! વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ લખેલ આ 'સારસિદ્ધિ' ગ્રંથ મુમુક્ષુઓ માટે ઘણો ઉત્તમ છે; કેમ કે તેમાં સાર–સારનું સંશોધન કરી તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

સાર એટલે શ્રેષ્ઠ. સારની સિદ્ધિ એટલે હેતુપૂર્વક સારનું પ્રતિપાદન. તત્ત્વની દૃષ્ટિએ જે કાંઈ સારરૂપ તત્ત્વો છે, તેની આ ગ્રંથમાં સિદ્ધિ કરવામાં આવી છે. આ ગ્રંથના ૪૮ કડવાં અને ૧૨ પદમાં પાંચ સાર વર્ણવ્યા છે. (૧) પ્રગટ ભગવાનની મૂર્તિની પ્રાપ્તિ (૨) તેમની પ્રાપ્તિના ઉપાયભૂત માહાત્મ્યજ્ઞાનપૂર્વક નિષ્કામ પ્રેમલક્ષણા ભક્તિ (૩) ભગવાન સિવાય અન્યત્ર અપ્રીતિરૂપ બૃહદ શુદ્ધ વૈરાગ્ય (૪) પ્રકટ ભગવાનની આજ્ઞારૂપ નિષ્કામ સારરૂપ ધર્મ અને સર્વ સારને સિદ્ધ કરી આપનારા પ્રકટના સાચા સંતોનો શુદ્ધ સમાગમ. તેમાં પણ ભક્તિ મુખ્ય છે અને બીજાં તેનાં અંગ છે.

આમ આ સારસિદ્ધિમાં મુખ્યપણે પાંચ બાબતનું સારરૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સારના સારરૂપ શ્રીહરિને રાજી કરવા તથા તેમાં અખંડવૃત્તિ રાખવા માટે જે જે ગુણો ખાસ જરૂરી છે તેને પણ સ્વામીએ સાર સ્વરૂપે આ ગ્રંથમાં વર્ણવ્યા છે. તેમાં આ તુચ્છ માયામાંથી જીવની વૃત્તિ પાછી વાળવા માટે તીવ્ર વૈરાગ્યનું શરૂઆતમાં જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

હે ભક્તો ! આ સારસિદ્ધિ ગ્રંથના છેલ્લા ધોળ પદમાં પ્રગટ પુરુષોત્તમની પ્રાપ્તિનો જે કેફ છલકાઈ રહ્યો છે, તે હરકોઈ મુમુક્ષુ માટે એક આદર્શ સ્થિતિ છે. મરતા પહેલાં શ્રીહરિજીની આવી સ્વરૂપનિષ્ઠા આપણા જીવનમાં સાક્ષાત્ થઈ જાય તે જ જીવનભરની સાધનાનું ફળ છે.

## *ભક્તિનિધિ : સંવત્ ૧૯૦૨ / ઈ.સ. ૧૮૪૬*

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનો છેલ્લો ગ્રંથ આ ભક્તિનિધિ છે. આ ગ્રંથમાં ૪૪ કડવાં, ૧૧

પદ, બે સોરઠા, બે દોહા અને એક ધોળ છે. કુલ મળીને ૫૦૮ ચરણ છે. ધોલેરાધામમાં રહીને સ્વામીએ આ ગ્રંથ લખેલ છે. સંવત્ ૧૯૦૨ માં આ ગ્રંથ પૂર્ણ કરેલ છે. આ ગ્રંથનો રહસ્યાર્થ એટલો જ છે કે, ભગવાનને પ્રસન્ન કરવાના અનેક ઉપાયોમાં ભક્તિ જ મુખ્ય સાધન છે, તેને સમાન કોઈ નથી; બીજાં તો તેનાં અંગ છે. અંગ જો સાચા હોય તો ભક્તિમાં વિઘ્ન આવતાં નથી.

આ ગ્રંથ ભક્તિનો ભંડાર (ખજાનો) હોવાથી તેનું નામ પણ અતિ અન્વર્થ છે. અર્થાત્ અર્થને અનુસરતું; નામ પ્રમાણે ગુણવાળું છે. શરણાગતિ સ્વીકારી લીધા પછીય પણ શરણાગતનું સર્વશ્રેષ્ઠ કર્તવ્ય ભક્તિ જ છે. એટલે કે પરમાત્માને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન તો ભક્તિ જ છે, તેથી તો આ ગ્રંથમાં ભક્તિનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવ્યું છે.

હે ભક્તો ! યાદ રાખજો કે, જીવનમાં ગમે તેટલા ગુણો હોય પણ જ્યાં સુધી ભક્તિ પ્રગટ ન થાય ત્યાં સુધી તે સર્વ નિષ્ફળ છે. ભગવાનની ભક્તિ જ જીવનનું સારરૂપ સાચું ફળ છે. શ્રીહરિજીએ પણ શિક્ષાપત્રીના ૧૧૪ માં શ્લોકમાં કહ્યું છે કે, ''જો જીવનમાં ભગવદ્‌ભક્તિ અને સત્સંગ ન હોય તો વિદ્વાન પણ અધોગતિને પામે છે.''

સ્વામી કહે છે કે, 'કાચના વાસણની જેમ બીજાં સાધનો ઉપર કાળ–માયાનો સદા ભય છે, જ્યારે ભક્તિ તો સોનાનો કળશ છે. અર્થાત્ કરેલી ભક્તિનો ક્યારેય નાશ થતો નથી. શાસ્ત્રોમાં ભક્તિને જ પ્રેમ, ધ્યાન, પ્રભુ–ઉપાસના અને સેવા વગેરે વિવિધ શબ્દોથી વર્ણવેલ છે. આવી ભક્તિ વિષે પૂજ્યપાદ નિષ્કુળાનંદ સ્વામીએ આટલી બાબતો ઉપર પ્રકાશ કર્યો છે :

(૧) પ્રગટ પ્રભુની ભક્તિ (૨) નિષ્કામ ભક્તિ (૩) પતિવ્રતા જેવી અનન્ય ભક્તિ (૪) ધર્માદિ ત્રણ અંગો તથા મહિમા સહિત ભક્તિ (૫) પૂર્ણ પ્રેમલક્ષણા ભક્તિ.

## હરિબળગીતા : સંવત્ ૧૮૯૮ - ઈ.સ. ૧૮૪૨

હે વ્હાલા સંતો–ભક્તો ! આ ગ્રંથમાં શ્રીહરિજીના બળની ગાથા (વાર્તાઓ–કથાઓ) વર્ણવવામાં આવી છે, તેથી આનું નામ 'હરિબળગીતા' રાખવામાં આવેલ છે. શરણાગતિ પ્રધાન આ અદ્‌ભૂત ગ્રંથ વૈરાગ્યમૂર્તિ શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલમે સંવત્ ૧૮૯૮ માં લખાયેલ છે. ૩૮ વર્ષ સુધી સાધુ જીવનનો અનુભવ થયા પછી પૂજ્ય સ્વામીએ ૭૬ વર્ષની વૃદ્ધાવસ્થાએ આ ગ્રંથ લખ્યો છે. આ ગ્રંથમાં ૪૪ કડવાં ને ૧૧ પદ છે. જેનાં કુલ મળી ૪૦૦ ચરણો છે.

આશરો, શરણાગતિ, પ્રપત્તિ, ભગવાનની નિષ્ઠા અને આત્મસમર્પણ આ બધા શબ્દોનો અર્થ ઘણો જ મળતો છે. બીજાં તમામ સાધનોમાંથી ઉપાયપણાની બુદ્ધિનો ત્યાગ કરી ભગવાનનો જ સાધન તથા સાધ્યસ્વરૂપે સ્વીકાર કરવો એ જ શરણાગતિનું સાચું રહસ્ય છે. પ્રભુની પ્રાપ્તિ પ્રભુની કૃપાથી જ થાય છે; એટલે જ આ ગ્રંથમાં બીજાં તમામ સાધનો કરતાં શરણાગતિની અતિ શ્રેષ્ઠતા વર્ણવવામાં આવી છે.

હે ભક્તો ! સાધન–બળિયા માણસો કરતાં આશરાવાળા ભક્તો ભગવાનને વધુ વહાલા લાગે છે. કેમ જે, બીજાં સાધનોમાં સ્વબળ તથા અહમ્ જીવતાં રહે છે, જ્યારે શરણાગતિમાં પોતાના અનન્ય આધાર તરીકે પ્રભુને જ સ્વીકારવાના હોય છે. તેમાં પ્રભુનું પ્રધાનપણું તથા પોતાનું અહંશૂન્યપણું આપોઆપ

આવી જાય છે. એટલે જ આશરાવાળા ઉપર શ્રીજી મહારાજનો સર્વશ્રેષ્ઠ રાજીપો થાય છે.

હે વાચકો ! પૂજ્ય સ્વામીએ આ ગ્રંથમાં સ્પષ્ટ કહ્યું છે કે, 'મોક્ષ સાધનોથી નહિ, પણ ભગવાન શ્રીહરિની કૃપાથી–દયાથી જ થાય છે. બીજાં સાધનો તો તેમની પ્રસન્નતા માટે કરવાનાં છે. પ્રથમનાં ૩૩ માં અને મધ્યનાં ૬૬ માં વચનામૃતમાં પણ શ્રીજી મહારાજે આશરાથી જ કલ્યાણ થાય છે, આવું કહેલ છે.

## હૃદયપ્રકાશ : સંવત્ ૧૮૯૬ - ઈ.સ. ૧૮૪૦

હે વ્હાલા સંતો–ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત 'હૃદયપ્રકાશ' ગ્રંથની રચના સં. ૧૮૯૬ – ઈ.સ. ૧૮૪૦ માં વડતાલમાં થયેલ છે. આ ગ્રંથમાં પંદર પ્રસંગ (અધ્યાય) છે. જે શિષ્ય અને સદ્‌ગુરુ વચ્ચેના સંવાદરૂપે છે. શિષ્ય પ્રશ્ન પૂછે અને સદ્‌ગુરુ તેના જવાબ આપે છે. સદ્‌ગુરુ તેના જવાબ દ્વારા શિષ્યના મન–હૃદય અને ચિત્તમાં રહેલી અજ્ઞાનતાને દૂર કરે છે અને સાચી વાતનો પ્રકાશ ફેલાવે છે. યાદ રાખો : શિષ્યના હૃદયને શુદ્ધ કરવાની પ્રક્રિયા એટલે હૃદયપ્રકાશ.

પૂજ્ય સ્વામીએ ગુરુ–શિષ્યના સંવાદમાં રચેલા આ ગ્રંથમાં એક મનોવિજ્ઞાન લગાવ્યું છે. સ્વામી આ ગ્રંથમાં હૃદયને પ્રભુની પધરામણીનું પાત્ર બનાવવાનો પ્રકાશ પાડે છે, તેથી તેનું નામ 'હૃદયપ્રકાશ' સાર્થક થયેલ છે. આત્મામાં પરમાત્માના સાક્ષાત્કાર માટે અંતરની શુદ્ધિ અનિવાર્ય છે. મેલા મન મંદિરમાં મહારાજ ક્યારેય પ્રકાશતા નથી – દેખાતા નથી; માટે દરેક મુમુક્ષુઓએ પોતાના હૃદયની શુદ્ધિ કરવી જરૂરી છે.

જેમ કોમ્પ્યૂટરમાં રહેલી 'હાર્ડ ડિસ્ક' ગંદા-અશ્લિલ ડેટાઓથી ફુલ થઈ ગઈ હોય તો પછી તેમાં સારું સાહિત્ય ભરી શકાય નહિ; તે માટે પહેલાં તેને ખાલી કરવી જરૂરી છે. પછી ઉપયોગી ડેટાઓને એન્ટર કરવાની પ્રોસેસ કરવી જોઈએ; એવું જ પૂજ્ય નિષ્કુળાનંદ સ્વામી આ ગ્રંથમાં સમજાવે છે.

હે મુમુક્ષુ સંતો-ભક્તો ! આપણું હૃદય એક હાર્ડ ડિસ્ક છે. તેમાં જન્મોજન્મની જગત સંબંધી ભૂંડા વિષયો ભરપૂર થઈને ભરાઈ પડ્યા છે. આ બધા ગંદા ડેટાઓને દાખલ કરનારા આપણા નવ શત્રુઓ છે : પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા ચાર અંતઃકરણ. તે ગંદા ડેટાને ડીલેટ કરવાના પાંચ ઉપાયો સ્વામીએ બતાવ્યા છે. વૈરાગ્ય, ભક્તિ અને આત્મજ્ઞાન તરત થાય તેવા નથી, માટે નિયમો સહુ કોઈના તારણહાર છે. આ ગ્રંથ સં. ૧૮૯૬ અષાઢ સુદ એકાદશીએ વડતાલમાં રહીને પૂર્ણ કરેલ છે.

## ધીરજાખ્યાન : સં. ૧૮૯૯ - ઈ.સ. ૧૮૪૩

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ગઢડા ધામમાં ધીરજાખ્યાન નામનો ગ્રંથ સં. ૧૮૯૯ માં લખ્યો છે. આ ગ્રંથમાં ૬૪ કડવાં અને ૧૬ પદ છે. કુલ મળી ૭૧૭ ચરણ છે. અર્થાત્ ૭૧૭ કડીઓ છે. ભગવાનના સાચા ભક્તનું પ્રમુખ લક્ષણ ધીરજ છે. અને ધીરજથી જીવનની યાતનાઓ સહન કરનારા ભક્તો અંતે ભગવાનના ધામમાં જઈ ભગવાનને પામી જાય છે.

જેમ બજારું ખાણી-પીણી માણસનાં તન તથા મનને બગાડે છે, તેમ જ ગળ્યા-ચીકણા, પદાર્થો પણ જો વધુ પડતા

લેવામાં આવે, તો તે પણ રોગ તથા આળસ-પ્રમાદ કરાવે છે; તેવી જ રીતે પ્રભુને પામવા ઈચ્છતા શુદ્ધ મુમુક્ષુઓને શુભ-અશુભ સર્વે ઈચ્છાઓનો સમૂળ ત્યાગ કરવો જરૂરી છે. તો જ તે ભગવાનનો અવિનાશી આનંદ કાયમ માટે માણી શકવાનો પાત્ર બને છે. ભક્તોને આવા શુદ્ધ સોના જેવા પાત્ર બનાવવા માટે સ્વયંપ્રભુ જ તેને કસોટીરૂપી અગ્નિમાં તાવે છે.

હાલમાં આપણે આવો રાજીપો લેવો હોય તો ભગવાનની અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડશે. તે કસોટીના સમયમાં પાસ થયેલા આપણે ધીરજ ન ગુમાવી બેસીએ તથા જેના જીવન સાંભળવાથી બળ મળે એવા ૨૧ જેટલા આદર્શ ભક્તોનાં આખ્યાનો આ ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામીએ ચોટદાર શૈલીમાં વર્ણવ્યાં છે.

હે ભક્તો ! જ્યારે ભગવાન પોતાના ભક્તની કસોટી કરે છે ત્યારે તેમાંથી પાર થવું ઘણું કઠણ હોય છે; તેવા સમયે ઘણા ભક્તો હિંમત હારી જાય છે ને પ્રભુ પ્રાપ્તિનું કામ બગડી જાય છે; માટે એવા સમયે હિંમત ન હારવી ને ધીરજ રાખવી એવું આ ગ્રંથનું તાત્પર્ય છે.

## હરિસ્મૃતિઃ

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ અખંડવૃત્તિ સિદ્ધ કરવા માટેની જેમાં અનેક પ્રકારની પ્રેક્ટિકલ રીતો દર્શાવવામાં આવી છે; તેવો આ 'હરિસ્મૃતિ' ગ્રંથ અદ્‌ભૂત છે. આ ગ્રંથની એક એક કડી શ્રીહરિની સ્મૃતિ કરાવે છે, તેથી તો આનું નામ હરિસ્મૃતિ રાખવામાં આવેલ છે.

પૂજ્યપાદ નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથના અધ્યાયોનું નામ 'ચિંતામણિ' રાખ્યું છે, તે પણ અતિ સાર્થક છે. આ ગ્રંથમાં સાત ચિંતામણિ છે તથા કુલ મળીને ૩૫૧ કડીઓ છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ગઢડા પ્રથમ પ્રકરણના પહેલાં જ વચનામૃતમાં મૂર્તિનો મહિમા કહ્યો છે. શ્રીજી મહારાજ સ્વયં કહે છે કે, 'જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી; કાં જે ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે, તેમ ભગવાનની મૂર્તિને વિષે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમનાં સ્વરૂપને જો જોવાને ઈચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ તેને પણ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી.'

હે ભક્તો ! શ્રીજી મહારાજે ગઢડા અંત્ય પ્રકરણના સાતમાં વચનામૃતમાં પણ કહ્યું છે કે, '...એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિશે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'

## ચોસઠપદી

હે વ્હાલા સંતો-ભક્તો ! આ ગ્રંથમાં આઠ-આઠ પદનાં આઠ પ્રકરણો છે. તેથી આ ગ્રંથનું નામ 'ચોસઠપદી' રાખ્યું છે.

આ ગ્રંથ મુખ્યત્વે ત્યાગીઓને ઉદ્દેશીને લખેલો છે. તેમાં આટલા વિષયો ઉપર પૂજ્યપાદ નિષ્કુળાનંદ સ્વામીએ અદ્ભૂત કલમ ચલાવી છે :–

સંત–અસંતના લક્ષણો.....

સાચા સંતનો મહિમા.....

ત્યાગીને વૈરાગ્ય તથા જીવન ધ્યેય સંબંધી ઉપદેશ.....

સર્વોપરી શ્રીહરિનો મહિમા.....

શ્રીહરિજી તથા સંતો સાથે દાસભાવે વર્તવાની ટકોર.....

અંત:શત્રુઓથી સાવધાન રહેવાની ભલામણ.....

સાચા સંતોનો સમાગમ તથા અસંતનો ત્યાગ.....

મનનો ઉપદેશ.....

અક્ષરધામની વિશેષતા.....

પ્રગટ પ્રાપ્તિનો કેફ અને અક્ષરધામનું વર્ણન.....

હે સંતો ! જેણે પુરુષોત્તમ નારાયણને પામવા માટે સંસાર છોડ્યો હોય, તેવા ઉત્તમ મુમુક્ષુ માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે. એવા જ ધ્યેયવાળા ગૃહસ્થ ભક્તોને પણ ઘણું બળ પ્રેરે તેવો આ ગ્રંથ છે.

આ ગ્રંથથી હજારો ત્યાગી સંતોને પુષ્કળ બળ મળ્યું છે ને મળતું રહેશે. ઘણા સંતો આ ગ્રંથ કંઠસ્થ કરીને ગાયા કરે છે ને ભગવાન તરફ ઝડપથી આગળ વધે છે. તેથી આપણે પણ આ ગ્રંથનો ઉપયોગ કરી જીવનમાં ઉતારી ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી લઈએ.

નોંધ : આ ગ્રંથની રચનાનો સમય તથા સ્થાન પ્રસિદ્ધ નથી.

## મનગંજન : સંવત ૧૮૭૧ - ઈ.સ. ૧૮૧૫

હે વ્હાલા સંતો–ભક્તો ! સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ મુમુક્ષુના અંતરનો એક્સ–રે આ ગ્રંથમાં મઢી દીધો છે. કુલ ૧૮૭ દોહા તથા છંદનો આ નાનકડો બળવાન ગ્રંથ સંવત્ ૧૮૭૧ (ઈ.સ. ૧૮૧૫) ના શ્રાવણ સુદ સાતમના દિવસે પૂર્ણ થયેલ છે ! પોતાના મનરૂપ દુશ્મનનો ગંજન એટલે કે પરાજય આ ગ્રંથમાં દર્શાવ્યો હોવાથી ‘મનગંજન’ નામ રાખવામાં આવ્યું છે.

આ ગ્રંથની શૈલી રૂપક છે. આ દેહરૂપી નગરમાં જીવરૂપી રાજાના પરસ્પર વિરુદ્ધ વિચારધારાવાળા બે દીવાન છે : (૧) નિજમન (૨) પરતકમન. નિજમન એટલે જીવને અત્યંત અનુસરનાર ધર્મભૂત જ્ઞાન અને પરતકમન એટલે ઈન્દ્રિયો તથા વિષય સાથે ભળેલું વાસનાવાળું મન.

હે વાચકો ! નિજમન પ્રભુની આજ્ઞા પ્રમાણે રહેવા ઈચ્છે છે – જ્યારે પરતકમન મનમાન્યાં ભોગ–સુખ ઈચ્છે છે. તેને કારણે કાયમી ઝઘડા–કંકાસ ચાલુ રહે છે. તેમ કરતાં છેવટે લડાઈ ફાટી નીકળે છે. બન્ને પોત–પોતાના સૈનિકો લઈ તુમુલ યુદ્ધ કરે છે. પરંતુ શ્રીહરિજી તથા સાચા સદ્‌ગુરુની કૃપાથી નિજમન જે જીવ તેનો જલવંત વિજય થાય છે. પરતકમન પગે પડી અભય માગે છે, પરંતુ જીવ તેનો જરાય વિશ્વાસ કરતો નથી. ગુનેગારની જેમ પાંજરામાં પૂરી તેની પાસેથી કામ લે છે. પછી જીવ કાયા નગરનો કાયદેસર રાજા બને છે અને પોતાના રાજ્યમાં ભાગવતધર્મ પ્રમાણે શાસન ચલાવી સહુ કોઈને સુખિયા કરે છે.

હે ભક્તો ! આ રૂપક નિમિત્તે પૂજ્ય સ્વામીએ ભક્તોએ મન સાથે કેવો વૈરભાવ રાખવો; તેને જીતવા માટે કેવી સમજણ રાખવી; કોના બળે મન સામે જીત મેળવવી ? આવી અનેક બાબતો પર પ્રકાશ પાડ્યો છે, જે મોક્ષાર્થી માટે અત્યંત ઉપયોગી છે.

## ગુણગ્રાહક

હે વ્હાલા સંતો–ભક્તો ! સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત હિન્દી ગ્રંથ 'ગુણગ્રાહક' નો રચના સમય અને સ્થળ વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી. આ ગ્રંથમાં કુલ ૧૦૧ દોહા છે. પૂજ્ય સ્વામીએ આ ગ્રંથમાં જગતની જે કોઈ વસ્તુમાં સારા ગુણો છે તે બતાવી જેના ફાયદા જણાવ્યા છે. ગુણિયલ જીવ – પ્રાણીમાત્રને સહુ કોઈ પસંદ કરે છે, દુર્ગુણીને નહિ. માટે ડાહ્યા માણસોએ પ્રભુને પ્રસન્ન કરવા માટે જીવનમાં સારા સદ્ગુણો અવશ્ય કેળવવા જોઈએ.

ગુણ ગ્રહણ કરવાની બાબતમાં પૂજ્ય સ્વામીએ તેમનો સિદ્ધાંત જણાવ્યો છે કે, જેનાથી ભગવાન સ્વામિનારાયણ રાજી થાય તથા જે તેની સેવામાં કામ આવે તેજ સહુથી શ્રેષ્ઠ ગુણ, વસ્તુ કે વ્યક્તિ છે. જો પ્રભુ અર્થે કામ ન આવે તો જગતની દૃષ્ટિએ ગમે તેવું સારું ગણાતું હોય, તોપણ આધ્યાત્મિક દૃષ્ટિએ તે નકામું છે. માટે ભગવાનના ભક્તોએ પોતાનું તન, મન, ધન અને આત્મા સહિત સર્વસ્વ શ્રીહરિની સેવા અર્થે જ કરી રાખવું તે સર્વોત્તમ ગુણ છે.

હે ભક્તો ! શબ્દમાં ગુણ અને અવગુણ છે. શુક, મેના, કોયલ અને હંસ જેવાં પક્ષીઓ પોતાના મધુર કંઠથી લોકોનું

રંજન કરે છે તો ઘુવડ અને કાગડો તેના કર્કશ અવાજથી ત્રાસ આપે છે. અગ્નિ પ્રકાશ આપી અનાજ પકવે છે તો એજ અગ્નિ દાવાનળ પણ સર્જે છે. ટૂંકમાં, પૂજ્ય સ્વામીનો ઉદ્દેશ એ છે કે માનવ જીવન દુર્લભ છે. તેનો ભગવાનની પ્રસન્નતા માટે ઉપયોગ કરવો અત્યંત જરૂરી છે. પાંચ ઈન્દ્રિયો વિષયમાં ન બહેકાવતાં તેને ધન્ય કરી લેવા ભગવાનના ધ્યાનમાં અને ભક્તિમાં જોડી દેવી જોઈએ.

## હરિવિચરણ

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિવિચરણ' ગ્રંથ હિન્દી ભાષામાં લખ્યો છે. આ ગ્રંથમાં કુલ આઠ વિશ્રામ અને ૩૪૨ ચરણો છે. અર્થાત્ ત્રણસો બેતાલીશ કડીઓ છે. આ ગ્રંથ રચનાનો સમય તથા સ્થળ ઉપલબ્ધ નથી.

આ હરિવિચરણ ગ્રંથમાં પૂજ્યપાદ નિષ્કુળાનંદ સ્વામીએ અખંડવૃત્તિ રાખવા માટે ચરિત્રોરૂપી ઉપાય દર્શાવ્યો છે. આદિનારાયણ અર્થાત્ પુરુષોત્તમ નારાયણ છપૈયા ગામમાં પ્રગટ થયા ત્યારથી તે અંતર્ધાન થયા ત્યાં સુધીનાં ચરિત્રોનું સંક્ષેપથી આ ગ્રંથમાં વિવરણ કરવામાં આવ્યું છે.

હે ભક્તો ! ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે તે મોટામાં મોટી પ્રાપ્તિ છે. તેનો સહેલામાં સહેલો ઉપાય શ્રીહરિનાં લીલા-ચરિત્રોનું ચિંતવન છે. તેમાં મુખ્યત્વે શ્રીજી મહારાજ જ્યાં જ્યાં વિચર્યા છે તે ગામ, શહેર તથા વનનો નામોલ્લેખ કરી શ્રીહરિની કલ્યાણયાત્રાનો ચિતાર આપ્યો છે.

હે વાચક મિત્રો ! શ્રીજી મહારાજની મૂર્તિ સાથે અખંડ વૃત્તિ રાખવાની ઈચ્છાવાળા માટે આ ગ્રંથ અમૃત સમાન છે. તેમાં પણ મુખ્યત્વે શ્રીહરિજી મહારાજ જ્યાં જ્યાં વિચર્યા છે તે ગામ, શહેર તથા વનનો નામોલ્લેખ કરી કલ્યાણ યાત્રાનો ચિતાર આપ્યો છે.

હે ભક્તો ! શ્રીહરિનાં આ ચરિત્રોનો મહિમા પૂજ્યપાદ નિષ્કુળાનંદ સ્વામીએ જ ગ્રંથના ઉપસંહારમાં આ રીતે ગાયો છે:–

*''અમૃતવત હૈ હરિકે ચરિત્ર, જ્યું સુધી ટેડી મંત્ર કરત પવિત્ર;*
*ઐસે જાન કે જાહ્નવી નાહના, શુદ્ધા શુદ્ધ વાકું જો'ન જાના.''*
*''જ્યું સુર સરિતા સબકું સુખરુપા, તૈસે હરિજશ અતિશે અનૂપા;*
*સો તો લગત હરિજનકું પ્યારા, કહત સુનત સો વારમવારા.''*

## અરજી વિનય

હે વ્હાલા સંતો–ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત હિન્દી ગ્રંથ 'અરજી વિનય' ના રચના સમય અને સ્થળની માહિતી તેમાં આપવામાં આવી નથી. ભગવાનને વિનયપૂર્વક દાસભાવે અરજી (પ્રાર્થના) કરવી તે 'અરજી વિનય' કહેવાય. આ ગ્રંથમાં કુલ ૧૦૯ કડીઓ છે.

હે ભક્તો ! આ નાનકડા ગ્રંથમાં પૂજ્યપાદ સ્વામીએ વહાલાનો વિયોગ વર્ણવી જલદી જલદી દર્શન દેવાની વિનંતી દોહરાવી છે. તેમાં બહુ વિનય–પૂર્વક આ અરજી કરી હોવાથી ગ્રંથનું નામ પણ અન્વર્થ જ રાખ્યું છે.

## કલ્યાણ નિર્ણય

હે વ્હાલા સંતો–ભક્તો ! આ ગ્રંથ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખેલ છે. આ ગ્રંથમાં ૧૮ (અઢાર) નિર્ણયો (અધ્યાયો) છે. તેનાં સોરઠા, દોહા અને ચોપાઈ ત્રણેય મળી કુલ ૫૪૨ કડીઓ છે. મોક્ષને ઈચ્છતો એક મુમુક્ષુ તથા આત્યંતિક મોક્ષને પામી ચૂકેલા એક મુક્ત સંત તે બે પાત્રોના સંવાદરૂપે આ ગ્રંથ રચવામાં આવ્યો છે. તેમાં પ્રશ્ન–ઉત્તર સ્વરૂપે આટલા વિષયો ચર્ચાયા છે:

(૧) કલ્યાણ એટલે શું ? તે એક જ પ્રકારનું હોય છે કે તેમાં અનંત ભેદ છે ? પૂજ્ય સ્વામીએ જ મહામુક્તરૂપે રહીને તેનો જવાબ આપ્યો છે: ''જીવનું જે લેવલ હોય તેનાથી કોઈ પણ સારું થાય તે તેનું કલ્યાણ થયું કહેવાય છે. તેમાં અસંખ્ય ભેદ છે.

જે એકવાર મળે પછી ક્યારેય ન ટળે એવું જે સર્વશ્રેષ્ઠ સુખ તે જ આત્યંતિક કલ્યાણ છે. અને એવા તો એક ભગવાન પુરુષોત્તમ નારાયણ જ છે. તેની સાક્ષાત્ પ્રાપ્તિ થાય તે જ આત્યંતિક મોક્ષ કહેવાય, પણ જે નાશવંત હોય તે સાચું કલ્યાણ કહેવાય નહિ.

હે ભક્તો ! પોતાનું આત્યંતિક કલ્યાણ કરવા ઈચ્છતા મુમુક્ષુઓ માટે આ ગ્રંથ અતિ મહત્ત્વનો છે. મુમુક્ષુને મોક્ષ માટે જે જે બાબત જરૂરી છે, તેના સ્પષ્ટ નિર્ણયો આ ગ્રંથમાં આપ્યા છે, તેથી આ ગ્રંથનું નામ 'કલ્યાણ નિર્ણય' સાર્થક થાય છે.

મોક્ષોપયોગી અનેક મુદ્દાઓ ઉપર પૂજ્ય સ્વામીએ આ ગ્રંથમાં સૈદ્ધાંતિક નિર્ણયો આપેલા છે. આ ગ્રંથ રચનાનો સમય તથા સ્થાન વિષેની માહિતી ઉપલબ્ધ નથી.

## અવતાર ચિંતામણિ

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ આ 'અવતાર ચિંતામણિ' નામના ગ્રંથમાં કુલ ૩૦ અવતારો અને એકત્રીશમાં સર્વાવતારી શ્રીહરિજીના અવતરણની ટૂંકમાં લીલા વર્ણવી છે. આ ગ્રંથમાં ફક્ત ૩૩ ચોપાઈ છે.

આ ગ્રંથ વડે સર્વોપરી શ્રીહરિએ અવતારો દ્વારા વાપરેલી સામર્થીને જાણવાથી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો મહિમા વધે છે. તેમજ અવતાર-લીલાનું સ્મરણ થાય છે. આ ગ્રંથનું તાત્પર્ય શ્રીહરિજી અવતાર નહિ, પણ સર્વનું કારણ અવતારી જ છે એટલું જણાય છે.

***''આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર;***
***પણ સર્વેના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ.''***

## ચિહ્ન ચિંતામણિ

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત 'ચિહ્ન ચિંતામણિ' ગ્રંથ હિન્દી ભાષામાં છે. તેમાં માત્ર ૧૬ ચોપાઈઓ જ છે ! આ ગ્રંથનું માળખું પણ 'અવતાર ચિંતામણિ' ગ્રંથના જેવું જ છે. તે ગ્રંથમાં પ્રભુના અવતારોની વાત હતી અને અહીં શ્રીહરિજીના બન્ને પગનાં તળિયે આવેલાં સોળ ચિહ્નોની વાત છે.

પૂજ્યપાદ સ્વામીજીએ શ્રીહરિનાં ચરણકમળમાં રહેલા ૧૬ ચિહ્‌નોનું ચિંતન કરનારાઓને ચિંતામણિની જેમ સર્વ અર્થની પ્રાપ્તિ વર્ણવી છે. દરેક ચિહ્‌નોનું ધ્યાન-ચિંતન કરવાનું ફળ આ ગ્રંથમાં અદ્‌ભૂત રીતે દર્શાવ્યું છે:-

*''પ્રભુપદ ચિહ્‌ન પ્રતાપશું, વ્યાપત નાહિ વિકાર;*
*ત્રિકોણ ચિહ્‌નકું ચાહિ તે, ત્રિવિધ તાપ તે જાય.''*

## પુષ્પ ચિંતામણિ

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ લખેલ આ નાનકડો ગ્રંથ ફક્ત ૩૧ દોહાનો છે. આ 'પુષ્પ ચિંતામણિ' હિન્દી ભાષામાં છે. એનો વિષય પુષ્પ (ફૂલ) છે. એક પ્રભુ વિરહિણી સખીનું રૂપક આ ગ્રંથમાં રજૂ કરવામાં આવ્યું છે. તે વડે પૂજ્ય સ્વામીએ પ્રભુપ્રેમની વિયોગ તથા સંયોગ અવસ્થાનું અદ્‌ભૂત વર્ણન કર્યું છે.

વસંતઋતુમાં ખીલેલાં ૩૧ પ્રકારનાં ફૂલોને યાદ કરી એક સખી પોતાના પ્રાણપ્રિય પિયુને પોકારે છે. વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીમાં પ્રેમનો આ અજોડ સમન્વય જોવા મળે છે.

*''કેસર ભીને કાનજી, ઘેર આયે ગોવિંદ;*
*પ્યારે પ્રીતમ ઉપરે, વારી નિષ્કુળાનંદ.''*

## લગ્ન શકુનાવલિ : સં. ૧૮૮૩ - ઈ.સ. ૧૮૨૭

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત 'લગ્ન શકુનાવલિ' ગ્રંથ હિન્દીમાં લખાયો છે. આ ગ્રંથ ફક્ત સતર દોહા (દુહા) નો છે. જ્યોતિષ શાસ્ત્રમાં અલગ-

અલગ પ્રકારનાં લગ્નો વર્ણવ્યાં છે. લગ્ન એટલે પોતાની ધરી ઉપર ફરી રહેલી પૃથ્વી કોઈ એક રાશિમાંથી પસાર થાય તેટલો સમય ? તે સમયને તેને રાશિના નામનું લગ્ન કહેવાય છે.

મોટે ભાગે બાળકની જન્મકુંડળી બનાવવામાં, કોઈપણ પ્રકારનું મુહૂર્ત જોવામાં કે પ્રશ્ન–ઉત્તર કરવામાં આ લગ્નનો ઉપયોગ કરવામાં આવે છે. તે તે લગ્નના યોગમાં મનુષ્યને કેવા–કેવા પ્રકારની શુભ કે અશુભ અસર થાય, તેનું આ ગ્રંથમાં વર્ણન કરવામાં આવ્યું છે. સંવત્ ૧૮૮૩ મહા સુદ–૨ (બીજ) ના રોજ આ ગ્રંથ લખાયેલ છે.

*''હમ નિશદિન ચિંતવત હૈ, પ્રગટ શ્રી સહજાનંદ;*
*સબ શકુનમેં સબ લગ્ન મેં, સદા હોત હૈ આનંદ.''*

## વૃત્તિવિવાહ

હે વ્હાલા સંતો–ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત 'વૃત્તિ–વિવાહ' માં ૨૦ પદ ગુજરાતીમાં લખાયાં છે. આ લઘુ ગ્રંથની રચના સમય અને સ્થળની જાણકારી આપવામાં આવી નથી. પૂજ્યપાદ સ્વામીએ રૂપક રચ્યું છે. શ્રીહરિજીને વર કલ્પ્યા છે અને વૃત્તિને વધુ (વહુ) તરીકે કલ્પના કરી છે. શ્રીહરિજી અને વૃત્તિને કેન્દ્રમાં રાખી લગ્નવિધિ અનુસાર ગવાયેલા આ ૨૦ પદ લગ્નઢાળમાં છે.

પૂજ્યપાદ સ્વામીજીએ આ ગ્રંથમાં જીવના રાગાત્મકભાવનો સદુપયોગ દર્શાવ્યો છે. અનાદિથી આ જીવને કોઈને પરણવાનો શોખ છે. ત્યારે સ્વામી કહે છે કે, 'પરણવા જેવા એક પુરુષોત્તમ નારાયણ જ છે. બીજા બધા અબળા છે; તેને પરણવાથી કશું જ મળવાનું નથી. વળી અંતે રંડાપો તો ખરો જ, માટે પ્રભુને

જ પોતાના સાચા પતિ માની તેની સાથે પૂર્ણ પ્રેમ કરી લેવો જોઈએ.

હે વ્હાલા વાચકો ! આપણી ચૈતન્યવૃત્તિરૂપી કન્યાના શ્રીહરિજી સાથે વિવાહ કરાવવાની આ ગ્રંથમાં અદ્‌ભૂત સાયકોલોજી બતાવી છે. લગ્ન કરતી વખતે જે જે વસ્તુ તથા વિધિઓનો ઉપયોગ હોય છે, તે તમામને પૂજ્ય સ્વામીએ આધ્યાત્મિક રૂપમાં ઘટાવી દીધું છે.

આ વૃત્તિ–વિવાહના વીશ પદના રાગ–ઢાળ પણ પ્રસિદ્ધ લગ્નગીત જેવા જ છે. પરમ વૈરાગી પૂજ્ય સ્વામીએ મુમુક્ષુઓના હિતને માટે આવા ગ્રંથો બનાવી અનહદ ઉપકાર કર્યો છે. આ ગ્રંથની કુલ ૧૨૦ કડીઓ છે.

## શિક્ષાપત્રી ભાષા

હે વ્હાલા સંતો–ભક્તો ! ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ વડતાલધામમાં સંવત્ ૧૮૮૨ (ઈ.સ. ૧૮૨૬) માં હરિમંડપ ખાતે ‘શિક્ષાપત્રી’ ગ્રંથની સંસ્કૃત ભાષામાં રચના કરી હતી. તેની ગુજરાતી પદ્યમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ચોપાઈ ઢાળમાં તેમજ દોહા ઢાળમાં રચના કરી છે. આ ગ્રંથની કુલ ૨૬૦ દોહા–ચોપાઈ છે.

## ભક્ત ચિંતામણિ : સંવત્ ૧૮૮૭ - ઈ.સ. ૧૮૩૧

હે વ્હાલા સંતો–ભક્તો ! ‘યથા નામ તથા ગુણ ધરાવતો મહાગ્રંથ એટલે ભક્તચિંતામણિ.’ સદ્‌ગુરુ શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ આ ગ્રંથ ગઢપુરમાં સંવત્ ૧૮૮૭ ઈ.સ. ૧૮૩૧ માં પૂર્ણ કરેલ છે. સ્વામીએ લખેલા તમામ ગ્રંથોમાં મોટામાં મોટો

અને વચનામૃત તુલ્ય પ્રમાણભૂત ગણાતો ગ્રંથ 'ભક્તચિંતામણિ' છે. આ ગ્રંથ પ્રાયઃ શ્રીહરિજીની હયાતીમાં અને તેમની આજ્ઞાથી લખાયેલ છે. એટલું જ નહિ, પરંતુ આ ગ્રંથ મોટા ભાગનો સ્વયં શ્રીહરિજીએ વાંચેલો છે.

આ ભક્તચિંતામણિ ગ્રંથમાં ૧૬૪ પ્રકરણ છે. કુલ મળી ૮૭૨૭ (આઠ હજાર સાતસો સત્તાવીશ) દોહા ને ચોપાઈઓ છે. પ્રથમ ૧૦૦ (સો) પ્રકરણમાં શ્રીહરિજીનાં જન્મથી આરંભીને સર્વે ચરિત્રોનું વિસ્તારથી વર્ણન છે. ૧૦૧ થી ૧૦૫ પ્રકરણમાં સ્વામિનારાયણ ભગવાનનો મહિમા અને સર્વોપરીપણું છે. ત્યારબાદ ૧૦૬ થી ૧૧૧ પ્રકરણમાં પંચવર્તમાનની વિસ્તારીને વાત કરી છે.

પછીના ૧૧૨ થી ૧૨૭ પ્રકરણમાં ૨૦ પ્રાંતના, પ્રાયઃ ૮૦૦ ઉપરાંત સ્થાનમાં રહેતા, ૭૦ જ્ઞાતિના, ૪૨૨૨ જેટલા મુખ્ય મુખ્ય સત્સંગી બાઈ-ભાઈઓની નામાવલિ આલેખી છે. જેમાં ૭૭૭ સોની, ૩૨૨ વાણિયા, ૧૨૦૦ ઈતર જ્ઞાતિના, ૧૭૬ પાર્ષદો તથા કર્મયોગી ભક્તોનાં નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ એક અભૂતપૂર્વ કાર્ય સ્વામીજીએ કર્યું છે. આજે પણ એ હરિભક્તોના વંશજો પોતાના પૂર્વજોનાં નામ ભક્તચિંતામણિ જેવા મહાગ્રંથોમાં વાંચી ગૌરવ અનુભવે છે.

હે વ્હાલા વાચકો ! પછીના ૧૨૮ થી ૧૫૮ પ્રકરણમાં પરચા અને છેલ્લા ૧૫૯ થી ૧૬૪ પ્રકરણમાં ધામવર્ણન, અંતર્ધાન લીલા, વિયોગ વર્ણન અને ગ્રંથ મહિમાનું વર્ણન કર્યું છે. સંપ્રદાયનું ગૌરવ સમજવા માટે તથા મહાપ્રભુ શ્રીહરિની ગરીમાં અને દિવ્ય લીલામાં ગરકાવ થવા માટે આ ગ્રંથ અનુપમ છે.

આષાઢી સંવત્ ૧૮૮૭ આસો સુદ તેરશ અને ગુરુવારના રોજ ગઢપુરધામમાં આ ગ્રંથનું કાર્ય પૂર્ણ થયેલ છે.

## નિર્બંધતા અને સજાગતા

હે વ્હાલા સંતો–ભક્તો ! એકવાર વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી મહાપ્રભુ શ્રીહરિજી સાથે સૌરાષ્ટ્રના લાકડિયા ગામની સીમમાંથી જઈ રહ્યા હતા. ત્યારે અચાનક રસ્તામાં પડેલ ઘણું બધું ધન જોવા મળ્યું ! એ સમયે નિષ્કુળાનંદ સ્વામીની પરીક્ષા ખાતર શ્રીજી મહારાજે તેમને કહ્યું: ‘‘સ્વામી ! આ દ્રવ્ય ઉપર તમે ઝાડા–પેશાબ કરો !’’ મહાપ્રભુની આજ્ઞા થતાં તુરંત કાંઈ પણ વિચાર કર્યા વિના સ્વામી ધન ઉપર ઝાડા–પેશાબ કર્યા !

આ પ્રસંગની નોંધ સ્વયં સ્વામીજી ચોસઠપદી ગ્રંથમાં લખતા જણાવે છે કે, ‘‘લોભ ઉપર મહા મુનિરાજ, આવિયા ઝાડે ફરી.’’ એકવાર ગઢપુરમાં પણ મુખમાં પ્રસાદ આપવા નિમિત્તે શ્રીહરિએ પૂજ્ય સ્વામીને મુખ ખોલવા કહ્યું હતું, પણ સ્વામી સજાગ હોવાથી મુખ ન ખોલતા હાથમાં આપવા વિનંતી કરી હતી, ત્યારે હરિએ મુઠી ખોલતા તેમાંથી રૂપિયાનો સિક્કો નીકળ્યો હતો !

હે ભક્તો ! પછી સ્વામીની પ્રશંસા કરતાં શ્રીહરિજી બોલ્યા હતા કે, ‘‘અમારા પાડ્યા પણ ન પડ્યા, તો માયાના પાડ્યા તો પડે જ કેમ ?’’ આ વાતની નોંધ લેતા ગઢડા અંત્યના ૨૬માં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, ‘‘આ મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે તેને સ્ત્રી–ધનાદિક પદાર્થનો જોગ થાય તો પણ એ ડગે નહિ.’’

હે ભક્તો ! એકવાર ગઢપુરમાં સંતો-ભક્તોની સભામાં શ્રીહરિને સદ્‌ગુરુ આત્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો હતો: ''હે મહારાજ ! જેને પંચવિષય બંધન ન કરી શકે તેવો પુરુષ કેવો હોય તેનાં લક્ષણ કહો.'' ત્યારે શ્રીહરિજીએ નિષ્કુળાનંદ સ્વામીને યાદ કરતાં કહ્યું હતું કે, ''જેની બુદ્ધિમાં ધર્માંશ વિશેષપણે વર્તતો હોય ને આસ્તિકપણું હોય... એવો જે હોય તે ગમે ત્યાં જાય તો પણ એને કોઈ પદાર્થ તથા સ્ત્રી આદિક તે બંધન કરી શકે નહિ.''

## જેવા વૈરાગી એવા જ પ્રેમી

હે વ્હાલા સંતો-ભક્તો ! સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીને જેવું વૈરાગ્યનું અંગ હતું, એવું જ પ્રેમનું અંગ પણ હતું, તે તેમના જીવનમાં જોવા મળે છે - જાણવા મળે છે. શ્રીહરિના વિયોગમાં એમનાં બનાવેલાં કીર્તનો એમની સાક્ષી પૂરે છે. એ સિવાય એક પ્રસંગ પણ જાણવા મળે છે, એ આપની સમક્ષ રજૂ કરું છું.

હે ભક્તો ! એક સમયે મૂળી મંદિરમાં સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી અતિ બીમાર હતા. તે સાલ હતી સંવત્ ૧૮૮૮ ની શ્રીજીના સખાની માંદગી સાંભળી યોગીરાજ ગોપાળાનંદ સ્વામી મૂળી જવા તૈયાર થયા, પરંતુ એક અગત્યનું કામ આવી જવાથી તેમણે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીને બોલાવ્યા અને બ્રહ્માનંદ સ્વામીની ખબર કાઢવા માટે મૂળી મોકલ્યા. તેમજ તેઓની સાથે બીજા દસ સંતો પણ મોકલ્યા.

દસ સંતો સાથે નિષ્કુળાનંદ સ્વામી ચાલતા-ચાલતા મૂળી નજીક પહોંચવા આવ્યા. રસ્તામાં ચાલતા-ચાલતા સ્વામી પોતે

બનાવેલાં 'સખી કારતક માસે કંથ, પીયુ ગયા પરહરી.' આ વિરહનાં કીર્તન બોલવા લાગ્યા. તેથી હૈયું ભરાઈ ગયું. હરિ પ્રત્યે હેત છલકાવા લાગ્યું, એટલે પૃથ્વી ઉપર પડી ગયા ! પછી તો જેમ ગાય વાછરડા માટે હિંહોરા કરે, તેમ હરિજી માટે હિંહોરા કરવા લાગ્યા !

આવો પ્રેમ જોઈ ત્યાંજ શ્રીહરિ સાક્ષાત્ પ્રગટ થઈ ગયા અને સ્વામીને માથે હાથ ફેરવી કહેવા લાગ્યા: ''સ્વામી ! આટલા બધા દિલગીર કેમ થાઓ છો ?'' ત્યારે સ્વામી કહેવા લાગ્યા: ''હે દયાળુ પ્રભુ ! તમારો વિયોગ સહન થતો નથી.'' ત્યારે મહાપ્રભુ બોલ્યા: ''હે સ્વામી ! અમે તો તમારી ભેગા જ છીએ, માટે મુંઝાશો નહિ. હવે તમે ઝટપટ મૂળી જાઓ. કેમ કે બ્રહ્માનંદ સ્વામીનો દેહ હવે રહે તેમ નથી.'' પછી નિષ્કુળાનંદ સ્વામીને શ્રીહરિ ભેટ્યા અને અદૃશ્ય થઈ ગયા. સ્વામી પણ રાજી થયા અને જલદી મૂળી આવીને બ્રહ્માનંદ સ્વામીને મળ્યા. પછી બ્રહ્માનંદ સ્વામી સં. ૧૮૮૮ જેઠ સુદ દશમે ધામમાં પધાર્યા.

## નિષ્કુળાનંદ સ્વામીનું ધામ-ગમન

હે વ્હાલા સંતો–ભક્તો ! શ્રીજી મહારાજે સ્વયં આજ્ઞા કરીને ધોલેરાધામનું મંદિર બંધાવ્યું અને જાતે જ બાથમાં લઈ મદનમોહન મહારાજ પધરાવી અનેક વરદાન આપ્યાં એવા પવિત્ર તીર્થ ધોલેરામાં અનેક પ્રકારની અગવડો હતી. કારણ કે એક તો સૂકો ભાલ પ્રદેશ અને પાણીની વિશેષ તંગી. એમાંય પાણી પીવાનું મીઠું પાણી લેવા માટે તો દૂર દૂર અનેક કિલોમીટર સુધી જવું પડતું, તેથી વૈરાગ્યવાળા સંતો હોય, આત્મનિષ્ઠાવાળા સંતો હોય એ જ ધોલેરામાં રહી શકતા.

આવા બન્ને સદ્‌ગુણો જેનામાં સાંગોપાંગ હતા એવા બૃહદ વૈરાગી નિષ્કુળાનંદ સ્વામી ધોલેરા ધામમાં વરસો સુધી રહ્યા હતા. સ્વામીને વૈરાગ્યનું વિશેષ અંગ હોવાથી એમની પાસે શિષ્યો બનવા કોઈ આવતું નહિ અને કોઈ મુમુક્ષુ આવે તો સ્વામીની રહેણી-કહેણીના કારણે જતા રહેતા ! કારણ કે સ્વામીનો ખોરાક જોઈએ તો બહુધા સ્વામી એક સાથે આઠ દિવસના બાજરાના જાડા રોટલા કરી વાળે અને પછી તારની અંદર ભરાવી ખુલ્લી હવા આવતી હોય ત્યાં લટકાવી દે, તેથી સુકાઈ જાય ! પછી એમાંથી દરરોજ બે રોટલા કાઢી છાશમાં પલાળી ચોળીને જમી જાય !

આટલો બધો વૈરાગ્ય હતો અને ટોકવાનો સ્વભાવ હતો, તેના કારણે એક શિષ્ય સાધુ મોરારચરણદાસ હતા તે પણ રાત્રીએ જતા રહ્યા હતા. જો કે ડૉ. ચંદ્રકાંતના મત મુજબ ધર્મપ્રકાશાનંદજી નામના એકબીજા સંત સ્વામીના શિષ્ય હતા. આવા પરમ વૈરાગી સાધુગુણ સંપન્ન સ્વામી ધોલેરામાં વર્ષો સુધી રહ્યા હતા અને અમુક વરસ તો ત્યાંની મહંતાઈ પણ કરી હતી !

હે ભક્તો ! સમય જતા સંવત્ ૧૯૦૪ ઈ.સ. ૧૮૪૮ (બીજા મતે ૧૯૦૩) ના અષાઢ વદ ૯ (નવમી) ના દિવસે ધોલેરામાં ૮૨ વર્ષની ઉંમરે સ્વામીએ સવારે સૌ સંતો-ભક્તોને બોલાવીને કહ્યું: ‘‘આજે સૌ વહેલાં જમી લેજો, બપોરે મારે ધામમાં જવું છે. તેથી સૌ જમીને બાર વાગ્યે સ્વામી પાસે આવ્યા. ત્યારે આખા મંદિરમાં તેજ છાઈ ગયું ! અને સૌને જય સ્વામિનારાયણ કહી સ્વામી શ્રીહરિ સાથે અક્ષરધામમાં પધારી ગયા.

## નાના ગોવિંદાનંદ સ્વામી : સંવત્ ૧૮૫૬

હે વ્હાલા સંતો–ભક્તો ! જામનગર જિલ્લાનાં ગામડાંઓનાં સમૂહને હાલાર પ્રદેશ કહેવામાં આવતો હતો. શ્રીજી મહારાજના સમકાલીન સમયમાં હાલાર પંથકમાં મોટા મોટા નવ મુક્તોએ જન્મ ધારણ કર્યા હતા. એ માહિલા એક એટલે શેખપાટ ગામના લાલજી સુતારના દીકરા માધવજીભાઈ.

લાલજી સુતાર એટલે સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી. સ્વામી જ્યારે ગૃહસ્થ હતા ત્યારે તેમનાં લગ્ન કંકુબાઈ સાથે થયા હતાં. સમય જતા હાલારી સંવત્ (આષાઢી સંવત્) ૧૮૫૬ માં પ્રથમ સંતાનનો જન્મ થયો હતો અને એમનું નામ માધવજી રાખવામાં આવ્યું હતું. ત્રણ વર્ષ જતાં હા.સં. ૧૮૫૯ માં કંકુબાઈએ બીજા પુત્રને જન્મ આપ્યો હતો અને તેનું નામ કાનજી રાખવામાં આવ્યું હતું.

તે કાનજીની ઉંમર બે વર્ષની હતી ત્યારે સંવત્ ૧૮૬૦ ની સાલમાં તેના પિતાજી લાલજી સુતાર શ્રીજી મહારાજની આજ્ઞાથી સંત બની ગયા હતા અને નિષ્કુળાનંદ સ્વામી તરીકે સૌ ત્યાગીઓને પ્રેરણાદાયી જીવનનો રાહ બતાવી પ્રગટ પ્રભુ શ્રીહરિનો રાજીપો પ્રાપ્ત કરી રહ્યા હતા.

હે વ્હાલા વાચકો ! સમય જતા માધવજીભાઈ મોટા થયા. તેઓ પણ સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી હતા અને પ્રગટ પ્રભુ ભગવાન શ્રી સ્વામિનારાયણના પરમ ભક્ત હતા. નિયમિત પૂજા–પાઠ કરતા અને સંતોનો સમાગમ કરી પોતાને કૃતાર્થ માનતા હતા.

સમય જતા તેમની ઉંમર ૧૮ વર્ષની થઈ. ત્યારે તેઓ શેખપાટ ગામથી ગઢપુર આવ્યા. એ સમયે સંવત્ ૧૮૭૪ ની સાલ હતી. ગઢડા આવી પ્રગટ પ્રભુ શ્રીહરિજીનાં દર્શન કરી ભાવ–વિભોર બની ગયા. પવિત્ર આત્મા હતો અને એમાંય પાછું ગઢપુરમાં દાદા બાપુના દરબારગઢનું પવિત્ર વાતાવરણ તેમજ ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી જેવા પવિત્ર સંતોનો સમાગમ ! આ ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાથી માધવજી ભક્તનું અંતર સત્સંગના રંગે રંગાઈ ગયું !

## સિંહના તો સિંહ જ હોય

હે સંતો–ભક્તો ! જ્યારે માધવજી ભક્ત ગઢપુર આવ્યા હતા ત્યારે શ્રીજી મહારાજે જીવુબાને કહ્યું હતું કે, ‘‘એક યુવાન ભક્ત આવ્યા છે, તેને તમારે ત્યાં જમાડવાના છે, માટે જમવા લઈ જાઓ.’’ પછી માધવજીને જીવુબા જમવા લઈ ગયા. પછી રસોડામાં જઈ જીવુબાએ થાળી તૈયાર કરી. તેમાં સૌથી નીચે બાજરાનો રોટલો મૂક્યો. પછી એ રોટલા ઉપર ઘઉંની કુણી–કુણી રોટલી મૂકી અને તેની સાથે કઢેલું દૂધ, અથાણું, શાક, અડદની દાળ અને છાશ વગેરે મૂકી થાળી તૈયાર કરી બહાર આવી માધવજી આગળ મૂકી જમવા કહ્યું.

ત્યારે અઢાર વર્ષનો ફૂટડો યુવાન માધવજી માનસી–પૂજા કરવા લાગ્યો. ત્યારબાદ થાળી સામે નજર કરી ઘઉંની રોટલી એક બાજુ મૂકી તેમજ કઢેલાં દૂધનો કટોરો પણ એક બાજુએ મૂક્યો. પછી બાજરાનો રોટલો અડદની દાળમાં બોળી છાશ સાથે જમવા લાગ્યા ! આવું જોઈને રસોડામાં ઊભેલાં મહામુક્ત મોટીબા આશ્ચર્ય પામી મંદ મંદ હસવાં લાગ્યાં !

હે ભક્તો ! સાદો ખોરાક જમીને માધવજી ભક્ત ઉતારે ગયા. ત્યારે ઉતાવળા પગે ચાલીને જીવુબા શ્રીજી મહારાજ પાસે આવીને પૂછવા લાગ્યાઃ ‘હે મહારાજ ! પેલા યુવાન ભક્તને મારી સાથે જમવા મોકલ્યો હતો તે કોણ છે ?’’ ત્યારે પ્રભુએ કહ્યું: ‘‘જીવુબા ! તમોએ એમની ઓળખાણ કેમ પૂછી ?’’

હે ભક્તો ! ત્યારે જીવુબાએ હસતાં–હસતાં કહ્યું: ‘‘હે પ્રભુ ! તેની યુવા ઉંમર છે, પણ ધીર–ગંભીર છે. આંખમાં ચંચળતા દેખાતી નથી. એટલું જ નહિ, પરંતુ મેં ઘીથી લથબથ રોટલી ચોપડીને ઉપર મૂકી હતી, તેને તેણે નીચે મૂકી દીધી અને નીચેથી કોરો રોટલો કાઢી અડદની દાળમાં બોળી છાશ સાથે ખાવા લાગ્યો ! તેજાના નાખેલું દૂધ પણ ન પીધું !’’ ત્યારે ખુશ થઈને મહાપ્રભુ બોલ્યાઃ ‘‘સિંહના તો સિંહ જ હોયને ?’’ આમ બોલી સર્વે વાત કરી.

## માધવજીમાંથી ગોવિંદાનંદ સ્વામી

હે વ્હાલા સંતો–ભક્તો ! ગઢડામાં માધવજી ભક્ત એક મહિનો રોકાઈને શ્રીહરિજીનો તેમજ સંતોનો સમાગમ કરી ઘેર જવા તૈયાર થયા. પ્રથમ શ્રીજી મહારાજનાં દર્શન કરી રજા લઈ ત્યાર પછી યોગીરાજ શ્રી ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને રજા માગી. ત્યારે સ્વામીએ કહ્યું: ‘‘માધવજી ભક્ત ! તમે નિષ્કુળાનંદ સ્વામી પાસે જાઓ અને ઘેર જવા રજા માગો !

ગોપાળાનંદ સ્વામીની આજ્ઞા થતાં જ માધવજી ભક્ત સંતોની ધર્મશાળામાં ગયા અને નિષ્કુળાનંદ સ્વામીને દંડવત્ કરીને કહ્યું: ‘‘હું અત્યારે ઘેર જાઉં છું, રાજી રહેજો.’’ સ્વામીએ નજર કરી એમનું નામ અને ગામનું નામ પૂછ્યું; તેથી

માધવજીએ ઓળખાણ આપી. એટલે સ્વામીને ખ્યાલ આવી ગયો કે, ''આ મારા પૂર્વાશ્રમનો પુત્ર છે તેથી મારે તેની સાથે વાત કરાય નહિ.' થોડીવાર મૌન રહ્યા પછી વિચાર આવ્યો: 'આવા પ્રગટ ભગવાનને છોડી એ ઘેર જાય છે ? ત્યાં પરણીને સંસારી થશે અને પછી પરિવારની પાછળ જિંદગી પૂરી કરી દેશે, માટે ઉપદેશ આપી સમજાવું કે પ્રગટ પ્રભુની સેવા કરી આત્યંતિક કલ્યાણ કરી લે.''

હે ભક્તો ! આવો વિચાર કરીને નિષ્કુળાનંદ સ્વામી સામે જોઈને કહેવા લાગ્યા: ''માધવજી ! સંસાર અસાર છે. જીવનું કોઈ સગું નથી. માનવ જન્મમાં પ્રગટ ભગવાન મળવા દુર્લભ છે, માટે સંસારનો ત્યાગ કરી શ્રીજી મહારાજ અને આવા પવિત્ર સંતોની સેવા કરી માનવ-જન્મ સફળ કરી લે.''

પરમ વૈરાગી પિતાની વાણી સાંભળી પુત્ર માધવજીએ ત્યાંજ સંકલ્પ કરી લીધો કે, 'હવે ઘેર જવું નથી. આજે જ સાધુ થઈ જવું છે.' આમ વિચારીને ફરી પાછા યોગીરાજ ગોપાળાનંદ સ્વામી પાસે ગયા અને બોલ્યા: ''મારે ઘેર જઈ સંસારી થવું નથી, માટે આજે જ મને દીક્ષા અપાવો.''

માધવજીભાઈનો સદ્‌વિચાર જાણીને સ્વામી ખૂબ પ્રસન્ન થયા અને તરત જ તેને લઈ શ્રીજી મહારાજ પાસે આવ્યા અને સર્વે વાત કરી કે, 'નિષ્કુળાનંદ સ્વામીએ વૈરાગ્ય ચઢાવી સાધુ કરવા કહ્યું છે.'

હે વાચક ભક્તો ! સર્વે વાત સાંભળી શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા અને (સંવત્ ૧૮૭૪ માં) વિધિ:સર ભાગવતી દીક્ષા આપી મહામંત્ર કાનમાં આપી નવી કંઠી અને જનોઈ

પહેરાવી. પછી પોતાના કંઠમાં પહેરેલ ગુલાબનો હાર તેમને પહેરાવીને બોલ્યાઃ ‘‘હે ગોપાળાનંદ સ્વામી ! તમે એમના ગુરુ થયા, તેથી આ નવા સાધુનું નામ પાડો.’’

શ્રીહરિજીની આજ્ઞા માની ગોપાળાનંદ સ્વામીએ તેમનું નામ નાના ગોવિંદાનંદ સ્વામી રાખ્યું. પછી ગોવિંદાનંદ સ્વામીએ પ્રથમ શ્રીજી મહારાજને દંડવત પ્રણામ કર્યા અને પછી ગોપાળાનંદ સ્વામીને દંડવત કર્યા; તેથી મહારાજ અને સ્વામી બન્ને ભેટ્યા અને બોલ્યાઃ ‘‘આ પ્રસાદીનો હાર પહેરી રાખીને પ્રથમ તમે નિષ્કુળાનંદ સ્વામીને દંડવત કરી આવો; પણ જ્યાં સુધી સ્વામી ઊભા થઈ બાથમાં લઈ ભેટે નહિ, ત્યાં સુધી દંડવત કરવાનું બંધ કરશો નહિ.’’

પ્રગટ પ્રભુ અને યોગીરાજની આજ્ઞા માની ગોવિંદાનંદ સ્વામી ફરીને નિષ્કુળાનંદ સ્વામી પાસે ગયા અને દંડવત કરવા લાગ્યા. ૧૦૦ (સો) દંડવત કર્યા ત્યારે વૈરાગ્યમૂર્તિ સ્વામી ઊભા થયા અને ભેટી પડ્યા ! પછી રાજી થઈ માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. પછી સ્વામી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય થઈ તેમના મંડળમાં કાયમ માટે રહ્યા હતા.

## સારંગપુરમાં આરતી ઉતારવા બાબત

હે વ્હાલા સંતો-ભક્તો ! સારંગપુરમાં વાઘા ખાચરની વિનંતીને કારણે યોગીવર્ય ગોપાળાનંદ સ્વામીએ સંવત્ ૧૯૦૫ આસો વદ પાંચમના દિવસે હનુમાનજી મહારાજ પધરાવ્યા, ત્યારે પ્રતિષ્ઠાની પ્રથમ આરતી કોની પાસે ઉતરાવી એ બાબતે સંપ્રદાયમાં અલગ-અલગ બે મત છે. સંપ્રદાયના સાહિત્યમાં પણ બે મત છે. કોઈમાં લખ્યું છે કે, ‘શુકાનંદ સ્વામી પાસે

આરતી ઉતરાવી તો કોઈમાં લખ્યું છે કે, ગોવિંદાનંદ સ્વામી પાસે આરતી ઉતરાવી ! શ્રીહરિલીલામૃત ગ્રંથના ૧૦ માં કળશના ૧૭ માં વિશ્રામમાં લખ્યું છે કે,

***''આરતી શુકાનંદે ઉતારી, એ સમે ઉત્સવ ભારી.''***

હે ભક્તો ! એક પ્રસંગમાં તો ત્યાં સુધી લખ્યું છે કે, 'જ્યારે શુકાનંદ સ્વામી આરતી ઉતારતા હતા, તે સમયે નાના ગોવિંદાનંદ સ્વામી સ્નાન કરવા ગયા હતા. પછી ગોપાળાનંદ સ્વામીએ ઉતારે આવીને કહ્યું: ''કષ્ટભંજનદેવ પધરાવી દીધા છે, માટે તમે દર્શન કરી આવો.'' તેથી ગોવિંદાનંદ સ્વામી દાદાનાં દર્શન કરવાં ગયા અને જ્યાં દંડવત્ કરવા લાગ્યા, ત્યાંતો મૂર્તિમાંથી હનુમાનજી મહારાજ બહાર નીકળ્યા !!

બહાર આવી દંડવત કરી રહેલા ગોવિંદાનંદ સ્વામીના હાથ પકડી ઊભા કરીને કષ્ટભંજનદેવ કહેવા લાગ્યા: ''હે ગોવિંદાનંદ સ્વામી ! તમારે મને દંડવત કરવા નહિ ! બેઠા બેઠા જ પગે લાગી લેવું; કારણ કે અમે પણ ગોપાળાનંદ સ્વામીને ગુરુ માનીએ છીએ અને તમારા ગુરુ પણ ગોપાળાનંદ સ્વામી છે, તેથી આપણે ગુરુભાઈઓ કહેવાઈયે, માટે તમારે હવે પછી દંડવત કરવા નહિ.''

આ પ્રમાણે કહીને હનુમાનજી મહારાજ કષ્ટભંજનદેવની મૂર્તિમાં સમાઈ ગયા ! આ પ્રસંગ બન્યો એ વાત ઉતારે જઈને ગોવિંદાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામીને કહ્યો. ત્યારે સ્વામી બોલ્યા: ''કષ્ટભંજનદેવ તો હાજરા-હજુર જ છે, તેથી તેમને પ્રગટ માની દર્શન કરવાં ને સેવા-પૂજા કરવી.

## ગોવિંદાનંદ સ્વામી અક્ષરધામમાં પધાર્યા

હે પ્રિય વાચકો ! નાના ગોવિંદાનંદ સ્વામી નૈષ્ઠિક બ્રહ્મચારી હતા તેમજ ખૂબ દૃઢતાપૂર્વક તેઓ સત્સંગના નિયમોનું પાલન કરતા હતા. જ્યાં સુધી યોગીરાજ ગોપાળાનંદ સ્વામી મનુષ્ય દેહે પૃથ્વી ઉપર રહ્યા, ત્યાં સુધી ગોવિંદાનંદ સ્વામી તેમની સાથે એક આદર્શ શિષ્ય બનીને રહ્યા હતા.

સમય જતા સંવત્ ૧૯૦૮ માં ગોપાળાનંદ સ્વામી વૈશાખ વદ પાંચમના દિવસે વડતાલધામથી અક્ષરધામમાં પધાર્યા પછી થોડા મહિના વડતાલમાં રોકાઈને જૂનાગઢ મંદિરમાં આવી સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞામાં રહી તેઓનો સમાગમ કરી સંવત્ ૧૯૨૩ ના આસો વદ બીજના દિવસે જૂનાગઢ મંદિરમાંથી પંચભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીજી મહારાજની સેવામાં અક્ષરધામમાં પધારી ગયા હતા.

‘‘કોટિ કોટિ વંદન કરીએ સદ્‌ગુરુ નાના ગોવિંદાનંદ સ્વામીને.’’



## ઉપસંહાર

### સંવત્ ૨૦૭૭ - ઈ.સ. ૨૦૨૧

હે વ્હાલા સંતો–ભક્તો ! સદ્ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનાં કીર્તનો બાબત સ્વામીની અઢાર રચનાઓનું સંપાદન કરતા પરમ શ્રિદ્ધાનંદ (શ્રીધરાનંદ) સ્વામીએ જે ચોપડો લખ્યો છે, તેમાં 'અઢી હજાર કીર્તન સોય રે.....' નો નિર્દેશ કરી પૂજ્ય સ્વામીનાં અઢી હજાર પદોની સંખ્યાનો ઉલ્લેખ કર્યો છે. આ સિવાય અનંતરાય રાવળે ગુજરાતી (મધ્યકાલીન) સાહિત્યમાં નિષ્કુળાનંદ સ્વામીનાં પદોની સંખ્યા ત્રણ હજાર બતાવી છે. વડતાલના શાસ્ત્રી શ્રી હરિજીવનદાસજી સ્વામીએ સ્વામીનાં પદોની સંખ્યા બે હજાર ગણાવી છે.

ડૉ. ચંદ્રકાંત ત્રિવેદીએ તેમના અધ્યયન ગ્રંથ 'સ્વામિનારાયણ સંપ્રદાયના કવિ નિષ્કુળાનંદ એક અધ્યયન' માં નિષ્કુળાનંદ સ્વામી રચિત ૨૪ ચાતુરીઓ પૃ. ૩૫૬ થી ૩૭૮ પર આપી છે. એમના મત મુજબ આ ૨૪ ચાતુરીઓ હજુ અપ્રકટ છે !

ડૉ. ત્રિવેદીએ લખ્યા મુજબ પ્રસ્તુત ચાતુરીઓ સ્વામીના શિષ્ય ધર્મપ્રકાશાનંદ સ્વામીએ સંવત્ ૧૯૧૩ ના ચૈત્ર સુદ પડવાને દિવસે ગુરુવારે પોતાના હસ્તાક્ષરોમાં ધોલેરાના

સ્વામિનારાયણ મંદિરમાં લખી છે. ૫૨૯ પાનાંના આ ગુટકામાં ધર્મપ્રકાશાનંદજીએ નિષ્કુળાનંદ સ્વામીની પ્રકટ થયેલી પુરુષોત્તમ પ્રકાશ વગેરે કૃતિઓ ઉતારી છે.

હે ભક્તો ! કાળી શાહીથી બાળબોધ લિપિમાં મોટા અક્ષરે લખાયેલા આ ગુટકાની એક જ પ્રત છે. જે સ્વામિનારાયણ મંદિર વડતાલના અ.નિ. આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અંગત પુસ્તકાલયમાં છે. આ ગુટકામાં લખાયેલી ૨૪ (ચોવીશ) ચાતુરીઓ ડૉ. ચંદ્રકાંત ત્રિવેદીએ એમનાં ગ્રંથમાં પ્રકાશિત કરી છે.

હે વ્હાલા વાચકો ! સદ્‌ગુરુવર્ય નિષ્કુળાનંદ સ્વામીએ પોતાની બહુમુખી પ્રતિભાથી શ્રીહરિજી મહારાજ અને સંતો–ભક્તોને ખૂબ જ રાજી કર્યા હતા. સંપ્રદાયના અનુયાયી ઉપર અનુપમ ઉપકાર કરી સ્વામી આષાઢી સંવત્ ૧૯૦૪ માં (ઈ.સ. ૧૮૪૮) અક્ષરધામમાં શ્રીજી મહારાજની સેવામાં પહોંચી ગયા હતા.

હે ભક્તો ! આ વિરલ વિભૂતિનું જીવન અનેક મુમુક્ષુઓને પ્રેરણાનાં પીયૂષ પાય છે. તેમનું આ દિવ્ય જીવન આપણા જીવનને ઉજાળે એ જ અભ્યર્થના સાથે તેમના પાવનકારી ચરણોમાં કોટિ કોટિ વંદન સાથે દંડવત પ્રણામ...

હે વ્હાલા વાચક સંતો–ભક્તો ! મેં વડતાલધામમાં આ પુસ્તકનું લેખનકાર્ય કરેલ છે. તેના ફળ સ્વરૂપે વડતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા વડતાલધામના સર્વે દેવો તેમજ સંતો–પાર્ષદો અને હરિભક્તો મારા ઉપર રાજી થાય એજ શુભ–ભાવના સાથે સૌ વાચકોને વડતાલધામથી લિખિતંગ સ્વામી બ્રહ્મસ્વરૂપદાસના હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

***: લેખન પ્રારંભ :***

વિ.સં. ૨૦૭૭ અષાઢ સુદ પૂનમ (ગુરૂ પૂર્ણિમા)

તારીખ : ૨૪–૭–૨૦૨૧

***: લેખન સમાપ્ત :***

વિ.સં. ૨૦૭૭ ભાદરવા સુદ ચોથ (ગણેશ ચતુર્થી)

તારીખ : ૨૪–૭–૨૦૨૧

***સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીનું જીવન ચરિત્ર સમાપ્ત***

નોંધ

## પૂ.સ્વામીનો પરિચય



હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સં. ૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રના જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. આ સિવાય સ્વામીએ વચનામૃતના ૧૦૮ પાઠ પણ કર્યા છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને "સત્સંગિજીવન સાગર મંથન" નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિકા 'શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ'માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે બનાવેલ કીર્તનોનું "પ્રગટના ગુણગાન" નામે પુસ્તક પણ પ્રકાશિત કરેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૨૩ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે.

## પૂ.સ્વામી દ્વારા લખાયેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | પ્રગટના ગુણગાન | ઈ.સ. ૧૯૯૪ |
| (૨) | જ્ઞાનસરિતા | ઈ.સ. ૧૯૯૫ |
| (૩) | સત્સંગિજીવન સાગરમંથન | ઈ.સ. ૧૯૯૭ |
| (૪) | મોહનજીને મળવાને | ઈ.સ. ૧૯૯૭ |
| (૫) | જીવન-યાત્રા | ઈ.સ. ૨૦૦૪ |
| (૬) | માનવતાના દીવડા | ઈ.સ. ૨૦૦૪ |
| (૭) | વાણી વિવેક | ઈ.સ. ૨૦૦૪ |
| (૮) | જીવન એક સ્નેહ ઝરણું | ઈ.સ. ૨૦૦૪ |
| (૯) | અમાનવીય ક્રૂરતા | ઈ.સ. ૨૦૦૪ |
| (૧૦) | શીલવંતા સંતો સાંભળજો | ઈ.સ. ૨૦૦૯ |
| (૧૧) | કીધો યજ્ઞ ડભાણમાં | ઈ.સ. ૨૦૧૦ |
| (૧૨) | માંગરોળમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૧૧ |
| (૧૩) | અધ્યાત્મ ડાયરી | ઈ.સ. ૨૦૧૨ |
| (૧૪) | લોજધામની લીલા | ઈ.સ. ૨૦૧૩ |
| (૧૫) | કૃપા-મુક્તિ | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૬) | મુક્તિના ઉપાયો | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૭) | લીલા લોયાધામની | ઈ.સ. ૨૦૧૬ |
| (૧૮) | ધરગામનો મહિમા | ઈ.સ. ૨૦૧૯ |
| (૧૯) | આદર્શ જીવન પ્રસંગો | ઈ.સ. ૨૦૧૯ |
| (૨૦) | આપણું વડતાલધામ | ઈ.સ. ૨૦૧૯ |
| (૨૧) | વચનામૃત સંપાદક ચાર સદ્‌ગુરુઓનાં "જીવન દર્શન" | ઈ.સ. ૨૦૨૦ |
| (૨૨) | કાલવાણીમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૨૨ |
| (૨૩) | સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામી | ઈ.સ. ૨૦૨૨ |



श्री लक्ष्मीनारायण देव

वडताल धाम

द्विशताब्दी २०० महोत्सव

सवंत् १८८१ से २०८१

१ से १५ नवे.- २०२४

-: પ્રકાશક :-


વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારી શ્રી પ.પૂ.સ.ગુ. શા. સ્વા. શ્રી સંતવલ્લભદાસ (Ph.D., D.Litt.)

શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન - વડતાલ

પીન. - ૩૮૭૩૭૫.

(0268) 2589728, 2589776 vadtaldhamvikas@gmail.com www.vadtalmandir.org